بِسْــــمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

# અહલે સુન્નત વ જમાઅત

ના મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

# માસિક બરકાતે ખ્વાજા

برکات خواجہ


**બરકાતે ખ્વાજા** (માસિક)

**૧-ઓગષ્ટ-૨૦૦૭**

રજબુલ મુરજ્જબ-શાબાનુલ મોઅઝ્ઝમ

હિજરી સન : ૧૪૨૮

વર્ષ : ૦૪, અંક : ૦૮, સળંગ અંક : ૪૪

★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧

Email : anjuman2006@hotmail.com


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫-૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦-૦૦ |
| વિદેશ માટે | £ | 15-00 |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦-૦૦ |
| આજીવન | રૂા. | ૩૦૦૦-૦૦ |
| વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| વિદેશ માટે આજીવન | £ | 250-00 |


★ માનદ તંત્રી ★

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc)


## મન્કબત દર શાને દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ

બીરપૂર પર છે છાયો, દરિયાઈ પીર શાહનો
દીદાર કરવા ચાલો, દરિયાઈ પીર શાહનો
આવી કરે ફરિશ્તા, જિન્નો બશર સલામો
છે ઉર્સ નૂરવાળો, દરિયાઈ પીર શાહનો
લાખોની સંખ્યામાં, હર ધર્મના મળે ત્યાં
મેળો છે નોખો, ન્યારો, દરિયાઈ પીર શાહનો
જિન્નાત, ભૂત, ડાકણ, જ્યાં કેદ થાય આવી
ચાલે છે ગયબી મારો, દરિયાઈ પીર શાહનો
પાણી છે બાવલીનું, બરકાતને ફયઝવાળુ
જેમાં છે ઘીનો ધારો, દરિયાઈ પીર શાહનો
વલીયો છે જેમ તારા ધરતીના ખૂણે ખૂણે
બીરપૂર છે ઈલાકો, દરિયાઈ પીર શાહનો
ગુજરાત તેમનાથી આબાદ છે જગતમાં
જેને છે એક સહારો, દરિયાઈ પીર શાહનો
બાધાઓ, આરઝૂઓ, શ્રદ્ધાથી થાય પૂરી
અદભૂત છે ઈશારો, દરિયાઈ પીર શાહનો
સંતોના નામથી પણ આસાન થાય કામો
દિલથી લગાડો નારો, દરિયાઈ પીર શાહનો
સેવા કરીને લોકો, કિસ્મત બનાવે દર પર
સેવક ઘણો છે પ્યારો, દરિયાઈ પીર શાહનો
રોઝામાં મનકબતના, અશઆર પઢ 'ગનીમત'
જોશે તું પણ નઝારો, દરિયાઈ પીર શાહનો

અઝ : જનાબ 'ગનીમત' બાલાસિનોરી

**નોંધ** આ સાથેના વર્તુળમાં લાલ ચોકડી હોય તો સમજવું કે તમારું લવાજમ પૂરું થયું છે. તો જલ્દીથી મોકલાવી દેવું.

# બરકાતે ખ્વાજા (માસિક) ઓગષ્ટ-૨૦૦૭

**વર્ષ : ૦૪** **અંક : ૦૮** **સળંગ અંક : ૪૪**


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **મેઅરાજુન્નબી અને મક઼ામે રસૂલ صلی اللہ علیہ وسلم** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી લેખ)* | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૧૦ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૨ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૪ |
| ૦૫. | નબી صلی اللہ علیہ وسلم ની સુન્નત અને આધુનિક વિજ્ઞાન | **કાર્યાલય** | ૧૬ |
| ૦૬. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૮ |
| ૦૭. | રહમતે દારૈન صلی اللہ علیہ وسلم ના શયદાઈ | **રજૂકર્તા** : ફરઝાના સાજિદ પટેલ–દયાદરા | ૨૦ |
| ૦૮. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : મૌલાના હકીમ મુહમ્મદ અસ્લમ શાહીન કાદરી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર મિસ્બાહી દયાદરવી | ૨૪ |
| ૦૯. | **ટેલીફોન તથા ઈન્ટરનેટ પર નિકાહ તથા તલાક** | **અઝ** : મુફતી અમીરહુસૈન અલીમી (જમદાશાહી)<br>**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી | ૨૬ |
| ૧૦. | હઝરત ઈમામ જાફર સાદિક رضی اللہ عنہ અને એક નાસ્તિક | **કાર્યાલય** | ૩૦ |
| ૧૧. | **નમાઝીઓ સાવધાન ! તમારી સફોને સીધી કરો !** | લેખક : હઝરત મૌલાના અબ્દુલમુબીન નોઅમાની<br>**અનુવાદક**: મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી દયાદરવી | ૩૧ |
| ૧૨. | અમેરિકી સૈનિકો કે વાસનામય વરૂઓ ! | **કાર્યાલય** | ૩૬ |
| ૧૩. | ફત્વા વિભાગ | **કાર્યાલય** | ૩૮ |
| ૧૪. | **'ઈસ્લામિક વોઈસ' કે 'ગેર ઈસ્લામિક વોઈસ' ?!** | **રજૂ.** ડો. અબ્દુન્નઈમ અઝીઝી–બરેલી શરીફ<br>**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી | ૩૯ |
| ૧૫. | **સાંપ્રદાયિક વિખવાદનો ઈલાજ મઝહબી પત્રકારત્વ** | **રજૂ.** મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી | ૪૩ |
| ૧૬. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૬ |


નોંધ : સ્થળ સંકોચને કારણે **'મેરેજ બ્યૂરો કોર્નર'** સમાવી શકયા નથી જે આવતા મહિને આવશે. (ઈન્શાઅલ્લાહ !)



# મેઅરાજુન્નબી અને મક઼ામે રસૂલ
## صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ

**તંત્રી લેખ.........**

હિજરતથી લગભગ પાંચ વરસ પહેલાં રજબ શરીફની સત્તાવીસમી રાતે સૈયદે આલમ ﷺ પોતાના કાકાની પુત્રી દૂધ બહેન હઝરત ઉમ્મે હાનીના ઘરમાં આરામ ફર્માવી રહ્યા છે. હઝરત જિબ્રઈલ علیہ السلام પચાસ હજાર ફરિશ્તાઓની જમાઅત તથા જન્નતી બુર્રાકને લઈને હાજર થાય છે. જુએ છે કે કાયનાતના શહેનશાહ, અલ્લાહની શ્રેષ્ઠ મખ્લૂક, રબ્બે કરીમના મહબૂબ ﷺ આરામ ફર્માવી રહ્યા છે, તો હાથ બાંધીને ઉભા થઈ જાય છે, અને વિચારી રહ્યા છે કે જો અવાજ આપીને જગાડીશ તો બેઅદબી છે ! સાચુ જ કહ્યું છે :–

**અદબ ગાહેસ્ત ઝેરે આસ્માં અર્ઝ અર્શ નાઝુકતર**
**નફ્સ ગુમ કર્દા મી આયદ જુનૈદો બાયઝીદ ઈંજા**

### અદબ શીખવી હોય તો જિબ્રઈલને પૂછો !

હે, ઈન્સાફપ્રિય, નિખાલસ દિલ વાંચકો ! અહીં એક મિનિટ રોકાઈ જાવ અને ઠંડા દિલથી વિચારો કે હુઝૂરે અકરમ ﷺનો મક઼ામ કેટલો મહાન છે કે કાયનાતનો ખાલિક તથા માલિક રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺને મેઅરાજમાં તેડવા માટે પોતાના અતિ મુકર્રબ ફરિશ્તા હઝરત જિબ્રઈલ علیہ السلامને મોકલે છે તો એ **મહાન ફરિશ્તો** બારગાહે રિસાલતમાં પહોંચીને કેટલો અદબનો ખયાલ કરે છે ! આપને આરામમાં ખલેલ પહોંચાડવાને, અવાજ આપી ઉઠાડવાને બેઅદબી સમજે છે ! **હાથ બાંધીને ઉભો રહી જાય છે.** પૂછો ! એ વહાબી, દેવબંદી, કહેવાતા અહલે હદીષો, મૌદૂદીઓને કે **શું હઝરત જિબ્રઈલ علیہ السلام હુઝૂરની તા'ઝીમમાં અદબભેર ક઼િયામમાં ઉભા રહી ગયા તો શું તેમણે શિર્ક કર્યુ ?!** હે અક્કલના ઓથમીરો ! જરાક તો સમજો કે ફરિશ્તાઓમાં જે રસૂલના મર્તબે છે તે મહાન ફરિશ્તા હઝરત જિબ્રઈલ علیہ السلام તમને રસૂલે ખુદા ﷺની તા'ઝીમનો દર્સ આપી રહ્યા છે, માટે આવો ! અને તૌબા કરી ઈસ્લામમાં ફરી દાખલ થઈ જાવ ! જુઓ આગળ વાંચો, અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત, રસૂલે પાક ﷺની તા'ઝીમની કેવી તા'લીમ હઝરત જિબ્રઈલ علیہ السلامને આપી રહ્યો છે :–

પરવરદિગારે આલમે ફર્માવ્યું, يَاجِبْرِيْلُ قَبِّلْ قَدَمَيْهِ **"હે જિબ્રઈલ ! મારા મહબૂબના બંને પગો ચૂમી લો !"** તો હઝરત જિબ્રઈલ علیہ السلامએ પોતાની કાફૂરી આંખો અને હોઠ હુઝૂર ﷺના મુબારક કદમો પર રાખી દીધા. સૈયદે આલમ ﷺ જાગૃત થયા તો હઝરત જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી : اِنَّ اللّٰهَ اشْتَاقَ اِلٰى لِقَائِكَ يَارَسُوْلَ اللّٰهِ "અલ્લાહ તઆલા આપની મુલાકાતનો મુશ્તાક છે."

## કોનો તરીકો અપનાવશો જિબ્રઈલનો કે વહાબીનો !

હે જાગૃત દિમાગ વાંચકો ! અલ્લાહ તઆલા પોતાના મુકર્રબ મહાન ફરિશ્તાને બારગાહે રસૂલની અદબની કેટલી પ્યારી તા'લીમ આપી રહ્યો છે ! ઉપરનાં વાક્યો ફરીથી વાંચો અને વિચારો ! જિબ્રઈલ અર્ઝ કરે છે કે, "હે મહબૂબ ! અલ્લાહ તઆલા આપની મુલાકાતનો મુશ્તાક છે !" હવે જરા એક મિનિટ માટે નીચેનાં વાક્યો પણ વાંચીને મનન કરો ને ફૈસલો કરે કે કોનું માનવું ?! ખુદાના હુકમ પ્રમાણે ચાલનાર ફરિશ્તાનું કે અંગ્રેજના ઈશારે ચાલનાર વહાબીઓનું ?!

"ઔલિયા તથા અંબિયા તથા ઈમામઝાદા, પીર તથા શહીદ એટલે જેટલા અલ્લાહના મુકર્રબ છે તેઓ માણસ જ છે, **આજિઝ (લાચાર) બંદા અને આપણા ભાઈ !** પણ અલ્લાહ તેમને મોટાઈ આપી જેથી તેઓ આપણા **મોટા ભાઈ** થયા. *(તકવિયતુલ ઈમાન, પેજ–૪૩, અઝ : દેવબંદી પેશ્વા ઈસ્માઈલ દહેલ્વી)*

"દરેક મખ્લૂક નાનો હોય કે મોટો (નબી કે વલી) તો અલ્લાહની શાન આગળ **ચમાર (મોચી, ખાલ્પા) કરતાં પણ અધિક ઝલીલ (નીચ)** છે." *(તકવિયતુલ ઈમાન, પેજ–૧૯)*

ભાઈઓ ! મોટા ભાઈ કરતાં બાપનો મકામ મોટો હોય છે, તો સહેજ કોઈને કોઈ વડાપ્રધાન, પ્રધાન કે મંત્રી કે ડી.એસ.પી., કલેક્ટર કે કેવળ પી.એસ.આઈ. કે પોલીસ જ તેડુ મોકલે તો બાપને પણ ઊંઘમાંથી ઝંઝોળી કાઢે ! તો મોટા ભાઈની તો વાત જ શું ?! અહીં તો અલ્લાહ તઆલાનું મુલાકાત માટેનું તેડુ યકીનન આપણાથી મહાન મર્તબાવાળા મહાન ફરિશ્તા થકી છે, છતાં તે રસૂલે પાક ﷺને ઝંઝોળતા નથી ! કારણ કે **તે રસૂલે પાક ﷺનો મર્તબો વહાબી જેમ મોટાભાઈ જેટલો નથી સમજતા ! રસૂલે પાક ﷺને આજિઝ (લાચાર) બંદા નથી સમજતા !** બલ્કે અલ્લાહના પ્યારા મહબૂબ સમજીને અતિશય તા'ઝીમ કરી રહ્યા છે. અને અલ્લાહ તરફથી પણ હુકમ નથી થતો કે, "હે જિબ્રઈલ ! તમે ક્યાં કિયામ કરીને શિર્ક કરવા લાગ્યા ! તૌબા કરો ! અને ઝટ દઈને ઉઠાડી દો !" નહીં ! અલ્લાહ પણ રસૂલે પાક ﷺની બારગાહનો અદબ શીખવાડી રહ્યો છે કે, "હે જિબ્રઈલ ! મારા મહબૂબના કદમોને ચૂમી લો !"

હે પ્યારા વાંચકો ! ફરીથી આ લખાણોને વાંચો અને ઈન્સાફ કરો કે રસૂલ માટે **ખાલ્પા–મોચીથી નીચ** જેવા શબ્દો લખવા, તો **શું રસૂલનો મઆઝલ્લાહ ! અલ્લાહની બારગાહમાં કોઈ જ મર્તબો નથી ?!** શું દેવબંદી પેશ્વા ઈસ્માઈલ દહેલ્વીની ઉપરોક્ત તા'લીમ રસૂલે પાકની તાઝીમ શીખવાડે છે કે આપની બારગાહની ગુસ્તાખી શીખવાડે છે ? શું તમે રસૂલે ખુદાને મોટાભાઈ સમજો છો ! અગર નહીં તો આજથી વહાબીઓથી રિશ્તા કટ કરો ! કે જે **રસૂલનો નહીં તે અમારો નહીં ! અને એ જ આશિકીની સનદ છે.** એમાં જ તમારી તથા તમારી ઔલાદની ઈમાનની સલામતી છે. સમજો ! દુનિયા ગમે ત્યારે અચાનક છોડવી પડશે અને કબ્રમાં, હશ્રમાં કોઈ બચાવનાર હશે તો રબના મહબૂબ ﷺની ઝાત જ હશે. માટે રસૂલે ખુદાની મહોબ્બત માટે તેમના સર્વ દુશ્મનોથી કિનારો કરી લો.

**ઉન્હેં જાના ઉન્હેં માના, ન રખ્ખા ગૈરસે કામ-લિલ્લાહિલ્ હમ્દ મૈં, દુન્યાસે મુસલમાન ગયા!**

## કાઈનાતની દરેક ચીજ રસૂલને ચાહે છે !

આવો દોસ્તો ! વિચારો ! જેના પગોને બોસો આપનાર જિબ્રઈલે અમીન علیہ السلام હોય કે જે સર્વ ફરિશ્તાઓના સરદાર છે, અને મુલાકાતનો મુશ્તાક તમામ સૃષ્ટિનો સર્જનહાર તથા માલિક હોય એની

શાનનો અંદાજો કોણ લગાડી શકે છે ! આવો હવે આગળ વધીએ :–

હુઝૂર ﷺ જાગૃત થયા તો હઝરત જિબ્રઈલ علیہ السلامએ સવારી પેશ કરી. એ બુર્રાક જન્નતમાં હુઝૂર ﷺના ઈશ્કમાં રડી રહ્યું હતું. જિબ્રઈલે સિત્તેર હજાર બુર્રાક જોયાં, દરેક બુર્રાક આરઝૂ રાખતું હતું કે સવારી માટે મને લઈ જવામાં આવે. જિબ્રઈલ વિચારી રહ્યા હતા કે કયુ બુર્રાક લઈ જાઉં ?! દરેક બુર્રાક બીજાથી હસીન છે. એવામાં આપની નજર એક બુર્રાક પર પડી જે માથુ ઝુકાવીને ચોધાર આંસૂંએ રડી રહ્યું હતું. જિબ્રઈલે કહ્યું, શા માટે રડે છે ? આજે તો અલ્લાહના મહબૂબનું આગમન થનાર છે ! જમીની તથા આસ્માની કાયનાતનો કણે કણ ઝુમી રહ્યો છે. બુર્રાકે કહ્યું, મારી તમન્ના પણ એ જ છે જે સર્વ બુર્રાકોની છે, હું પણ રડી રડીને બારગાહે રબમાં ઈલ્તેજા કરું છું કે મને પસંદ કરી લેવામાં આવે. સંક્ષિપ્ત એ કે તેનું રૂદન કબૂલ થાય છે અને હુઝૂર ﷺની સવારી માટે એને લઈ જવામાં આવે છે.

## હુઝૂરના ઉમ્મતીને ચાહનાર બંને જહાનમાં કામયાબ !

રિયાઝુલ અઝહાર, પેજ–૨૦૯માં છે કે હુઝૂર ﷺ બુર્રાક પર સવાર થતાં પહેલાં સહેજ અટક્યા તો જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આકા ! આ રોકાવાનો શો સબબ છે ? આપે ફર્માવ્યું, હું વિચારી રહ્યો છું કે આજે મારા પર નવાઝિશોનો ખાસ સમય છે, ફરિશ્તાઓ મારી ખિદમતના માટે હાજર છે, જન્નતી બુર્રાક મારી સવારીના માટે મૌજૂદ છે. પણ હશ્રના દિવસે મારી ઉમ્મતનો શો હાલ થશે ? પુલસિરાત જે પચાસ હજાર સાલની રાહ છે, બાલથી બારીક તથા તલ્વારથીય તેજ છે અને દરેકે તેના પરથી પસાર થવું પડશે. તો મારી ઉમ્મત એ સફરને કેવી રીતે પાર કરશે ?! ત્યારબાદ આપને ઉમ્મતને પુલસિરાતથી પાર કરાવવાની બશારત મળે છે તેને સાંભળ્યા બાદ આપ બુર્રાક પર સવાર થાય છે.

હે પ્યારા વાંચકો ! જરા ગંભીર બની જાવ ! અને વિચારો કે આજે કોઈને કોઈ મહાન હોદ્દો મળી જાય, કાંઈક દુનિયાની દૌલત મળી જાય, કોઈ ઈલેક્શન જીતી જાય ! કે દુનિયવી પ્રગતિ થઈ જાય તો છલકાઈ જાય છે, અને પૈસાની રેલમછેલ કરીને હરામ કાર્યોમાં પડીને અલ્લાહ વ રસૂલને ભૂલી જાય છે ! ગુનાહોના સમુદ્રમાં ડૂબકીઓ લગાડે છે, નાજાઈઝ હરામ કામોમાં ગુમ થઈ શૈતાની લિજ્જતોમાં પડી જાય છે. પૈસાદારો લાખોની રકમો ખર્ચીને શાદીની ખુશીમાં ગાંડા બનીને સરેઆમ શરીઅતના કાનૂનોની ધજ્જીઓ ઉડાડતા હોય છે ! હે મુસલમાનો ! જરા વિચારો ! નબીએ પાક ﷺના માટે મેઅરાજનો આ પ્રસંગ કેટલી ખુશીનો પ્રસંગ છે છતાં સરકાર ﷺને પોતાની ઉમ્મતની કેટલી લાગણી છે કે એ પ્રસંગે પણ ઉમ્મતની બખ્શિશ, ઉમ્મતની નજાતની ફિકર કરી રહ્યા છે. **ખરેખર આપણે હુઝૂર ﷺના સાચા ઉમ્મતી છીએ, બાગી નથી, તો આપણે પણ ગમ હોય કે ખુશી હર પ્રસંગે હર પળે રસૂલે પાક ﷺની ખુશીનો ખયાલ કરવો જોઈએ** અને જેનાથી રસૂલે પાક ﷺનારાજ થાય તે કામો, હરામ કામો, કાળાં કામો, લાંચ, વ્યાજ, હરામ રોજી, હરામ જોવાથી બોલવાથી વગેરે ગુનાહિત કામોથી દૂર રહેવું જોઈએ.

## નબીની બરાબરીના દાવેદારોને ચેલેંજ !

કેટલાક લોકોનો અકીદો છે કે, "નબી આપણી જેવા જ માણસ છે." (તકવિયતુલ ઈમાન) તો એવા લોકો આટલુ કરશે ?!

આપણા નબી ﷺ બુર્રાક પર સવાર થઈને તશરીફ લઈ ગયા. ''બુર્રાક''એ ''બર્ક''થી બનેલ છે અને બર્કનો અર્થ છે વીજળી. કુર્આને કરીમમાં છે : يَكَادُ الْبَرْقُ يَخْطَفُ اَبْصَارَهُمْ ''નજીક હતું કે વીજળી તેમની નિગાહોને ઊંચકી લેતી.''

બર્કનો અર્થ વીજળી થાય છે અને અરબી બોલીમાં છે કે શબ્દોનું અધિક હોવું અર્થની અધિક્તા પુરવાર કરે છે. એ જ રીતે શબ્દ ''બુર્રાક''થી વીજળીના અર્થમાં અધિક્તા મુરાદ છે. તો **જે લોકો હુઝૂરે અકરમ ﷺને ''પોતાની જેવા બશર માણસ'' કહે છે તેમણે જોઈએ કે કેવળ એક જ વાર વીજળીના ખુલ્લા તારને હાથ લગાડી આપે !** ઈન્શાઅલ્લાહ ! મસ્અલો હલ જ નહીં પણ ખત્મ જ થઈ જશે.

## શું આ ગૈબનો ઈલ્મ નથી !

વાતાવરણ ખીલી ઉઠયું, ચોતરફ નૂર જ નૂર ફેલાતુ ચાલ્યું. સૈયદે આલમ ﷺની સવારી ખૂબ જ શાનો શૌકતની સાથે ફરિશ્તાઓના જુલૂસમાં મસ્જિદે હરામથી નીકળી. વાકયો ખૂબ જ વિશાળ છે અસંખ્ય બનાવો હુઝૂર ﷺની શાન દર્શાવતા છે જેનો પૂરો સમાવેશ આ ટૂંકા લેખમાં શકય નથી પણ સંક્ષિપ્ત વર્ણન જોતા ચાલીએ. હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂરે અકરમ ﷺનો ઈર્શાદ છે કે, હું મેઅરાજની રાત્રે એક લાલ ટેકરી પરથી પસાર થયો તો જોયું કે ત્યાં મૂસા علیہ السلامની કબર છે અને આપ પોતાની કબરમાં ઊભા થઈને નમાઝ પઢી રહ્યા છે. શું આ ગયબનો ઈલ્મ નથી ? વળી અહીં પ્રશ્ન ઉભો થાય છે કે હુઝૂરે અકરમ ﷺ બુર્રાક પર જઈ રહ્યા હતા અને હઝરત મૂસાને કબરમાં નમાઝ પઢ તાં જોયા, તો પછી મસ્જિદે અકસામાં અંબિયા સાથે કઈ રીતે થઈ ગયા અને વળી છટ્ઠા આસ્માને કઈ રીતે પહોંચી ગયા ? કેમ કે આ સફરમાં હુઝૂરે અકરમ ﷺની બંને જગાએ આપથી મુલાકાત થાય છે.

## એક સમયે અનેક જગાએ હોવું એ શાને અંબિયા વ અવલિયા છે !

એનો જવાબ એ છે કે મૂસા علیہ السلامએક જ સમયે પોતાની કબરમાં પણ હતા અને મસ્જિદે અકસામાં પણ અને છટ્ઠા આસ્માન પર પણ. અને અંબિયાએ કિરામ એક જ સમયે કેટલીયે જગાએ મૌજૂદ હોઈ શકે છે એના માટે અસંખ્ય દલીલો મૌજૂદ છે. ખૂદ મોલ્વી અશરફઅલી થાનવીએ ''ઈત્વારુલ મોહસિનીન''માં એટલે સુધી લખ્યું છે કે, ''એક વલી અલ્લાહ જે ખિઝરલ મજઝૂબના નામથી મશ્હૂર હતા તે ૩૦ વિવિધ શહેરોમાં જુમ્આની નમાઝમાં મૌજૂદ હતા.'' તો પછી અંબિયાની તો વાત શું થઈ શકે ?!

જોત જોતામાં બૈતુલ મુકદસ આવી ગયું ત્યાં આદમ علیہ السلامથી લઈને ઈસા علیہ السلام સુધી સર્વ નબીઓ તથા રસૂલો સફો બાંધીને આપના ઈંતેઝારમાં ઉભા હતા. મુસલ્લો ખાલી હતો. નબીઓના સરદાર મુસલ્લા પર જલ્વા અફરોઝ થયા. જિબ્રઈલે મકામે સખરા પર અઝાન પઢી. સુબ્હાનલ્લાહ ! જે નમાઝનો મોઅઝ્ઝિન ફરિશ્તાઓનો સરદાર હોય અને ઈમામ રસૂલોનો સરદાર હોય અને મુક્તદીઓ નબીઓ તથા રસૂલો હોય એ નમાઝની શાનનો કોણ અંદાજો લગાડી શકે છે !

**નમાઝ અકસામેં જબ પળ્હાઈ તો અંબિયા ઔર રુસૂલ બોલે**
**નમાઝ હો તો નમાઝ ઐસી ઈમામ હો તો ઈમામ ઐસા !**

## ''હબીબ'' અને ''કલીમ''નો તફાવત

આપણા આકા ﷺની શાન તો જુઓ ! 'નુઝહતુલ મજાલિસ'માં છે કે એક દિવસે હઝરત મૂસા علیہ السلامએ અલ્લાહ તઆલાની બારગાહમાં અર્ઝ કરી કે, હું તારો ''કલીમ'' છું અને મુહમ્મદ મુસ્તફા ﷺ તારા ''હબીબ'' છે. તો ''કલીમ'' અને ''હબીબ''માં શું ફર્ક છે ? અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : 'કલીમ' તે છે જે ખૂદ તૂર (પહાડ) પર આવે અને અર્ઝ કરે, યા અલ્લાહ ! હું તને જોવા ચાહું છું ! તો હું કહી દઉં, ''તમે નથી જોઈ શક્તા.'' અને ''હબીબ'' તે છે જે પોતાના આરામના બિસ્તર પર આરામ કરતા હોય અને મારી તરફથી મુલાકાતનો તકાઝો થઈ રહ્યો હોય અને જિબ્રઈલ અર્ઝ કરે કે, ''યા રસૂલલ્લાહ ! અલ્લાહ તમારી મુલાકાતનો મુશ્તાક છે !''

**ખુદા કી રઝા ચાહતે હૈં દો આલમ-ખુદા ચાહતા હૈ રઝાએ મુહમ્મદ ﷺ**

## આસ્માનોમાં આપની ઈજ્જતનો મકામ !

મસ્જિદે અકસાથી ફરાગત બાદ બુલંદીની સફર શરૂ થાય છે. હુઝૂરે અકરમ ﷺ ફર્માવે છે કે ثُمَّ عُرِجَ بِي ''પછી મને ઉપર લઈ જવામાં આવ્યો.'' આંખના પલકારામાં પહેલુ આસ્માન આવી પહોંચ્યું. જિબ્રઈલે દરવાજો ખટખટાવ્યો તો દરવાને કહ્યું, કોણ ? કહ્યું, જિબ્રઈલ ! દરવાને કહ્યું, તમારી સાથે કોણ છે ? જિબ્રઈલે કહ્યું, મુહમ્મદ ! (ﷺ) દરવાને કહ્યું, મરહબા ! દરવાજો એમના જ માટે ખોલવામાં આવશે. પ્રથમ આસ્માને હઝરત આદમે આપને ખુશ આમદિદ કહ્યું. એ જ પ્રમાણે બીજા આસ્માન પર હઝરત યહ્યા علیہ السلام તથા ઈસા علیہ السلامએ મેઅરાજની મુબારકબાદ આપી. ત્રીજા પર યૂસુફ علیہ السلام, ચોથા પર હઝરત ઈદરીસ علیہ السلام, પાંચમા પર હઝરત હારૂન علیہ السلام, છટ્ઠા પર હઝરત મૂસા علیہ السلام અને સાતમા પર હઝરત ઈબ્રાહીમ علیہ السلام સાથે મુલાકાત થઈ. આમ મુબારકબાદીઓ લેતા લેતા સિદરતુલ્ મુન્તહા સુધી પહોંચ્યા. અહીં પહોંચીને હઝરત જિબ્રઈલે અર્ઝ કરી,

''જો હું એક વાળ બરાબર પણ આગળ જાઉં તો અલ્લાહના અન્વાર તથા તજલ્લીઓથી મારી પાંખો સળગી જાય ! આ મારા મક઼ામની અંતિમ સીમા છે.''

## જ્યાં કોઈ ન ગયું ન જશે ત્યાં રસૂલ ગયા !

જિબ્રઈલ علیہ السلامએ એવું નથી કહ્યું કે, યા રસૂલલ્લાહ ! ﷺ હવે આગળ ન જશો ! કેમ કે જ્યારે મારા જેવા મહાન ફરિશ્તાએ આગળ જવું શક્ય નથી તો તમે તો માણસ જેવા માણસ છો ! તમે કેવી રીતે જઈ શકો ! નહીં ! કેમ કે **જિબ્રઈલ રસૂલુલ્લાહ ﷺને પોતાના જેવા કે લાચાર બંદા સમજતા ન હતા !** પણ જાણતા હતા કે **આપને ખુદાએ અગણિત કમાલો તથા ઈખ્તિયારો આપેલા છે.** આ સ્થળે તૌબા માટે સુંદર મોકો છે તે લોકો માટે જેઓ હુઝૂરને મઆઝલ્લાહ ! આપણા જેવા માણસ, લાચાર બંદા સમજે છે. કેમ કે કુલ મખ્લૂકમાં અલ્લાહે કોઈને આ મકામ નથી આપ્યો જે નબી કરીમ ﷺને આપ્યો છે. તો જ્યારે અલ્લાહ તેના મહબૂબ ﷺને મહાન મર્તબા આપે છે પછી દુશ્મનો શા માટે જહન્નમમાં સળગતાં પહેલાં અહીં સળગી રહ્યા છે ! અલ્લાહ પાક ગુમરાહોને સમજ આપે અને તૌબાની તૌફીક આપે. (આમીન)

## ઉમ્મતે રસૂલથી મહોબ્બત કરો !

જ્યારે હઝરત જિબ્રઈલે સિદરતુલ્ મુન્તહા આગળ વધવાથી લાચારી દર્શાવી તો હુઝૂર ﷺએ તેમને કહ્યું કે, જિબ્રઈલ ! તમે મારા દાદા હઝરત ખલીલુલ્લાહ علیہ السلامને (જ્યારે નમરૂદ આગમાં ફેંકી રહ્યો હતો ત્યારે) કહ્યું હતું કે, "હું ત્યાં જઈ શકુ છું જ્યાં કોઈ નથી જઈ શક્તું !" જુઓ ! આજે હું ત્યાં જઈ રહ્યો છું જ્યાં તમે પણ નથી જઈ શક્તા ! કોઈ પયગામ આપો જેથી અલ્લાહ તઆલાની બારગાહ સુધી પહોંચાડી દઉં. ત્યારે હઝરત જિબ્રઈલે અર્ઝ કરી કે, "હુઝૂર ! મને એ મંજૂરી અપાવી દો કે જ્યારે આપની ઉમ્મત પુલસિરાત પરથી પસાર થવાની હોય ત્યારે હું મારી પાંખોને બિછાવી દઉં અને તમારી ઉમ્મત તેના પરથી પસાર થઈ જાય."

હે ઝિંદા દિલ વાંચકો ! જો તમને પણ રસૂલે પાક ﷺની મહોબ્બતનો દાવો છે, આશિકે રસૂલ હોવાના નારા મારો છો ! તો સાંભળો ! હઝરત જિબ્રઈલ علیہ السلامને રસૂલે પાક ﷺથી મહોબ્બત હતી એટલે આ પ્રસંગે રસૂલે પાકને રાજી કરવા તેમની ઉમ્મતની લાગણી દર્શાવી અને આપની ઉમ્મત જહન્નમમાં ગબડી જાય તેની ચિંતા વ્યક્ત કરી તેને બચાવવા માટે ક઼િયામતમાં પુલસિરાત પર પોતાની પાંખો બિછાવવાની તમન્ના જાહેર કરી. કેમ કે જિબ્રઈલ જાણતા હતા કે સરકાર ﷺ પોતાની ઉમ્મતને ખૂબ જ ચાહે છે અને તેને જહન્નમથી બચાવનાર પર ખૂબ જ ખુશ થાય છે.

તો હે મુસલમાનો ! આપણે પણ અલ્લાહ તઆલા તથા સરકાર ﷺની ખુશ્નુદી પ્રાપ્ત કરવા ચાહતા હોઈએ તો આપણે પણ સરકાર ﷺની ઉમ્મતને જહન્નમમાં જતી બચાવવા ખરા દિલથી કોશિશમાં લાગેલા રહેવું જોઈએ. કોઈ અક઼ીદા બર્બાદ કરી કરી રહ્યું હોય તો તેને અક઼ીદાની સમજ આપવા સચોટ કિતાબો આપો, કોઈ અમલો બર્બાદ કરી જહન્નમમાં પડી રહ્યું હોય તો તેને મહબ્બતે રસૂલનો વાસ્તો આપી નેક અમલો તરફ બોલાવો, તો અલ્લાહ પણ રાજી થશે અને રસૂલ પણ રાજી થશે.

**સિદરાસે આગે કૌન ગયા જિબ્રીલે અમીંસે પૂછો**
**મેઅરાજ કા દુલ્હા કૌન બને જિબ્રીલે અમીંસે પૂછો**

મઆરિજુન્નબુવ્વતમાં છે કે, "પછી હુઝૂર ﷺએ ફર્માવ્યું કે હું એકલો રવાના થયો અને ઘણા બધા હિજાબો (પર્દા) પાર કર્યા એટલે સુધી કે સિત્તેર હજાર હિજાબોએ થઈને પસાર થયો. દરેક હિજાબની જાડાઈ પાંચસો વરસના માર્ગ જેટલી હતી, અને બે હિજાબો વચ્ચે પાંચસો વરસનું અંતર હતું. એક રિવાયતમાં છે કે હુઝૂર ﷺની સવારી બુર્રાક સિદરા સુધી આવી રોકાઈ ગઈ તો ત્યાં લીલા રંગનું "રફ રફ" જાહેર થયું જેની રોશની સૂર્યની રોશનીને મંદ પાડી દે છે. આપ તેના પર સવાર થયા અને ચાલતા રહ્યા ત્યાં સુધી કે અર્શના પાયા સુધી પહોંચ્યા.

મવાહિબે લદુન્નિયહ્ (પેજ–૩૪)માં છે કે જ્યારે હુઝૂર ﷺ અર્શની નજીક પહોંચ્યા તો અર્શે આપનો દામન થામી લીધો. આગળ હિજાબો જ હિજાબો હતા તમામ પર્દા ઉઠાવી લેવામાં આવ્યા. છેવટે એક મક઼ામ આવ્યો જ્યાં મહોબ્બતભર્યી સદા આવી રહી હતી : اُدْنُ مِنِّی "નજીક આવો !" મકામે **દના**થી પસાર થયા તો મક઼ામે **ફતદલ્લા** પર પહોંચ્યા, ત્યાંથી પસાર થયા તો **ક઼ાબ ક઼ૌસૈન** પર

બિરાજમાન થયા, પછી **અવ અદના** પર. આ સૌથી વિશેષ કુર્બત (નિકટતા) છે. હદીષમાં છે કે, "પછી હુઝૂર ﷺએ પોતાના રબના દીદાર (માથાની આંખો વડે) કર્યા. તેણે આપના બંને ખભાઓ વચ્ચે પોતાનો દસ્તે કુદરત રાખ્યો જેનાથી આપે સીનામાં ઠંડક અનુભવી અને જમીન તથા આસ્માનની સર્વ ચીજો જાણી લીધી." *(મિશ્કાત શરીફ, પેજ-૬૮)*

## મેઅરાજનો તોહફો નમાઝ છે એને ન તરછોડશો !

અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺના ઉમ્મતીઓ માટે મેઅરાજ અતા ફર્માવી અને તે મેઅરાજ છે નમાઝ. اَلصَّلٰوةُ مِعْرَاجُ الْمُؤْمِنِيْنَ "નમાઝ મો'મિનો માટે મેઅરાજ છે." એ પ્રસંગ વારંવાર આપે વાંચ્યો સાંભળ્યો હશે કે હુઝૂર ﷺની ઉમ્મતને ૫૦ નમાઝો દરરોજની આપવામાં આવી જે હઝરત મૂસા علیہ السلامના કહેવા પર આપે રબથી કમ કરાવી છેવટે પાંચ રહી ગઈ. અહીં પણ વસીલાના મુન્કિરોને જણાવીએ કે પાંચ નમાઝો થવા માટે વસીલો તથા સબબ હઝરત મૂસા علیہ السلام બન્યા તો તમે તો વસીલાના મુન્કિરો છો તો ૫૦ નમાઝો પઢી બતાવો અથવા વસીલાનો સ્વીકાર કરી લો.

આ ઉપરાંત અલ્લાહ તઆલાએ રસૂલે કરીમને જ્યારે મેઅરાજમાં બોલાવ્યા તો શું ઈનામો ઈકરામ, કેવા કેવા ઈલ્મો તથા અધિકારો આપ્યા હશે તે સમજી શકાય છે, કેમ કે દુનિયાનો ફાની માલદાર કે દેશનો વડો કોઈનું સન્માન કરે છે તો પુષ્કળ તોહફાઓ તથા માનથી નવાઝે છે તો રબ્બે કાઈનાતની અતાની ગણત્રી કોણ કરી શકે છે !

મેઅરાજ શરીફ એ સરકાર ﷺનો મહાન મો'જિઝો છે કે આ સફરમાં આપે સર્વ આલમો જન્નત, જહન્નમ, અર્શ અને તેની આગળ લામકાંની સૈર કરી છતાં એ એટલા ટૂંકા અરસામાં શક્ય બન્યું કે જ્યારે આપ મક્કા શરીફ પરત આવ્યા તો સાંકળ પણ હાલી રહી હતી, બિસ્તર ગરમ હતું અને વુઝૂનું પાણી વહી રહ્યું હતું. *(તફસીરે રૂહુલ મઆની, ભાગ-૧૫, પેજ-૧૨)* સુબ્હાનલ્લાહ !

હે રસૂલે પાક ﷺના ઉમ્મતીઓ ! મેઅરાજમાં પણ હુઝૂર પોતાની ઉમ્મતને ન ભૂલ્યા. હુઝૂરે રબની બારગાહમાં અર્ઝ કરી : اَلتَّحِيَّاتُ لِلّٰهِ وَالصَّلَوٰتُ وَالطَّيِّبَاتُ "સર્વ ઈબાદતો કવલી, બદની અને માલી અલ્લાહ માટે છે."

અલ્લાહે ફર્માવ્યું : اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَ بَرَكَاتُهٗ "સલામતી થાય તમારા પણ હે નબી ! (યા નબી !) અને અલ્લાહની રહમત તથા તેની બરકતો." હુઝૂર ﷺએ એ સલામ, રહમત તથા બરકતમાં પોતાની ઉમ્મતને પણ સામેલ કરતાં. અર્ઝ કરી : اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِ اللّٰهِ الصّٰلِحِيْنَ "સલામ નાઝિલ થાય અમારી ઉપર અને ખુદાના નેક બંદાઓ ઉપર."

**ગુબાર બનકર નિષાર જાએં, કહાં અબ ઉસ રહગુઝર કો પાએં**
**હમારે દિલ, હુરીયોં કી આંખેં, ફરિશ્તોં કે જહાં પર બિછે થે**

**ચેતવણી** : મેઅરાજ શરીફ મસ્જિદે હરામથી મસ્જિદે અકસા સુધીનો મુન્કિર (નકારનાર) **કાફિર** છે કેમ કે જેના માટે કુર્આનની સ્પષ્ટ આયત છે, અને મસ્જિદે અકસાથી આસ્માનોની સફરનો મુન્કિર **ગુમરાહ-બેદીન** છે, અને ત્યાં મળેલાં ઈનામો ઈકરામ વગેરેનો મુન્કિર **ભટકેલો, મરદૂદ તથા મેહરૂમ** છે કે જેના માટે પુષ્કળ હદીષો આવેલી છે. *(આમ કિતાબો)*

-કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ: ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

أَيَّامًا مَّعْدُودَاتٍ ۚ فَمَن كَانَ مِنكُم مَّرِيضًا أَوْ عَلَىٰ سَفَرٍ
فَعِدَّةٌ مِّنْ أَيَّامٍ أُخَرَ ۚ وَعَلَى الَّذِينَ يُطِيقُونَهُ فِدْيَةٌ طَعَامُ
مِسْكِينٍ ۖ فَمَن تَطَوَّعَ خَيْرًا فَهُوَ خَيْرٌ لَّهُ ۚ وَأَن تَصُومُوا خَيْرٌ
لَّكُمْ ۖ إِن كُنتُمْ تَعْلَمُونَ ﴿١٨٤﴾ شَهْرُ رَمَضَانَ الَّذِي أُنزِلَ فِيهِ
الْقُرْآنُ هُدًى لِّلنَّاسِ وَبَيِّنَاتٍ مِّنَ الْهُدَىٰ وَالْفُرْقَانِ ۚ فَمَن
شَهِدَ مِنكُمُ الشَّهْرَ فَلْيَصُمْهُ ۖ وَمَن كَانَ مَرِيضًا أَوْ عَلَىٰ
سَفَرٍ فَعِدَّةٌ مِّنْ أَيَّامٍ أُخَرَ ۗ يُرِيدُ اللَّهُ بِكُمُ الْيُسْرَ وَلَا يُرِيدُ
بِكُمُ الْعُسْرَ وَلِتُكْمِلُوا الْعِدَّةَ وَلِتُكَبِّرُوا اللَّهَ عَلَىٰ مَا هَدَاكُمْ
وَلَعَلَّكُمْ تَشْكُرُونَ ﴿١٨٥﴾

**તર્જુમો** : આ ગણત્રીમાં થોડાક દિવસો છે, પછી જે તમારામાંથી બીમાર થાય[૨૧૩] અથવા સફરમાં હોય તો એટલા રોઝા અન્ય દિવસોમાં રાખી લે. અને જે લોકો[૨૧૪] એને ઘણી મુશ્કેલીથી અદા કરી શકે એમના જિમ્મે ફિદિયો છે એક મિસ્કીન (ફકીર)નું ખાણુ અને જે ખુશીથી અધિક નેકી કરે તો એ તેના માટે અધિક બેહતર છે. અને તમારું રોઝો રાખવું જ બેહતર છે તમારા માટે જો તમે જાણતા હોઉ. માહે રમઝાનુલ મુબારક જેમાં ઉતારવામાં આવ્યું કુર્આન[૨૧૫] એ હાલમાં કે એ સાચો માર્ગ દેખાડે છે લોકોને તથા (એમાં) રોશન દલીલો છે હિદાયતની તરફ હક્ક઼ તથા બાતિલમાં તમીઝ કરવાની. જેથી જે કોઈ પામે[૨૧૬] તમારામાંથી આ મહિનાને તો તે એ મહિને રોઝા રાખે. અને જે કોઈ[૨૧૭] બીમાર થાય અથવા સફરમાં હોય તો એટલા રોઝા અન્ય દિવસોમાં રાખી લે, અલ્લાહ તઆલા ચાહે છે તમારા માટે સહુલત અને નથી ચાહતો[૨૧૮] તમારા માટે તકલીફ, અને (ચાહે છે કે) તમે ગણત્રી પૂરી કરી લીધા કરો. અને અલ્લાહની મોટાઈ બયાન કર્યા કરો એના માટે કે તેએ તમને હિદાયત આપી અને જેથી તમે શુક્રગુઝારી કર્યા કરો.

## તફસીર

**૨૧૩.** બીમાર તથા મુસાફરને એ હુકમથી અપવાદ કરી આપ્યા. બીમારથી મુરાદ તે શખ્સ છે કે જે રોઝા રાખે તો તેની જાનનો અથવા તેની બીમારી વધી જવાનો ખતરો હોય, અને સફરથી મુરાદ હનફીઓ (અહનાફ)ની નજીક ત્રણ દિવસની મુસાફરી જેનો અંદાજો ૩૬ કોસ અથવા ૫૪ માઈલ (૯૨ કિ.મી.) છે, ચાહે તમે આટલું અંતર આજે એક જ કલાકમાં પાર કરી લો છતાં તમને ઈફતાર (રોઝા ન રાખવા)ની ઈજાઝત છે. બીમારી તથા સફરને કારણે જેટલા રોઝા તમે ન રાખી શકો તો તંદુરુસ્ત થયા બાદ તથા સફરથી પરત થયા બાદ તેને કઝા કરવા પડશે. મરીઝ તથા મુસાફરને રોઝા છોડવાની રજા છે પરંતુ **રોઝા રાખવા અફઝલ** છે. હુઝૂરે કરીમ صلی اللہ علیہ وسلم એ સફરમાં ક્યારેક રોઝા રાખ્યા અને ક્યારેક ન રાખ્યા. પરંતુ જેહાદના સફરમાં રોઝા છોડવાનો હુકમ છે. ફતહે મક્કાના પ્રસંગે હુઝૂરે સહાબાએ કિરામને હુકમ આપ્યો : આજે જંગનો દિવસ છે રોઝો

ઈફતાર કરો. (છોડી દો.)

**૨૧૪.** આ આયતમાં તફસીરવેત્તાઓનો મતભેદ છે. મોટાભાગનાની રાય તો એ છે કે પ્રારંભમાં જ્યારે રોઝા રાખવાનો હુકમ આપવામાં આવ્યો તો લોકોની સરળતા ખાતર એ ગુંજાઈશ રાખવામાં આવી કે જો કોઈ રોઝા ન રાખે તો તે ફિદિયો અદા કરી આપે. બાદમાં જ્યારે લોકો રોઝાની લિજ્જત તથા બરકતને સમજી ગયા તો એ છૂટ પાછી લઈ લેવામાં આવી. અને સામાન્ય હુકમ કરી દેવામાં આવ્યો. فمن شهد منكم الشهر فليصمه શરીઅત લાગુ પાડવામાં જે ક્રમસરની પદ્ધતિને બાકી રાખવામાં આવી છે તો આ કથન બરાબર તેના પ્રમાણે છે. પરંતુ અમુક ઉલમાની રાય એ છે કે يطيقونનો અર્થ એ છે કે જે લોકો ઘણી જ મુશ્કેલીએ રોઝા રાખી શક્તા હોય તેઓ ફિદિયો અદા કરે. દા.ત. વૃદ્ધ તથા લાંબી માંદગીવાળો, સગર્ભા સ્ત્રી, દૂધ પીવડાવનારી, તેમના માટે આ છૂટ છે અને આ છૂટ આજે પણ ચાલુ છે.

**૨૧૫.** પ્રથમ આયતમાં રોઝો રાખવાની હિકમત વર્ણન કરવામાં આવી હતી તમે મુત્તક઼ી બની જાવ. હવે એ વાતની હિકમત વર્ણવવામાં આવી રહી છે કે માહે રમઝાન એ ઈબાદતના માટે શા માટે ખાસ કરવામાં આવ્યો ? જણાવ્યું કે આ તે મહિનો છે જેમાં કુર્આને કરીમના ઉતરાણ (નુઝૂલ)નો પ્રારંભ થયો. તે કુર્આન જે કોઈ ખાસ ક઼ૌમ અથવા દેશના માટે નથી બલ્કે هدًى لِلناس "તમામ આદમની ઔલાદ માટે હિદાયત કરનાર તથા સહી રાહ દર્શાવનાર છે." અને તેની હિદાયતની રોશની એટલી સ્પષ્ટ છે કે હક઼્ક઼ તથા બાતિલમાં ફરક જણાય જાય છે. **જે મહિનામાં આટલી મોટી નેઅમતથી સરફરાઝ કરવામાં આવ્યા હોય તે મહિનો એ લાયક છે કે તેની દરેક ઘડી દરેક પળ આપણા હક઼ીક઼ી મોહસિનની શુક્રગુઝારીમાં પસાર કરી દેવામાં આવે.** અને આ નેઅમતની શુક્રગુઝારીની શ્રેષ્ઠ રીત એ જ છે કે દિવસમાં રોઝા રાખવામાં આવે અને રાત્રે કુર્આન પઢવામાં આવે તથા સંભળાવવામાં આવે જેથી આ મહિનામાં નફ્સની એવી તર્બિયત (કેળવણી) થઈ જાય કે તે આ અમાનતના ભારને સારી રીતે ઉઠાવી શકે. આ આયતનો અંતિમ ભાગ لعلكم تشكرون લગભગ એ જ હક઼ીક઼ત પ્રતિ નિર્દેશ કરે છે.

**૨૧૬.** અલ્લામા કુર્તબી લખે છે : પ્રથમ હુકમમાં રોઝાને બદલે ફિદિયો આપવાની જે છૂટ આપવામાં આવી હતી તે આ આયતથી ખત્મ થઈ ગઈ. "શહૂદ"થી જોવું અને જાણવું બંનેવ મુરાદ છે, એટલે કે ચાહે તે પોતે જુએ અથવા સહીહ તરીકાથી જોવામાં આવ્યાનું માલૂમ થઈ જાય તો રોઝો રાખવો ફર્ઝ થઈ જાય છે. કેમ કે આસ્માનનું વિવિધ સ્થિતિમાં હોવું એક સિદ્ધ (સાબિત) થઈ ચૂકેલ મસ્અલો છે (ક્યાંક ખુલ્લુ ક્યાંક વાદળ હોય છે) એટલા માટે ફક઼ીહોએ સ્પષ્ટતા કરી છે કે જો દૂર દરાઝ ઈલાકામાં ચાંદ જોવામાં આવે તો તેનો એતબાર થશે નહીં.

**إن البلاد إذ تباعدت كتباعدا الشام من الحجاز فالواجب علىٰ اهل كل بلد ان تعمل علىٰ رؤيته دون روية غيره-** (قرطبی)

કમરી સાલ (ચાંદ પર આધારિત) સાલનો મહિનો મુકર્રર કર્યો, કેમ કે એ વરસની વિવિધ ઋતુઓમાં ફરતો રહે છે, જેથી મુસલમાન ઠંડી ગરમી સર્વ ઋતુઓમાં ભૂખ તરસની તકલીફ વેઠવાનો આદી બની જાય.

**૨૧૭.** કેમ કે ફિદિયાની છૂટ પાછી લઈ લેવામાં આવી હતી એનાથી ગુમાન થઈ શક્તુ હતુ કે બીમાર તથા મુસાફરના માટે ઈફતારની (રોઝ છોડવાની) જે ઈજાઝત આપવામાં આવી હતી કદાચ તે પણ રદ કરી દેવામાં આવી હોય, એટલા માટે એને સ્પષ્ટ કર્યું કે, નહીં ! તે છૂટ યથાવત છે.

**૨૧૮.** એટલે કે શરઈ અહકામ એ તઅઝીરી એહકામ (શિક્ષાત્મક) નથી જેનાથી કોઈને તંગ કરવાનો કે તકલીફ આપવાનો હેતુ હોય. બલ્કે અલ્લાહ તઆલાની ઈચ્છા એનાથી તમારી સરળતા તથા સુધારણા કરવાની છે. આ ટુકડામાં જાણે કે શરઈ હુકમોની જાનનો ઝિક્ર કરી આપ્યો.

દર્સે હદીષે પાક

મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

(કાર્યાલય)

## ★ હદીષ : પર ★

હઝરત ઓબાદા ઈબ્ને સામત رضی اللہ عنہ ફર્માવે છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, રબે જે ચીજ પ્રથમ પેદા કરી તે કલમો હતો[1]. પછી (રબે) ફર્માવ્યું, એને લખ ! બોલ્યો, શું લખું ?[2] ફર્માવ્યું, તક્દીર લખ ! ત્યારે તેણે જે કાંઈ થઈ ચૂક્યું અને જે હમેશાં સુધી થશે તે લખી નાખ્યું[3]. *(તિર્મિઝી)* તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ સનદવાળી છે.

મુસ્લિમ ઈબ્ને યસારથી રિવાયત છે[4] ફર્માવે છે કે ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ થી આયતના વિશે પૂછવામાં આવ્યું, "જ્યારે આપના રબે આદમની ઔલાદની પીઠોથી તેમની ઔલાદ કાઢી[5]".... (છેવટ સુધી). હઝરત ઉમરે ફર્માવ્યું કે મેં નબી صلی اللہ علیہ وسلم ને કહેતાં સાંભળ્યા કે આપને એ જ સવાલ કરવામાં આવ્યો તો આપે ફર્માવ્યું કે, અલ્લાહે હઝરત આદમને પેદા ફર્માવ્યા પછી તેમની પીઠને પોતાના દસ્તે કુદરત વડે ઘસી[6] તો એનાથી એમની ઔલાદ નીકળી[7], તો ફર્માવ્યું કે એમને મેં જન્નતના માટે બનાવ્યા, એઓ જન્નતીઓનાં કામો કરશે[8]. ફરી તેમની પીઠ મસળી તો તેનાથી ઔલાદ નીકળી[9] તો ફર્માવ્યું, એમને આગના માટે બનાવ્યા, એ લોકો દોઝખીઓનાં કામો કરશે[10]. એક શખ્સ બોલ્યો, તો પછી અમલ શામાં રહ્યો યા રસૂલલ્લાહ ?![11] હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે યકીનન ! અલ્લાહ જે બંદાને જન્નતના માટે પેદા ફર્માવે છે તો એના થકી જન્નતીઓનાં કામ લે છે, ત્યાં સુધી કે તે જન્નતીઓના અમલોમાંથી કોઈ અમલ પર મરે છે એ બિના પર તેને જન્નતમાં દાખલ કરે છે[12] અને જ્યારે બંદાને દોઝખના માટે પેદા કરે છે તો તેના થકી દોઝખીઓનાં કામો લે છે[13] ત્યાં સુધી કે તે દોઝખીઓનાં કામોમાંથી કોઈ કામ પર મરે છે, જેના કારણે તેને દોઝખમાં દાખલ કરે છે[14]. *(તિર્મિઝી, અબૂ દાઊદ)*

## ★ સમજૂતી ★

૧. આ અવ્વલિયત ઈઝાફી છે એટલે કે અર્શ પાણી થયું અને લોહે મેહફૂઝની પેદાઈશ પછી જે ચીજ સૌ પ્રથમ પેદા થઈ તે કલમ છે. મિર્કાતમાં એ જગાએ છે કે સૌ પ્રથમ નૂરે મુહમ્મદી પેદા થયું ત્યાં અવ્વલિયતે હકીકી મુરાદ છે. અમુક લોકો કહે છે કે હકીકતે મુહમદિયા જ કલમ છે, આ સૂરતમાં અહીં અવ્વલિયતે હકીકી મુરાદ છે.

૨. આ લખાણમાં કોઈ તાવીલની જરૂરત નથી. દરેક ચીજમાં રબથી અરજ કરવાની તાકત છે. કુર્આને કરીમ ફર્માવે છે :– وَاِنۡ مِّنۡ شَیۡءٍ اِلَّا یُسَبِّحُ بِحَمۡدِہٖ હુઝૂર صلی اللہ علیہ وسلم ના વિરહમાં લાકડીઓ રડી છે અને આપની સાથે લાકડી તથા પથ્થરોએ વાત કરી છે.

3. "થઈ ચૂક્યું" કહેવું પોતાના ઝમાના પાકના લેહાઝથી છે. લખાણ વેળા કાંઈ થઈ ચૂકેલું ન હતું, દરેક ચીજ ભવિષ્ય હતું. હમેશાંથી મુરાદ કિયામત સુધીના બનાવો છે જે સીમિત છે અને કિયામત બાદ અસીમિત છે. જેમ કે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની રિવાયતમાં છે, આ લખાણ લોહે મેહફૂઝ પર લખેલ છે. કલમ દવાતની હકીકત રબ્બુલ ઈઝ્ઝત જ જાણે છે. આ લખવું રબના પોતાના યાદ રાખવાના માટે ન હતું બલ્કે એ મકબૂલોને બતાવવાના માટે હતું જેમની નિગાહ

લોહે મેહફૂઝ પર છે જેવું કે અમે પહેલાં અર્ઝ કરી ચૂક્યા છીએ. આ પરથી અવલિયા તથા અંબિયાનો ઈલ્મે ગયબ સાબિત થાય છે.

૪. આપ જહમી (કબીલાથી) છે, જલીલુલ્ કદર (મહાન) તાબઈ છે. અવલિયાએ કામિલીનમાંથી છે. હિ.સ. ૧૦૦માં આપનો ઈન્તેકાલ થયો. હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ સાથે આપની મુલાકાત નથી થઈ. આપના સુધી આ હદીષ પહોંચી છે.

૫. કે એનો મતલબ શું છે અને આ કાઢવાની સ્થિતિ શું હતી.

૬. આ લખાણ મુતશાબેહાતમાંથી છે, એટલે કે પીઠ મુબારક પર કુદરતની તવજ્જોહ ફર્માવી. નહીં તો રબ તઆલા હાથના જાહેરી અર્થ તથા જમણા ડાબાથી પાક છે. નુત્ફો પુરૂષની પીઠમાં રહે છે એટલા માટે પીઠની તરફ તવજ્જોહ ફર્માવી.

૭. એ રીતે કે દરેક રુંવાટીની જડથી પરસેવાના ટીપાંની જેમ જાહેર થઈ. આ પ્રસંગ આદમ علیہ السلام ના જન્નતમાં જતાં અગાઉ નોઅમાન પહાડ પર અરફાત શરીફ અથવા મક્કા મોઅઝ્ઝમા અને તાઈફની વચ્ચે થયો. અમુકે ફર્માવ્યું કે જન્નતથી તશરીફ લાવ્યા બાદ થયો અને આ રૂહો સફેદ રંગની હતી.

૮. એટલે કે પોતાની ખુશી તથા ઈરાદાથી નેકીઓ કરશે, ઈમાન પર મરશે, જન્નતમાં જશે. જેથી એ લોકો આ અમલો કરવા માટે મજબૂર નથી. યાદ રાખશો અહીં જન્નતથી મુરાદ વહબી, અતાઈ તૌર પર, વિના અમલે પણ જન્નત મળશે જેમ કે મુસલમાનોનાં નાનાં બાળકો અથવા મૃત્યુ વેળા ઈમાન કબૂલ કરનાર.

૯. કાળા રંગવાળી એ કાફિરોની રૂહો હતી.

૧૦. એ રીતે કે કુફ્ર પર મરશે, જિંદગી ચાહે કુફ્ર પર પસાર થઈ હોય કે ઈમાન પર. આ હદીષથી જાણવા મળ્યું કે આદમ علیہ السلام ને અને હાજર ફરિશ્તાઓને તમામ જન્નતી તથા દોઝખી દેખાડી દેવામાં આવ્યા. એમને બતાવવા માટે જ આ પ્રસંગ કરવામાં આવ્યો. આપણા હુઝૂર صلی اللہ علیہ وسلم નો ઈલ્મ આદમ علیہ السلام કરતાં કેટલોય ઘણો વધારે છે, જેથી હુઝૂર પણ દરેકનો અંજામ તથા નેકબખ્તી તથા બદ્દબખ્તીને જાણે છે, ગયબી ઈલ્મો રબ તઆલાએ આપને આપ્યાં. એ પણ માલૂમ છે કે આદમ علیہ السلام ની પીઠમાં પોતાની તમામ ઔલાદની રૂહો તથા તેની શાખો તથા અસલો મૌજૂદ હતી. અમુક રિવાયતોમાં છે કે મો'મિનોની રૂહો સફેદ હતી, અંબિયાની રૂહો ખૂબ જ ચમકદાર હતી.

૧૧. કેમ કે આપણે જો જન્નતીઓમાંથી છીએ તો કાંઈ પણ કરીએ જન્નત જ પામીશું. જન્નતી તથા દોઝખી હોવું જબરી (જબરદસ્તી) ચીજો થઈ ન કે ઈખ્તિયારી.

૧૨. આ વાયદો મોટા ભાગના માટે છે કુલના માટે નથી. અગાઉ વર્ણન થઈ ચૂક્યું કે અમુક લોકો જીવનભર દોઝખીઓનાં કામો કરે છે અને મરતી વેળા નેક અમલો પર મરે છે.

૧૩. કામ લેવાનો અર્થ એ છે કે બંદાનાં દિલનો વળાંક બુરાઈઓ તરફ હોય છે જેનાથી તે પોતાની ખુશી તથા ઈખ્તેયારથી બદ્દકારીઓ કરે છે જેથી બંદો ખલ્ક (સર્જન)માં મજબૂર છે, કસબ (કોશિશ)માં ઈખ્તિયારવાળો અને જહન્નમના અઝાબનો મુસ્તહિક (હક્કદાર) છે.

**★ શૈતાનને દુબળો કરી દો ! ★**

હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ નો કૌલ છે કે મો'મિનનો શૈતાન દૂબળો (પાતળો) હોય છે. હઝરત કૈસ ઈબ્ને હજ્જાજ رحمۃ اللہ علیہ નો કૌલ છે કે મને મારા શૈતાને કહ્યું, જ્યારે હું તારી અંદર દાખલ થયો તો ઊંટની જેમ હતો અને હવે હું પક્ષીની જેમ છું ! મેં કહ્યું, એવું શાથી ? શૈતાને કહ્યું, તેં મને ઝિક્રે ખુદા કરીને દૂબળો કરી નાખ્યો છે. *(મુકાશફતુલ કુલૂબ)*

شفا شریف

# શિફા શરીફ

**મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી** رحمۃ اللہ علیہ

★ ગુજરાતી અનુવાદક ★

ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

**વિભાગ : ૨૦**

## મુસ્તફા ﷺનો ન્યાય, અમાનત, પાકદામની અને સદાકત (સચ્ચાઈ)

યાદ રાખશો કે, રસૂલુલ્લાહ ﷺ તમામ લોકોથી વધીને અમીન (અમાનત રાખનાર) અને કૌલના સાચા હતા. આપના વિરોધીઓ અને દુશ્મનોને પણ આ બાબતનો સ્વીકાર હતો જેથી તેઓ નબુવ્વતની જાહેરાત પહેલાં આપને 'અમીન' કહ્યા કરતા હતા. ઈબ્ને ઈસ્હાક رحمۃ اللہ علیہનું કથન છે કે, અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺને તમામ સારા સંસ્કારના સમૂહ બનાવ્યા હતા, આ જ કારણે આપને અમીન કહેવામાં આવતા હતા. અધિકતમ મુફસ્સિરીને ઈર્શાદે બારી તઆલા مُطَاعٍ ثَمَّ اَمِیۡنٍથી મુહમ્મદ ﷺની બરકતવાળી જાત મુરાદ લીધેલ છે.

ખાનએ કા'બાના ચણતરના સમયે જ્યારે કુરૈશમાં મતભેદ ઉભો થયો. મતભેદ ઉભો થવાનું કારણ એ હતું કે, હજરે અસ્વદને ઉઠાવીને કોણ તેની જગ્યા પર મૂકે. છેવટે તમામ એ વાત પર એકમત થયા કે કાલે સવારે બયતુલ્લાહમાં સૌથી પ્રથમ દાખલ થાય તેનો નિર્ણય બધાને માટે સ્વીકાર્ય ગણાશે. પરિણામે આગલા દિવસે રસૂલુલ્લાહ ﷺ સૌ પ્રથમ ખાનએ કા'બામાં દાખલ થયા. જો કે આ વાત નબુવ્વતની જાહેરાત પહેલાંની છે, પરંતુ લોકોએ આપને જોતાવેંત કહેવાનું શરૂ કરી દીધું કે, ખરેખર એ આ ઈજ્જતના પ્રથમ હક્કદાર છે અને ખુશી પ્રગટ કરતાં સર્વે એક જ અવાજે કહેવા લાગ્યા કે, અમે તેમનો નિર્ણય ખુશીથી સ્વીકારવા માટે તૈયાર છીએ.

રબીઅ બિન હૈષમ رضی اللہ عنہ ફર્માવે છે કે, જહાલતના (ઈસ્લામ પહેલાંના) સમયમાં લોકો આપનાથી ફૈંસલો કરાવતા હતા. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું છે કે, ખુદાની કસમ! હું આસમાનોમાં અમીન છું અને જમીનમાં પણ અમીન છું.

ઈમામ કાઝી અયાઝ માલિકી رحمۃ اللہ علیہ (કિતાબના લેખક) આ કિતાબમાં ફર્માવે છે કે, અમારાથી હાફિઝ અબૂ અલી સદફી رحمۃ اللہ علیہએ પોતાની સનદના સાથે હદીષ બયાન કરી છે. તેઓ ફર્માવે છે કે, અમારી હદીષ બયાન કરી અબૂ ફઝલ બિન ખયરૂને, તેમનાથી અબૂ યઅલા બિન ઝવજિલ્હરાએ, તેમનાથી અબૂ અલી સન્જીએ, તેમનાથી મુહમ્મદ બિન મહબૂબ મરૂઝીએ, તેમનાથી હાફિઝ અબૂ ઈસાએ, તેમનાથી અબૂ કરીબે, તેમનાથી મુઆવિયા બિન હિશામે, તેમણે સુફયાનથી, તેમણે અબી ઈસ્હાકથી, તેમણે નાહિયા બિન કઅબથી અને તેમણે હઝરત અલી મુર્તુઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم થી કહ્યું કે, આપનાથી જૂઠ બોલવાનો આક્ષેપ તો કરતા નથી, બલ્કે જે સંદેશ (પયગામ) આપ લઈને આવ્યા છો અમે તો કેવળ તેને જૂઠલાવીએ છીએ. એના પર આ આયત નાઝિલ થઈ :–

فَاِنَّهُمۡ لَا يُكَذِّبُوۡنَكَ وَلٰكِنَّ الظّٰلِمِيۡنَ بِاٰيٰتِ اللّٰهِ يَجۡحَدُوۡنَ

અર્થ : "તો એ તમને નથી જૂઠાડતા પણ જાલિમ અલ્લાહની આયતોને નકારે છે." *(સૂરએ અન્આમ, આયત–૩૩)*

તિર્મિઝી શરીફમાં આ હદીષના સિવાય આ પણ રિવાયત છે કે, અબૂ જહલે એ કહ્યું હતું કે, અમે આપને જૂઠાડતા નથી અને ન આપ અમારા થકી ક્યારેય જૂઠાડવામાં આવ્યા છો. રિવાયત છે કે, જંગે

બદરના રોજ અખનસ બિન શરીકે અબૂ જહલથી મુલાકાત કરી અને પૂછયું કે, અય અબુલ હકમ ! (જાહિલિયતના સમયમાં કૌમ અબૂ જહલને આ લકબથી પુકારતી હતી.) અહીં મારા અને આપના સિવાય કોઈ આપણી વાતચીત સાંભળવાવાળુ નથી, જેથી આ એકાંતમાં મને જણાવો કે મુહમ્મદ ﷺ સાચા છે કે જૂઠા ? અબૂ જહલે જવાબ આપ્યો કે, ખુદાની કસમ ! મુહમ્મદ (ﷺ) સાચા છે અને જૂઠ તો તેઓ ક્યારેય પણ બોલ્યા નથી.

હિરક્લે (રૂમનો બાદશાહ) જ્યારે અબૂ સુફયાનથી સરવરે કોનો મકાં ﷺનો હાલ જાણ્યો ત્યારે જ આ પૂછયું હતું કે, તેમના પર નબુવ્વતની જાહેરાતના પહેલાં ક્યારેય જૂઠની તહોમત લગાડવામાં આવી હતી ? અબૂ સુફયાને જવાબ આપ્યો હતો કે, આવું ક્યારેય બન્યું નથી ! નદર બિન હારિષ رضی اللہ عنہએ એક વખત કુરૈશથી કહ્યું હતું કે, જ્યારે મુહમ્મદ રસૂલુલ્લાહ (ﷺ) તમારા વચ્ચે એક નવ જવાન હતા, ત્યારે તે વખતે તેમને દરેક વાતમાં સાચા માનતા અને અમીન કહેતા હતા, પરંતુ જ્યારે પુખ્ત વય પર પહોંચ્યા અને તમારા પાસે કલામે ઈલાહી (કુર્આને કરીમ) લઈને આવ્યા ત્યારે તમે તેમને જાદૂગર કહેવાનું શરૂ કરી દીધું ! જો કે ખુદાની કસમ ! તેઓ હરગિઝ જાદૂગર નથી .

હદીષ શરીફમાં તેમનાથી જ રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺએ ક્યારેય એવી ઔરતને હાથ લગાડયો નથી જેના પર આપનો હક્ક ન હોય. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺ તમામ મનુષ્યોથી વધારે સાચા છે. આ પણ સહીહ હદીષમાં આવ્યું છે કે, (આપે ઝુલ્ખવૈસરાથી ફર્માવ્યું) તારા પર અફસોસ છે ! જો હું ન્યાય ન કરું ત્યારે કોણ ન્યાય કરશે ?! જો હું ન્યાય ન કરું તો નામુરાદ બન્યો અને નુકસાનમાં રહ્યો. હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاએ ફર્માવ્યું કે, રસૂલુલ્લાહ ﷺને જ્યારે પણ બે કામ પૈકી એકને કરવાનો અધિકાર આપવામાં આવ્યો ત્યારે આપે તેમાંથી આસાનને પસંદ કર્યું, શરત એ કે, તેમાં ગુનોહ ન હોય, જો તેમાં ગુનોહ હોતો તો આપ તેનાથી બચવામાં સૌથી વધીને હતા.

અબુલ આસ મુબરદે કહ્યું કે કિસરા (ઈરાનના શાહ)એ પોતાના દિવસોની વહેંચણી કરી રાખી હતી. જે દિવસે ખૂબ હવા ચાલતી તે દિવસ સૂવા માટેનો હોતો. જે દિવસે આસમાન પર વાદળ છવાયેલાં રહેતાં તે દિવસ શિકાર માટે હોતો. વરસાદના દિવસે દારૂ પીવો અને ખેલકૂદની મેહફિલો થતી. જે દિવસોમાં આકાશ ખુલ્લું રહેતું ત્યારે તે કામ ધંધાનો દિવસ હોતો. ઈબ્ને ખાલવિયાએ કહ્યું છે કે, તે દુનિયવી સિયાસત (રાજકરણ)થી પણ અજાણ નીકળ્યો જેવો કે અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

يَعْلَمُوْنَ ظَاهِرًا مِّنَ الْحَيٰوةِ الدُّنْيَا وَهُمْ عَنِ الْاٰخِرَةِ هُمْ غٰفِلُوْنَ

**અર્થ** : "આંખો સામે દુનિયાની જિંદગી જાણે છે અને તેઓ આખેરતથી સંપૂર્ણપણે અજાણ છે."

*(સૂરએ રૂમ, આયત–૭)*

પરંતુ આપણા આકા વ મૌલા સૈયેદના મુહમ્મદ ﷺ એ દિવસને ત્રણ ભાગમાં વહેંચી દીધો, એક ભાગ અલ્લાહની ઈબાદત માટે, બીજો ભાગ બાળ બચ્ચાંના માટે અને ત્રીજો ભાગ પોતાના વાસ્તે. પોતાના સમયને પણ પોતાની જાત અને બીજા લોકોની વચ્ચે વહેંચી દીધો હતો. પછી લોકોને હુકમ આપી રાખ્યો હતો કે, તેઓ જનતાની મદદ કરે અને સદુપદેશ આપ્યો હતો કે, જે શખ્સ પોતાની કોઈ જરૂરિયાત ન લે, કોઈ કારણસર અમારી બારગાહમાં ન પહોંચી શકે, ત્યારે તેની તમે હાજત પૂરી કરી આપો, કેમ કે **જે કોઇ મુસીબતમાં સપડાયેલ હોય તેની હાજત પૂરી કરે છે અલ્લાહ તઆલા તેને મૈદાને મહશ્રના ભયથી સુખ શાંતિમાં રાખશે.**

કાર્યાલય

# નબી ﷺ ની સુન્નત અને આધુનિક વિજ્ઞાન

## દાંત અને દિમાગ

અસ્વચ્છ, ગંદા અને પરુવાળા દાંત દિમાગી બીમારીઓનો સબબ બને છે, એમાં માનસિક બીમારીઓ જેમ કે પાગલપન તથા અન્ય ભયાનક બીમારીઓ સામેલ છે. એક જણની પત્નીને દિમાગી તકલીફ હતી. વિવિધ ટેસ્ટો પછી જાણવા મળ્યું કે દિમાગના પર્દામાં પરુ થઈ ચૂક્યું છે અને તેણી લાંબા અરસાથી મસાની બીમારીમાં સપડાયેલી હતી અને તે જ પરુ એ બીમારીનું કારણ બની ગયું.

## દાંત અને કાન

કેટલાક એવા બીમારો પર ડોકટરોનું પરિક્ષણ છે કે જેમના કાનોમાં વરમ, પરુ, લાલાશ તથા દર્દની કેફિયત જોવા મળતી હતી. ઘણા ઈલાજો કરાવ્યા પરંતુ તદ્દન રાહત ન થઈ. સંશોધન તથા પરિક્ષણને અંતે જાણવા મળ્યું કે બીમારનાં મસોડાંમાં પરુ થઈ ચૂક્યું છે. જ્યારે બીમારનાં મસોડાંનો ઈલાજ કરવામાં આવ્યો તો બીમાર તદ્દન સાજો થઈ ગયો.

## દાંત અને દ્દષ્ટિ શક્તિ

દાંતની બીમારીઓને આંખોની દ્દષ્ટિ તથા આંખોની બીમારીઓ સાથે ગાઢ સંબંધ છે. દાંતોના પરુ તથા દાંતોના પોલાણોમાં જ્યારે ખોરાકના કણો ફસાઈ જાય છે જેના કારણે ફસાઈને સડી જાય છે જેથી આંખો બીમારીઓ તથા કમજોરીઓમાં સપડાય જાય છે જેથી આંખોની કમજોરી તથા આંધળાપણુ પેદા થઈ જાય છે. આજકાલ આંખોની કમજોરીનાં જેવી રીતે અન્ય પણ કારણો છે એમાં એક મોટુ કારણ દાંતો પ્રતિની નિષ્કાળજી છે. જો દાંતોને સાફ પણ કરવામાં આવે છે તો બ્રશ વડે કરવામાં આવે છે, બ્રશ દાંતો માટે લાભદાયી છે કે નુકસાનકર્તા તેની સ્પષ્ટતા આગળ જતાં કરવામાં આવશે.

## દાંત અને પેટ

નિષ્ણાતોના સર્વ અનુભવો (પરિક્ષણ) અને સંશોધનના પ્રમાણે એંસી ટકા પેટની બીમારીઓ દાંતોની ખામી તથા દાંતોની બીમારીઓના કારણે હોય છે, કેમ કે પેટની બીમારીઓ આજના દૌરમાં સામાન્ય થઈ ચૂકી છે. પરંતુ મસોડાંનું પરુ ખોરાકની સાથે અથવા ખોરાક વિના થૂંક સાથે મળીને પેટમાં જાય છે તો એ જ પરુ બીમારીનો સબબ બને છે. અને સર્વ પવિત્ર ખોરાકને ગંદો બનાવી દે છે. પેટ તથા જિગરની બીમારીઓના ઈલાજથી પહેલાં તંદુરસ્તીનો ખાસ ખયાલ કરવામાં આવે એ રીતે પેટની બીમારીનો તાત્કાલિક તથા કાયમનો ઈલાજ શક્ય છે.

## દાંત અને સમાજ

માણસ જ્યારે કોઈ મજલિસમાં ચર્ચામાં જોડાય છે અથવા મુસાફરીમાં સાથે બેસે છે તો તેના □ાસથી બદબૂ મેહસૂસ થાય છે અને સાથે બેસનાર મુશ્કેલીમાં મૂકાઈ જાય છે. આ રીતે જો એ ભાઈને ખાંસી શરૂ થઈ જાય તો તમામ વાતાવરણ દુર્ગંધમય થઈને રહી જાય છે. આ બાબતે ઈલાજ કરતાં પહેલાં સૌ પ્રથમ દાંતોનો ખયાલ કરવામાં આવે કેમ કે મોટા ભાગે બદબૂનું કારણ દાંત હોય છે, નહીં તો પેટનો ઈલાજ કરવામાં આવે.

સારાંશ કે બીમારીઓની તંદુરસ્તી માટે દાંતોની તંદુરસ્તી તથા રક્ષા ખૂબ જ જરૂરી છે, કેમ કે કામયાબ જિંદગી તંદુરસ્તીમય જિંદગી છે. અને તે જિંદગી કદી કામયાબ નથી થઈ શક્તી જેમાં તંદુરસ્તીની રક્ષાના નિયમો સાથે બગાવત કરવામાં આવે.

## બ્રશ તથા મિસ્વાકનો તફાવત

એક મહત્વનો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે

દાંતોની સફાઈ તથા હિફાઝતના માટે બ્રશ જરૂરી છે કે મિસ્વાક ? આપણે પ્રથમ બ્રશના લાભાલાભ પર ચર્ચા કરીએ છીએ.

**બ્રશ** : જંતુઓના નિષ્ણાતોની વરસો વરસની તેહકીક (સંશોધન) પછી એ વાત નિશ્ચિત થઈ ચૂકી છે કે જે બ્રશ એકવાર ઉપયોગમાં લેવામાં આવે તેનો ઉપયોગ એ વખતે તંદુરસ્તી માટે નુકસાનકર્તા છે જ્યારે તેને બીજીવાર વાપરવામાં આવે. કેમ કે તેની અંદર જંતુઓનું પડ બાઝી જાય છે, જો તેને પાણી વડે સાફ કરવામાં પણ આવે છતાં પણ જંતુઓ ઉછરતાં રહે છે. બીજી વાત એ છે કે બ્રશ દાંતો ઉપરના ચમકીલા તથા ઉજળા પડને ઉતારી નાખે છે જેના કારણે દાંતોની વચ્ચે પોલાણ પેદા થઈ જાય છે અને દાંત ધીમે ધીમે મસોડાની જગા છોડતા જાય છે. ખોરાકનાં કણો પોલાણોમાં ફસાઈને મસોડાં અને દાંતોના માટે નુકસાનનો સબબ બને છે.

**મિસ્વાક (દાતણ)** : દરેક લાકડીનું મિસ્વાક દાંતોના માટે યોગ્ય હોય છે જેના રેસા નરમ હોય અને દાંતો વચ્ચેનાં પોલાણોને ન વધારે, અને મસોડાંને ઝખ્મી ન કરે. પરંતુ એ સૌમાં ત્રણ પ્રકારની લાકડીનું મિસ્વાક મહત્વ ધરાવે છે :– **(૧)** પીલુડીનું મિસ્વાક **(૨)** (કનીર) કરણનું મિસ્વાક તથા **(૩)** લીમડા કે બાવળનું મિસ્વાક.

## પીલુડીનું મિસ્વાક

મિસ્વાક સુન્નતે નબવી છે. હકીકતમાં દરેક નમાઝ પહેલાં એનો ઉપયોગ ઈસ્લામ ધર્મમાં જરૂરી ઠરાવ્યો છે. જો તેની અસરો તથા ફાયદાઓને જોવામાં આવે તો તેના રેસા નરમ હોય છે અને એની અંદર કેલ્શયમ અને ફોસ્ફરસ જોવા મળે છે. પંજાબના વિસ્તારમાં આ ઝાડ મોટા ભાગે ખારી જમીન તથા વેરાન વિસ્તારોમાં જોવા મળે છે અને જમીનના નિષ્ણાતોના અર્વાચીન સંશોધનથી એ વાત સાબિત થાય છે કે તેમાં દિમાગનો ખોરાક અને અન્ય ઘણી જરૂરિયાતો છે તેવી જ રીતે ફોસ્ફરસ પણ છે, અને ફોસ્ફરસ થૂંક તથા ત્વચાના છિદ્રોના થકી દિમાગ સુધી પહોંચે છે જેના લીધે દિમાગ શક્તિશાળી તથા મજબૂત બને છે.

## કાયમી શરદી અને મિસ્વાક

કાયમી શરદીના તે બીમારો જેમનો કફ બાઝેલો હોય છે, જ્યારે તેઓ મિસ્વાક વાપરે છે તો કફ અંદરથી છૂટો થાય છે જેનાથી દિમાગ હલકુ થાય છે.

એક પેથોલોજીસ્ટ કહેવા લાગ્યા, મારા પરિક્ષણ અને સંશોધનમાં એ વાત જાહેર થઈ ચૂકી છે કે મિસ્વાક કાયમી શરદી માટે તિર્યાક (બીમારીનું નિવારણ) છે એટલે સુધી કે તેના સતત ઉપયોગથી નાકના ઓપરેશન તથા ગળાના ઓપરેશન કરવાની તકો ઘણી ઓછી થઈ જાય છે.


### ★ તોહફાએ દુરૂદ ★

શહેનશાહે સૌરાષ્ટ્ર હઝરત ખ્વાજા મોહકમુદ્દીન સૈરાની رحمۃ اللہ علیہ (ધોરાજી)નો દુરૂદ શરીફનો સંગ્રહ (આપના સંક્ષિપ્ત જીવન ચરિત્ર સાથે) પોસ્ટકાર્ડ લખીને મંગાવો. મર્યાદિત જ કોપીઓ છે :–

**૧. હુસૈની કમિટી (સુન્ની)** ૮, લાટી પ્લોટ સામે, મોરબી (સૌરાષ્ટ્ર)

**૨. અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા,** તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧


### ★ મુબારકબાદ ! ★

**ભરૂચ** : જનાબ હાજી હનીફ મુહમ્મદ માસ્તર અરગામાવાળા (રોશન પાર્ક, ભરૂચ, ટ્રસ્ટી : આઈશા મસ્જિદ)ના ફરઝંદ "મોહસિન" વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની M.A. Part-Iની પરીક્ષામાં અંગ્રેજી વિષય સાથે યુનિવર્સિટી કોલેજમાં ફર્સ્ટ આવેલ છે જેની ખુશીમાં રૂા. ૫૧ બરકાતે ખ્વાજા (માસિક)ને મોકલ્યા છે. (જઝાકલ્લાહ ! મુબારકબાદ !)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# હરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ
એટલે
# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## હૈઝનું વર્ણન

**મસ્અલો :** બાલિગા (પુખ્તવયની ઉંમર લાયક) સ્ત્રીના આગળના ભાગે (પેશાબની જગા)થી જે નિયમિત માસિક લોહી આવે છે અને એ કોઈ બીમારી કે બાળક પેદા થવાને કારણે ન હોય તો એને હૈઝ કહે છે. જો બીમારીના કારણે હોય તો એને ઈસ્તેહાઝા અને બાળક પેદા થવાને કારણે હોય તો નિફાસ કહે છે.

**મસ્અલો :** હૈઝની મુદ્દત ઓછામાં ઓછી ત્રણ દિવસ અને ત્રણ રાતો છે. એટલે કે પૂરા ૭૨ કલાક. એક મિનિટ પણ જો ઓછી છે તો તે હૈઝ ગણાશે નહીં. હૈઝની વધુમાં વધુ મુદ્દત ૧૦ દિવસ અને ૧૦ રાતો છે.

**મસ્અલો :** ૭૨ કલાકથી જરા પણ પહેલાં પૂરું થાય તો તે હૈઝ નથી, પરંતુ ઈસ્તેહાઝા છે. હા! જો સવારના સૂર્યનું કિરણ ચમકતાં જ શરૂ થયું અને ત્રણ દિવસ અને ત્રણ રાતો પૂરી થઈને સૂર્યનું સવારનું કિરણ ચમકવાની તૈયારી વેળા જ પૂરું થયું તો તે હૈઝ છે. આ પરિસ્થિતિમાં ૭૨ કલાક બરાબર પૂરા થવા જરૂરી નથી. પરંતુ જો બીજા કોઈક સમયે શરૂ થયું તો કલાકના હિસાબે જ ગણત્રી થશે. ૨૪ કલાકનો એક દિવસ એક રાત ગણાશે. *(બહારે શરીઅત)*

**મસ્અલો :** ૧૦ રાત દિવસથી કાંઈ પણ વધારે લોહી આવ્યું અને એનું પ્રથમ હૈઝ છે તો ૧૦ દિવસ સુધી હૈઝ છે, બાકીનું ઈસ્તેહાઝા ગણાશે. અને જો એને પ્રથમ હૈઝ નથી પરંતુ પહેલાં પણ આવી ચૂક્યું છે, અને એની આદત ૧૦ દિવસથી ઓછી હતી તો તે આદતથી જેટલા દિવસો વધારે આવ્યું તે ઈસ્તેહાઝા છે. એને એવી રીતે સમજો કે પાંચ દિવસની આદત હતી પરંતુ આવ્યું દસ દિવસ સુધી તો તે બધું હૈઝ છે. પરંતુ બાર દિવસ (૧૦ દિવસથી વધારે) આવ્યું તો પાંચ દિવસો હૈઝના, બાકીના ૭ દિવસ ઈસ્તેહાઝાના. અને જો કોઈ નક્કી આદત નથી કદીક ચાર દિવસ કદીક પાંચ દિવસ તો પાછલા મહિને (આ અગાઉના) જેટલા દિવસો આવ્યું હતું તેટલા આ વખતે હૈઝના ગણાશે, બાકીનું ઈસ્તેહાઝા ગણાશે.

**મસ્અલો :** એ પણ જરૂરી નથી કે હૈઝના દિવસોમાં એકધારું લોહી ચાલુ જ રહે અને તો જ હૈઝ કહેવાય પરંતુ અમુક અમુક ટાઈમ જ આવે તો પણ હૈઝ ગણાશે.

**મસ્અલો :** હૈઝ આવવાની ઓછામાં ઓછી ઉંમર ૯ વરસ છે અને હૈઝ આવવાની અંતિમ વય ૫૫ વરસ છે. આ ૫૫ વરસની ઉમરવાળીને 'આએસા'' (آئسہ) અને આ ઉંમર (૫૫ વરસ)ને 'સન્ને અયાસ'' કહે છે. *(આલમગીરી)*

**મસ્અલો :** ૯ વરસની ઉંમર પહેલાં હૈઝ આવે તે ઈસ્તેહાઝા છે. એ જ રીતે ૫૫ વરસ પછી આવે તો તે પણ ઈસ્તેહાઝા છે. પરંતુ જો ૫૫ વરસ પછી સાફ લોહી આવે અથવા પહેલાં હૈઝમાં આવતું હતું તેવા જ રંગનું આવે તો તે હૈઝ છે. *(આલમગીરી વગેરે)*

**મસ્અલો :** ગર્ભવતી સ્ત્રીને જે લોહી આવે તે ઈસ્તેહાઝા છે. એ જ રીતે બાળક પેદા થતી વેળા જે લોહી આવે અને હજુ બાળક અડધાથી વધુ બહાર ન આવ્યું હોય તો તે ઈસ્તેહાઝા છે.

**મસ્અલો :** હૈઝ ત્યારે ગણાશે જ્યારે કે લોહી ચામડીના બહારના ભાગે આવી જાય. કોઈકે કપડુ

મૂકવાને કારણે લોહી બહાર આવવાને બદલે અંદરના ભાગમાં જ રોકાઈ રહ્યું તો જ્યાં સુધી કપડું કાઢશે નહીં હૈઝવાળી ગણાશે નહીં. નમાઝો પઢશે રોઝા પણ રાખશે.

**મસ્અલો** : હૈઝના છ રંગો છે : કાળો, લાલ, લીલો, પીળો, ગદલા, મટોડી. સફેદ રંગનું પાણી એ હૈઝ નથી.

**મસ્અલો** : દસ દિવસની અંદર જે પાણી કે ચીકાશ આવે તેમાં જો મેલાપણું હોય તો હૈઝ છે અને જો દસ રાત–દિવસ પછી પણ મેલાપણું બાકી રહે તો આદતવાળી માટે જેટલા દિવસો આદતના હોય તેટલા હૈઝના, બાકીના ઈસ્તેહાઝાના છે. અને કોઈ પણ નક્કી આદત ન હોય તો દસ રાત દિવસ સુધી હૈઝ ગણાશે બાકીના ઈસ્તેહાઝામાં ગણાશે.

**મસ્અલો** : જે સ્ત્રીને આખી જિંદગી લોહી આવ્યું જ નથી અથવા આવ્યું પણ ત્રણ રાત–દિવસથી ઓછું આવ્યું તો આખી જિંદગી તે હૈઝથી પાક જ રહી, અને જો ફક્ત એક જ વખત ત્રણ રાત–દિવસ સુધી લોહી આવ્યું તો તે ત્રણ રાત્રી–દિવસ હૈઝના છે બાકી ઈસ્તેહાઝામાં ગણાશે, તે હમેશાં માટે પાક છે.

## નિફાસનું વર્ણન

'નિફાસ' તે લોહીને કહે છે કે સ્ત્રીને બચ્ચું પેદા થવા પછીથી આવે છે. નિફાસ માટે ઓછામાં ઓછા દિવસોની મુદ્દત મુકર્રર નથી, પરંતુ જો બાળક અડધું કે તેથી વધારે પેદા થયા પછી એક જરાકવાર પણ લોહી આવશે તે નિફાસ ગણાશે. 'નિફાસના વધુમાં વધુ ૪૦ રાત–દિવસોની મુદ્દત છે.'

**મસ્અલો** : બાળક અડધાથી વધુ બહાર આવે ત્યારથી નિફાસની ગણત્રી થશે.

**ચેતવણી** : આ વિષયમાં જ્યાં પણ બાળક પેદા થવાનું લખ્યું હોય ત્યાં બાળક અડધાથી વધુ બહાર આવી જવાનો જ મતલબ છે.

**મસ્અલો** : કોઈને ચાલીસ દિવસથી વધુ લોહી આવ્યું તો જો એને પહેલી જ વાર બાળક પેદા થયું છે અથવા તો એને યાદ નથી કે આ પહેલાં પેદા થએલા બાળક વખતે કેટલા દિવસ સુધી લોહી આવ્યું છે તો આ બંને સંજોગોમાં ચાલીસ રાત–દિવસ નિફાસના ગણાશે. બાકીના દિવસો ઈસ્તેહાઝાના છે અને આ પહેલાંની આદતની ખબર છે, તો આદત મુજબ જેટલા દિવસો નિફાસના છે અને જેટલા દિવસો એથી વધુ આવ્યું તે ઈસ્તેહાઝા છે.

**મસ્અલો** : બાળક જન્મ પહેલાં જે લોહી આવે તે નિફાસ નથી પરંતુ ઈસ્તેહાઝા છે ભલે બાળક અડધું બહાર આવી ગયું હોય.

**મસ્અલો** : ગર્ભ પડવાના પહેલું થોડું લોહી આવ્યું અને થોડું પછી આવ્યું તો પહેલાં જે આવ્યું તે ઈસ્તેહાઝા છે પછીથી આવ્યું તે નિફાસ છે, પરંતુ આ ત્યારે જ કે બાળકના શરીરનો કોઈક અવયવ બની ચૂક્યો હોય, નહીં તો પહેલાંવાળુ હૈઝ હોઈ શકે છે તો હૈઝ ગણાશે (હૈઝનો સમય હોય તો) નહીં તો ઈસ્તેહાઝા ગણાશે.

**મસ્અલો** : ચાલીસ દિવસોની અંદર કદી લોહી આવ્યું અને કદી ન આવ્યું તો બધા જ દિવસો નિફાસના છે પછી ભલે પંદર દિવસનો ગાળો પડી જાય.

**મસ્અલો** : નિફાસના રંગ માટે તે જ કાનૂન છે જે હૈઝના માટે વર્ણન થયા.

## હૈઝ અને નિફાસના હુકમ

**મસ્અલો** : હૈઝ અને નિફાસની હાલતમાં નમાઝ પઢવી, રોઝા રાખવા હરામ છે.

**મસ્અલો** : અ દિવસોમાં નમાઝો માફ છે એની કઝા પણ કરવાની નથી. પરંતુ બીજા દિવસોમાં રોઝાઓ કઝા રાખવા ફરજ છે.

**મસ્અલો** : નમાઝના સમયે વુઝૂ કરીને એટલો

વધુ પેજ નં. ૨૩ પર....

# રહમતે દારૈનના ﷺ શયદાઈ

★ રજૂકર્તા ★

ફરઝાના સાજિદ પટેલ (દયાદરા)

## હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ ઈસ્લામના સિપાહી

બીજા દિવસે રૂસ્તમ ઘણા જ જાહોજલાલની સાથે દરયાએ ફૂરાતથી પાર ઉતર્યો અને મુસલમાનોની સામે સફ બાંધી. એ સમયે બે લાખ લડાયકો એના ઝંડા નીચે જમા હતા. બીજી તરફ ઈસ્લામી લશ્કરની સંખ્યા ત્રીસ હજારની લગભગ હતી પરંતુ મુસલમાનોના જેહાદના જોશનો એ આલમ હતો કે સફોથી નીકળી પડતા હતા. બદ્કિસ્મતીથી એ નાઝુક મોકા પર હઝરત સઅદ رضی اللہ عنہ એક બીમારીના કારણથી લડાઈમાં પોતે જાતે શરીક થવાથી મજબૂર થઈ ગયા. એ બીમારી શું હતી ? અમુકે લખ્યું છે કે જાંગથી ઘૂંટી સુધી પહોંચનાર દર્દમાં સપડાયેલા હતા. અને અમુકનું બયાન છે કે એમના સાથળ પર દમ્બલના ફોલ્લા નીકળ્યા હતા એટલા માટે ઘોડા પર સવાર થઈ ન શક્તા હતા અને પગથી હરવા ફરવાનું પણ મુશ્કેલ હતું. આ મજબૂરી હોવા છતાં એમણે ઈરાદો કરી લીધો કે પોતાની ફૌજને પોતે લડાવશે. જંગના મેદાનની નજીક જૂના સમયનો એક મહેલ હતો તેઓ એના બીજા માળમાં તકીયાના સહારે એવી રીતે બેસી ગયા કે આખુ જંગનું મેદાન નજરોની સામે હતું. હવે એમણે ફૌજના એક અફસર ખાલિદ બિન અરફાતને પોતાની પાસે બોલાવ્યા અને ફર્માવ્યું : "ખાલિદ ! તમે મારી હાલત જોઈ રહ્યા છો કે મુશ્કેલીથી હલનચલન કરી શકુ છું. દુશ્મન માથા પર આવી પહોંચ્યો છે અને લડાઈને ટાળવી શક્ય નથી. જંગના મેદાનમાં તમે મારું નાયબપણુ કરશો, થોડી થોડી વાર પછી હું કાગળના ટુકડાઓ પર હિદાયત લખીને તમારી તરફ મોકલતો રહીશ એના પ્રમાણે ફૌજને લડાવશો." એની સાથે જ એમણે ફૌજના ઝંડાધારીઓને સંદેશો મોકલ્યો કે, "હું આ બીમારીના કારણથી લડાઈમાં અમલી ભાગ નથી લઈ શક્તો. ખાલિદ અરફાતને મેં પોતાનો નાયબ મુકર્રર કર્યા છે એમના હુકમને મારો હુકમ સમજો અને એમની ઈતાઅત કરો." હઝરત સઅદ رضی اللہ عنہનો હુકમ મુજાહિદોને સંભળાવવામાં આવ્યો તો બધાએ માથાં ઝુકાવી લીધાં અને હુકમ માન્યો.

લડાઈની શરૂઆતથી પહેલાં એક તરફ રૂસ્તમ અને બીજા ઈરાની ઉમરાવ પોતાના લશ્કરનો કૌમી જઝબો ઉશ્કેરી રહ્યા હતા. તો બીજી તરફ અરબના મશ્હૂર શાયરો તથા ખતીબો તમામ ઈસ્લામના લશ્કરમાં ફેલાઈ ગયા હતા. અને પોતાના શૌર્યગીત વડે મુજાહિદોમાં ઉશ્કેરાટ ફેલાવી દીધો હતો. સાથે જ કારીઓએ ખુશ અવાજથી સૂરએ ઈન્ફાલની તિલાવત શરૂ કરી દીધી હતી જેની તાષીરે દિલોને ગરમ કરી દીધાં હતાં અને દરેક મુસલમાન શહાદતના શોખથી બેતાબ થઈ ગયો હતો.

ઈરાનીઓએ સૌ પ્રથમ પોતાના જંગી હાથીઓને મુસલમાનોની તરફ ધકેલ્યા. હાથીઓના ભયંકર હુમલાને કબીલા બજીલાના જાંબાઝોએ રોક્યો. ઘણા બધા બજલી મુજાહિદો જાનો પર ખેલી ગયા પરંતુ આ હુમ્લો ન રોકાઈ શક્યો. હઝરત સઅદ رضی اللہ عنہએ આ હાલત જોઈને બનૂ અસદને હુકમ મોકલ્યો કે બનૂ બજલાની મદદના માટે પહોંચો. બનૂ અસદ મર્દાનાવાર હાથીઓની તરફ વધ્યા પરંતુ જંગલી હાથીઓએ એમને પણ પાછળ

ધકેલી દીધા. હવે હઝરત સઅદ رضی اللہ عنہએ બનૂ તમીમને જેઓ નેજાબાજી અને તીરંદાઝીમાં ઘણા જ માહિર હતા તેમને સંદેશો મોકલ્યો કે અય બની તમીમ ! આજે તમારી કલાના કમાલોનું પ્રદર્શન છે, આગળ વધીને પોતાના ભાઈઓની મદદે પહોંચો ! બનૂ તમીમે તકબીરનો નારો લગાડીને એ જોશથી હુમ્લો કર્યો કે હાથીઓના મોં ફેરવી દીધાં અને એમના સવારોને પોતાના નેજાઓ અને તીરોથી નીચે ગબડાવી દીધા. હવે બંને ફૌજોમાં હાથો હાથ એવી ઘમસાણની લડાઈ થઈ કે ખૂનરેજીથી લાશોના ઢગલા વળી ગયા. મશ્હૂર મરષીયા ગાનાર સહાબીયા હઝરત ખન્સા رضی اللہ عنہا પણ પોતાના ચાર ફરઝંદોની સાથે જેહાદમાં ભાગ લેવા કાદસિયા આવ્યાં હતાં. જે સમયે લડાઈની ભટ્ટી પૂરી રીતે ગરમ થઈ તો એમણે પોતાના બેટાઓને હુકમ આપ્યો કે, ''મારા બાળકો ! જાવ ! અને આખરી દમ સુધી ખુદાની રાહમાં લડો ! માંનો હુકમ સાંભળતાં જ ચારેવ ભાઈઓ ઘોડીઓની લગામો ઉઠાવતા યુદ્ધ ગીતો ગાતા ગાતા મેદાને જંગમાં કૂદી પડયા અને ઘણી જ મર્દાનગીથી લડતાં લડતાં એકના પછી એક શહીદ થઈ ગયા. હઝરત ખન્સા رضی اللہ عنہاએ એમની શહાદતની ખબર સાંભળી તો ફર્માવ્યું,

''ખુદાનો શુક્ર છે કે મારા ફરઝંદોએ જંગના મેદાનથી પીઠ ન ફેરવી અને અલ્લાહે એમની શહાદતનો મોકો મને બખ્શયો. એ રહીમ ઝાતથી ઉમ્મીદ છે કે તે પોતાના રહમતના સાયામાં મારા બાળકોની સાથે મને પણ જગા આપશે.''

એવી રીતે બીજા પણ ઘણા બધા મુજાહિદોએ શહાદતના શોખ સાથે આશ્ચર્યજનક દાખલા રજૂ કર્યા. રાતનો અંધકાર જ્યારે ગાઢ થઈ ગયો તો બંને લશ્કર જખ્મોથી ચૂરચૂર એકબીજાથી જુદા થયા કાદમિયાની જંગનો આ પહેલો દિવસ યૌમુલ અરમાષ કહેવાય છે, એ દિવસે પાંચસો અને છસોના વચમાં મુસલમાન શહીદ થયા અને હજારો ઈરાની તબાહ થયા.

બીજા દિવસે જંગનું નગારૂં વાગી જ રહ્યું હતું કે હઝરત કઅકાઅ બિન અમ્ર તમીમી رضی اللہ عنہ શામથી એક હજાર જાંબાઝોની સાથે પહોંચી ગયા. એમને હઝરત અબૂ ઉબૈદા બિન જર્રાહ رضی اللہ عنہએ હઝરત સઅદ رضی اللہ عنہની મદદના માટે મોકલ્યા હતા. એ કુમકના પહોંચી જવાથી મુસલમાનોને મોટી તાકાત પ્રાપ્ત થઈ. લડાઈનું મેદાન ગરમ થયું તો પહેલા દિવસની જેમ હાથીઓએ પાછા મુસલમાનો પર કયામત વરસાવી, હઝરત કઅકાઅ رضی اللہ عنہએ એ મુસીબતને દૂર કરવા માટે એ નિર્ણય કર્યો કે ઊંટો પર મોટી મોટી જોલીઓ નાખીને એમને પણ હાથીઓની જેમ ભયાનક બનાવી દીધાં. ઈરાનીઓના ઘોડાઓ એમને જોઈ જોઈને ભડકતા અને મુસલમાન એમના સવારોને નેજાઓ પર રાખી લેતા. રૂસ્તમે હવે પાયદળ ફૌજોને સવારોની મદદના માટે આગળ વધાર્યા. એ ફૌજો આંધી અને તોફાનની જેમ મુસલમાનો પર હુમ્લો કરવા લાગી. મુસલમાનોએ મોટી હિંમતથી એ તોફાની હુમ્લાને રોક્યો પરંતુ મુશ્કેલી એ હતી કે મદાઈનથી ઈરાની ફૌજોને બરાબર તાજી કુમક પહોંચી રહી હતી. બરાબર એ જ મોકા પર હઝરત હાશિમ બિન ઉત્બા رضی اللہ عنہ પાંચ હજાર જવાનોની મદદી ફૌજની સાથે શામથી કાદસિયા પહોંચી ગયા. એ ગેબી સમર્થને મુસલમાનોના હોંસલાઓ બમણા કરી દીધા. પરંતુ ઈરાનીઓનું તીરોનું દળ કોઈ રીતે ઓછું થતું ન હતું. એ સમયે એક ગેબી બનાવ બન્યો. કબીલા બનૂ ષકફીના નામવાર બહાદુર અબૂ મહજન رضی اللہ عنہ શરાબનોશીના ગુનામાં હઝરત સઅદ رضی اللہ عنہની રોકવાની જગાની નજીક બેડીઓમાં બંધ ગિરફતાર હતા. એક ઓરડીમાં કેદ કરેલ હતા. તે કેદખાનાના કાણાંઓમાંથી લડાઈનું દશ્ય જોઈને ઘણા જ બેચેન થયા હતા અને બહાદુરીના જોશમાં પોતાના હોઠ વારંવાર દાંતોમાં દબાવતા હતા. હઝરત સઅદ رضی اللہ عنہની બીબી સલ્મા رضی اللہ عنہا નજીક જ હતાં. એમને વિનંતિ કરી કે આ સમયે મને છોડી દો, શહીદ

થયો તો બેહતર, નહીં તો જાતે જ આવીને બેડીઓ પહેરી લઈશ. સલ્મા رضی اللہ عنہا એ હઝરત સઅદ رضی اللہ عنہ ના ગુસ્સાના ડરથી ના કહી દીધું. એમના ના કહેવાથી હઝરત અબૂ મહજન ઘણા જ ગમગીન થયા અને જેહાદથી પોતાની મેહરૂમી પર ઘણા જ દર્દનાક શેઅર પઢવા લાગ્યા. આ અશ્આર સાંભળીને સલ્મા رضی اللہ عنہا નું દિલ પીગળી ગયું અને એમણે અબૂ મહજન رضی اللہ عنہ ને ન માત્ર છોડી દીધા પરંતુ ઘોડા અને હથિયાર પણ આપી દીધાં. અબૂ મહજન رضی اللہ عنہ મો–માથે કપડું લપેટીને ઘોડો દોડાવતા દુશ્મનોની સફો પર વીજળીની જેમ પડયા અને એમને વેરવિખેર કરી દીધા. એમના જોશ અને ઝડપનો એ આલમ હતો કે કદી જંગના મેદાનના એક કિનારા પર તો કદી બીજા કિનારા પર. મુસલમાન નવાઈ પામી ગયા કે ખબર નહીં, આ નકાબપોશ કોણ છે ? કદાચ ખુદાએ મુસલમાનોની મદદના માટે કોઈ ફરિશ્તો ઉતાર્યો છે ! ખૂદ હઝરત સઅદ رضی اللہ عنہ અબૂ મહજન رضی اللہ عنہ ની બહાદુરી જોઈને નવાઈ પામી ગયા હતા કે આ બહાદુરના લડવાનો અંદાજ તો અબૂ મહજન رضی اللہ عنہ નો છે પરંતુ તે તો આ સમયે કેદ છે ! સાંજ સુધી લડાઈનું મેદાન ગરમ રહ્યું. જ્યારે અંધારું ગાઢ થયું અને બંને ફૌજો પોત પોતાની રોકવાની જગાઓ પર પાછી ફરી તો હઝરત અબૂ મહજન رضی اللہ عنہ એ પણ પાછા આવીને પોતાની બેડીઓ જાતે જ પહેરી લીધી.

હઝરત સઅદ رضی اللہ عنہ ઉપરના માળા પરથી નીચે ઉતર્યા અને સલ્માને જંગની વાતો જણાવતાં ફર્માવ્યું, ''આજે અલ્લાહે જંગના મેદાનમાં એક અજીબ વ્યક્તિને મોકલી દીધો જેણે મોં પર નકાબ નાખી રાખ્યો હતો અને અબલક ઘોડી પર સવાર હતો, એણે દુશ્મનોનું મોઢું ફેરવી દીધું જો મેં અબૂ મહજનને કેદમાં ન નાખ્યા હોત તો હું સમજતો કે તેજ છે.''

આ સાંભળી સલ્મા رضی اللہ عنہا એ આખો બનાવ અર્ઝ કરી દીધો. હઝરત સઅદ رضی اللہ عنہ ઘણા જ પ્રભાવિત થયા અને આંખોમાં આંસૂ સાથે ફર્માવ્યું, ''ખુદાની કસમ ! હું આવા મુજાહિદને કેદ નથી રાખી શકતો.'' આમ ફર્માવીને તરત હઝરત અબૂ મહજન رضی اللہ عنہ ને છોડી દીધા. તેઓ પણ મર્દે મો'મિન હતા. છોડતાં જ હઝરત સઅદ رضی اللہ عنہ થી કહ્યું, ''અય અમીર ! હદનો ડર મને શરાબનોશીથી બચાવી ન શક્યો પરંતુ આજે હું ખુદાના ડરથી વાયદો કરું છું કે હવેથી કદી શરાબને હાથ લગાડીશ નહીં.''

જંગે કાદસિયાનો બીજો દિવસ યૌમુલ અગવાષ કહેવાય છે, એ દિવસે દસ હજાર ઈરાની કતલ થયા અને બે હજાર મુસલમાનોએ જામે શહાદત પીધો.

ત્રીજા દિવસે વહેલી સવારે બંને ફૌજો પાછી એકબીજાથી જોડાઈ ગઈ. હઝરત સઅદ رضی اللہ عنہ એ પુખ્ત ઈરાદો કરી લીધો હતો કે આજે લડાઈનો ફૈસલો કરીને જ રહીશું. જેથી એમની હિદાયતોના મુજબ મુસલમાન વધી વધીને ઈરાનીઓ પર ઘણા જ તેજ હુમ્લાઓ કરી રહ્યા હતા. પરંતુ યૌમુલ અરમાષની જેમ આજ પણ ઈરાનીઓના હાથીઓએ તબાહી મચાવી અને મુસલમાનોને ફૈસલો કરનાર વાર કરવાથી રોક્યા. બે પહાડી હાથી એક સફેદ અને એક કાબરચીતરો એ બધા હાથીઓના સરદાર હતા અને મોટી આફત વરસાવી રહ્યા હતા. હઝરત સઅદ رضی اللہ عنہ એ બનૂ તમીમને સંદેશો મોકલ્યો કે તમે સફેદ હાથીને રોકી લો એની આંખો અને સૂંઢ બેકાર કરી દો. એવો જ સંદેશો એમણે કાબરચીતરા હાથીના વિશે બનૂ અસદના જાંબાઝો હમાલ અને બેયલને મોકલ્યો. તમીમી જાંનિષારો હઝરત સઅદ رضی اللہ عنہ નો સંદેશો મળવા પર સફેદ હાથી પર હુમ્લો કરવા લાગ્યા. આ હાથી ચિડાયેલો હતો જે મુજાહિદ એની તરફ વધતો એને પોતાની સૂંઢમાં લપેટીને પગની નીચે કચડીને શહીદ કરી દેતો. એવી રીતે કેટલાય મુજાહિદોએ એકના પછી બીજા શહાદતનો જામ પીધો. છેવટે હઝરત કઅકાઅ رضی اللہ عنہ એ હાથીની તરફ વધ્યા અને ઘણી જ તેજીથી એની સૂંઢ કાપી નાખી અને આંખો બેકાર કરી દીધી. બીજી તરફ કાબરચીતરા હાથીનું પણ હમાલ અને બયલના

હાથોથી એ જ પરિણામ આવ્યું. બંને હાથી દર્દની તકલીફથી છીંકારા મારતા પાછળની તરફ ભાગ્યા તો બીજા હાથીઓ પણ એમની પાછળ થઈ ગયા. એવી રીતે અલ્લાહ તઆલાએ હાથીઓની મુસીબતથી મુસલમાનોને છૂટકારો આપ્યો. હવે સાંજ થઈ ચૂકી હતી પરંતુ હઝરત સઅદ رضی اللہ عنہ લડાઈનો ફેંસલો કરવા પર લાગેલ હતા. એમણે પોતાની ફૌજને ફરીથી અને ફરીથી ઈરાનીઓ પર ફેંસલાજનક હુમ્લો કરવાનો હુકમ આપ્યો. બહાદુરીના જોશથી ભરપૂર મુજાહિદોએ ઈરાનીઓ પર એવો જીવલેણ હુમ્લો કર્યો કે એમના કદમ ઉખડી ગયા. હઝરત કઅકાઅ આસિમ رضی اللہ عنہ અમ્ર બિન મઅદી કર્બ કૈસ رضی اللہ عنہ બિન અશઅષ رضی اللہ عنہ અને એમના જાંબાઝ સાથીઓએ ઈરાનીઓના લશ્કરના દિલને ઉલટાવી દીધાં અને રૂસ્તમના તખ્ત સુધી પહોંચી ગયા. રૂસ્તમના બખ્તરધારી રક્ષકદળોએ ઘણી જ કોશિશ કરી પરંતુ મુસલમાન સરફરોશોએ એના ફૂરચા ઉડાડી દીધા. રૂસ્તમ ઘણો જ ઝખ્મી થઈ ભાગી ગયો અને દરિયામાં છલાંગ લગાડી દીધી. હલાલ બિન અલકમા નામી એક મુજાહિદે એની ટાંગ પકડીને બહાર ઘસેડી લીધો અને તેનું માથુ કાપી નાંખ્યું. પછી તે રૂસ્તમના તખ્ત પર ચઢી ગયા અને જોરથી પુકાર્યું, "મેં રૂસ્તમને કત્લ કરી દીધો છે." આ અવાજને સાંભળતાં જ ઈરાનીઓના હોશહવાસ બિલકુલ જતા રહ્યા અને તેઓ ઘેટાં બકરાંની જેમ ઝબહ થઈ ગયા. જે રાતે આ ખૂની લડાઈ જીતી તેને "લયલતિત્તહરીરા" કહે છે. એનાથી પહેલાં એટલે જંગનો ત્રીજો દિવસ યૌમુલ અમાસના નામથી પ્રખ્યાત છે એ લડાઈમાં ત્રીસ હજાર (૩૦,૦૦૦) ઈરાની તબાહ થઈ ગયા અને એમની એવી બોધદાયક હાર થઈ કે કિસરાના તખ્તની બુનિયાદો હાલી ઉઠી. ઈરાનીઓનો કૌમી ઝંડો "દરકશે કાદયાની" પણ એ જંગમાં મુસલમાનોના હાથે આવ્યો અને ગનીમતના માલની તો કોઈ ગણતરી જ ન હતી. મુસલમાન શહીદોની સામૂહિક સંખ્યા આઠ હજાર આશરે હતી.

પેજ નં. ૧૯ નું ચાલુ....

સમય કે જેટલીવાર નમાઝમાં લાગે ઝિક્રે ઈલાહી, દુરૂદ શરીફ અને બીજા વઝીફા પઢી લેવું જેથી નમાઝની આદત રહે.

**મસ્અલો** : હૈઝ અને નિફાસની હાલતમાં કુર્આન મજીદ જોઈને કે મોઢે પઢવું, એને અડકવું, ભલે તેનો સાદો હિસ્સો હોય અથવા તેની જિલ્દ કે તેની સાથે ચોંટાડેલું કપડું હોય, આંગળી કે શરીરનો કોઈ ભાગ લગાડવો આ સર્વ હરામ છે. *(હિંદિયા વગેરે)*

**મસ્અલો** : કાગળના ટુકડા પર કોઈક આયત લખી છે તો તેને અડકવું પણ હરામ છે.

**મસ્અલો** : કુર્આન શરીફ ઝુજદાનમાં હોય તો તે ઝુજદાનને અડકવામાં વાંધો નથી. *(હિંદિયા)*

**મસ્અલો** : આ હાલતમાં કુર્આન શરીફ અને બીજી મઝહબી કિતાબોને અડકવાના તે જ હુકમો છે જે ગુસલ વિનાના માણસ માટે છે. જે આગળ ગુસલના બયાનમાં લખાઈ ચૂક્યું છે.

**મસ્અલો** : મુઅલ્લિમાને હૈઝ કે નિફાસની હાલત હોય તો તેણી એક એક શબ્દ શ્વાસ તોડી તોડીને પઢાવી દે, હિજ્જે (જોડણી) કરાવવામાં વાંધો નથી.

**મસ્અલો** : આ હાલતોમાં દુઆએ કુનૂત પઢવું મકરૂહ છે.

**મસ્અલો** : કુર્આન મજીદ સિવાય તમામ વિર્દ વઝાઈફ, કલેમા, દુરૂદ શરીફ વગેરે પઢવું કોઈ પણ જાતના વાંધા વિના જાઈઝ છે બલ્કે મુસ્તહબ છે. વુઝૂ કે કોગળા કરી બેહતર છે અને આમ પણ વાંધો નથી અને એને અડકવામાં પણ વાંધો નથી.

**મસ્અલો** : આ હાલતમાં સંભોગની મનાઈ છે પરંતુ બેસવા ઉઠવા, સાથે ખાવા પીવા કે ચુંબન લેવામાં વાંધો નથી.

# ગુનાહોનો ઈલાજ

**લેખક** : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી
[મુતઅલ્લિમ દારુલ ઉલૂમ કાદરિય્યહ ગરીબનવાઝ—લેડી સ્મીથ, આફ્રિકા]

## નફ્સની બીમારીઓ અને તેનો ઈલાજ

જુઓ સૂરએ અબસની આયત ૧૭થી ૨૨માં ઈર્શાદ છે : "ગારત (બર્બાદ) થાય ઈન્સાન, તે કેટલો ફરામોશ (ભૂલનાર) છે, કઈ ચીજ વડે અલ્લાહે તેને પેદા કર્યો ? એક ટીપા વડે તેને પેદા કર્યો, પછી તેની દરેક ચીજ અંદાજાથી બનાવી. પછી જિંદગીનો માર્ગ તેના માટે સરળ કરી આપ્યો પછી તેને મૌત આપી અને તેને કબ્રમાં પહોંચાડી આપ્યો, પછી જ્યારે ચાહશે તેને ફરીવાર જીવંત કરશે."

તો શું તું એને જૂઠ સમજે છે કે જ્યારે તે ચાહશે તને મૃત્યુ બાદ ઉઠાડીને બેઠો કરી આપશે ?! જો તું સાચુ જાણે છે તો પછી તેના હુકમોથી ગાફિલ શા માટે છે ?

જો ધારો કે કોઈ ડોકટર વગેરે તને કાંઈક કહી આપે કે તારી બીમારીમાં ફલાણુ ખાણુ નુકસાનકર્તા છે, પછી તે ખાણુ તારા અન્ય સર્વ ખાણાઓ કરતાં સ્વાદિષ્ટ હોય, મનભાવતુ હોય તેમ છતાં પણ તું સબ્ર કરીશ અને તેને સ્પર્શ કરીશ નહીં. **હવે અમે પૂછીએ છીએ કે જે નબી કરીમ ﷺનો તું ઉમ્મતી છે તેમનું ફર્માન અને ખુદા તઆલાનું ફર્માન તારી નજીક એટલું પણ નથી કે એક ડોકટરના કથનના બરાબર હોય ?! કે એની તારા પર અસર થાય છે પરંતુ અલ્લાહ عزوجل અને તેના રસૂલ ﷺના હુકમોની તારા પર કોઈ અસર થતી નથી !**

અફસોસ ! સેંકડો અફસોસ ! હે નફ્સ ! આ કામ બુદ્ધિશાળીઓનું નથી. જો તારો આ હાલ ચોપગાંઓ સમક્ષ ખોલી દેવામાં આવે તો તેઓ તારા પર અને તારી અક્કલ પર જરૂર આશ્ચર્ય કરે. હે કમબખ્ત ! જો તું આખેરત પર ઈમાન ધરાવે છે તો પછી ક્યા કારણે અમલમાં સુસ્તી કરે છે ? મૌત તો તારા ઘાટમાં લાગેલી છે, કદાચ આ જ આજનો દિવસ તારો અંતિમ દિવસ હોય, અથવા તું ઈન્તેઝારમાં હોય કે જ્યારે નફ્સનો વિરોધ કરવાનું મુશ્કેલ નહીં હોય ત્યારે ઈબાદત શરૂ કરીશ, યાદ રાખ કે એવો દિવસ ખુદાએ પેદા કર્યો છે ન કરશે ! જન્નત તો નફ્સ પર કઠીન લાગતી વાતો અને નેક અમલથી જ મળશે. વિચાર તો ખરો કે દરરોજ તું વાયદો કરે છે કે એને કાલે કરીશ, અને કાલ કાલ કરતાં દરેક કાલ આજ બની જાય છે. કદાચ તું એ બહાનું આગળ ધરે કે હું એટલી તકલીફ નથી ઉઠાવી શક્તો, લિજ્જતો અને વાસનાઓનો લાલચુ છું અને તકલીફ તથા મુશ્કેલી પર સબ્ર નથી કરી શક્તો, તો એ વાત પણ તારી પ્રથમ કક્ષાની મૂર્ખાઈ છે કે આજે તું દુનિયામાં નફ્સની વિરુધ્ધ થોડી સરખી તકલીફ નહીં વેઠે તો યાદ રાખ ! જો ખુદા ન ખ્વાસ્તા કબ્ર તથા આખેરતમાં અલ્લાહ عزوجلનો અઝાબ શરૂ થઈ ગયો તો તે કેવી રીતે સહન કરીશ.

હે નફ્સ ! દુનિયાની જિંદગી પર ઘમંડ ન કર, અને તારો સમય ન વેડફ, કેમ કે થોડાક ગણત્રીના શ્વાસો તને મળ્યા છે, તારી જિંદગી બરફ જેમ સતત ઘટતી જઈ રહી છે જેથી બીમાર થવાથી પહેલાં તંદુરસ્તીને, વ્યસ્તતાથી પહેલાં ફુરસદની પળોને તથા મુફલિસીથી પહેલાં તવંગરીને તથા ઘડપણથી પહેલાં જવાનીને અને મૌતથી પહેલાં જિંદગીને ગનીમત (કિંમતી) જાણ ! તું આટલો બધો સવાબ તથા અઝાબ અને કયામતની હાલતોથી ગાફેલ કેમ છે ? શું તું દુનિયાની લિજ્જતોને ત્યજી નથી શક્તો ?! કે એનું દષ્ટાંત તો એ પ્રકારનું છે કે કોઈ શખ્સને બાદશાહ પોતાના મહેલની સૈર કરવા અને બીજા દરવાજે થઈને નીકળી જવાનો હુકમ કરે અને તે શખ્સ કોઈ ખૂબસૂરત ચીજને જોઈને ત્યાં ગુમ થઈ જાય અને તેનો નીકળવાનો જીવ ન ચાહે, અને બાદશાહના હુકમ અને આવવા જવાને ભૂલી જાય. અને છેવટે હુકમપૂર્વક કાઢી મૂકવામાં આવે, તો બતાવો કે આવો શખ્સ બુદ્ધિશાળી ગણાશે કે અક્કલનો દુશ્મન ?! એ જ પ્રમાણે દુનિયા માલિકુલ મલૂકનું ઘર છે અને તમને ઈજાઝત કેવળ એમાં થઈને પસાર થવાની જ આપવામાં આવી છે અને જેટલી ચીજો આ દુનિયામાં

છે તું એમાંથી પસાર થનારો છે.

હે નફ્સ ! તું આગળ થઈ ગયેલા લોકોનો હાલ નથી જોતો કે તેઓ પોતાનાં આલીશાન મકાનો, જમીનો તથા મુલ્કોને છોડીને ચાલ્યા ગયા અને એવી એવી ઉમ્મીદો કરતા હતા કે જેના સુધી પહોંચી ન શક્યા અને મૌતે તેમને મણો માટી નીચે સૂવડાવીને રાખી દીધા. અને એ કામ તારું શાણપણભર્યું નથી જ્યારથી તું પોતાની માંના પેટથી નીકળ્યો છે તે દિવસથી તું તારી ઉમરની દીવાલ ફેંકતો ચાલ્યો જઈ રહ્યો છે અને માલની વૃદ્ધિ થતાં ખુશ થાય છે અને ઉમર ઘટવાનો ગમ નથી કરતો. જો ઉમર ઘટી ગઈ અને માલ વધ્યો તો એવા માલથી તને શો ફાયદો ?!

હે કમબખ્ત ! તું આખેરતથી દિલ ચુરાવે છે અને તે તારા તરફ દોડીને આવી રહી છે અને તું દુનિયાની તરફ સંપૂર્ણપણે ધ્યાનિત છે અને તે તારાથી મોઢું ફેરવી રહી છે !

હે નફ્સ ! તું ઘણો જ નાફર્માન તથા બેવકૂફ છે ! કે ન દુનિયા પણ મળી ન દિન પણ મળ્યો. હવે એવું સમજ કે મૌત તદ્દન નજીક આવી ગઈ છે, જે કાંઈ કરવું હોય તે હવે જલ્દી કર, નહીં તો તારા તરફથી ન કોઈ નમાઝ પઢશે, ન રોઝા રાખશે અને ન ઈબાદત કરશે. હવે તું ખુદા તઆલાને રાજી કરી લે અને ગુનાહોભરી જિંદગીને છોડીને તૌબા કરનાર બન ! તું નથી જાણતો કે મૌત તારા વાયદાની જગા છે અને કબ્ર તારું ઘર છે અને કયામતનો ખૌફ તારી પાછળ લાગેલો છે.

હે કમબખ્ત ! તને જરાય શરમ નથી આવતી કે જાહેરને તો લોકોના વાસ્તે સજાવે છે અને બાતિન (અંતર)માં ગુનાહ કરીને ખુદાને નારાજ કરે છે ! લોકોની શરમ છે અને ખાલિક ﷻ થી નથી ! શું તે તને લોકોની સરખામણીએ ઓછો જુએ છે ?! લોકોને તું નેકીની તરફ બોલાવે છે અને પોતે બુરાં કામો કરે છે, અન્યોને યાદ અપાવે છે અને ખૂદ તે પાક ઝાતને ભૂલી ચૂકેલો છે શૈતાનની તરફ નથી જોતો કે તેણે બે લાખ વરસ સુધી ઈબાદત કરી અને અંતે એક નાફર્માનીના સબબે તેનો અંજામ શું થયો ? ! તું આટલી ખતાઓ છતાં પણ દુનિયાને આબાદ કરે છે, છેવટે શું તું આ દુનિયાને છોડીશ નહીં ?! કબ્રસ્તાનવાળાઓનો હાલ કેમ નથી જોતો જેમણે ઘણો જ માલ જમા કર્યો હતો અને મજબૂત મકાનો બનાવ્યાં હતાં અને મોટી મોટી ઉમ્મીદો રાખતા હતા પણ સર્વેના અરમાન ખાકમાં મળીને રહી ગયા ! અને શું તને તેમના હાલથી બોધ નથી મળતો !

પ્યારા ભાઈઓ ! હકીકતમાં આ દુનિયાની મજાઓ સ્વપ્ન સમાન છે. જે બંદો દુનિયાની રંગીનીઓમાં ખોવાયેલો છે તે યકીનન ! ગફલતની નિદ્રામાં સૂતેલો છે. પણ મૃત્યુ આવતાં તે જાગી ઉઠશે. યાદ રાખશો ! નફ્સે અમ્મારા બંદાના હક્કમાં ઈબ્લીસથી મોટો દુશ્મન છે, ઈબ્લીસ એના થકી માણસ પર પકડ જમાવીને બુરાઈ તરફ દોરી જાય છે અને નેકીનાં કામોથી દૂર રાખે છે.

જેથી નફ્સ જે ચીજનો ઈચ્છુક રહે તેનાથી વિરુધ્ધ કરવું જોઈએ. પોતાના નફ્સના ધોકામાં ન આવવું જોઈએ. સામાન્યતઃ ખ્વાહિશો તથા લિજ્જતોથી દૂર રાખવું તેનો ઘેરાવ છે.

નફ્સને મારવા તથા તેનો ઘેરાવ કરવાના સંબંધે એ પ્રશ્ન ઉદ્ભવે છે કે જો નફ્સ ખત્મ થઈ જાય તો બંદાઓના હક્કો અને દુનિયાવી વ્યવસ્થાતંત્ર કેમ કરીને ચાલશે ? તો તેનું સરળ દષ્ટાંત એ છે કે જેવી રીતે હકીમો શંખ, હળતાલ (ઝેરીલી ધાતુ), કંકુ અથવા ચાંદી વગેરે મારે છે અને તેનામાં ગરમીની અસર પેદા કરે છે કે તેની નુકસાનકારક અસરો ખત્મ થઈને તિર્યાકપણુ કબૂલ કરી લે, જ્યારે કે પહેલાં તેની ઝહેરી અસરો માણસના જીવ માટે અસરકર્તા થઈ શક્તી હતી પણ હવે બુટ્ટીઓના પાણીમાં વાટીને તેને આગથી તપાવીને તેની ઝેરીલી અસરો ખત્મ થઈને અકસીરી ખૂબી પેદા થઈ જાય છે અને થોડાક ખોરાકોથી જ કમજોરોને ફાયદો થાય છે. તદ્ઉપરાંત અન્ય બીમારીઓમાં પણ તિર્યાક સાબિત થાય છે.

એ જ પ્રમાણે નફ્સની ઝેરીલી ખરાબવૃત્તિઓ ઝિક્ર તથા અઝકારની બુટ્ટીઓ થી કામિલ મુર્શિદ શરીઅતની આગમાં મારે છે અને તેના અંદર ઉમદા ગુણો આવી જાય છે. હવે એ જ માણસ થોડાક દિવસો પહેલાં જંગલીપણાનો નમૂનો હતો તે જ હવે હુસ્ને અખ્લાક (સદ્ગુણો)નો નમૂનો બની ગયો અને નમાઝ, રોઝા તથા અન્ય ઈબાદતોમાં રાત દિવસ લાગેલો છે.



# ટેલીફોન તથા ઈન્ટરનેટ પર નિકાહ તથા તલાક

અઝ : **મુફ્તી અમીરહુસૈન અલીમી** *(દારુલ ઉલૂમ અલીમિયહ્, જમદાશાહી, બસ્તી, યુ.પી.)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*વર્તમાન સમયે મીડિયા તેની આદત પ્રમાણે ઈસ્લામ તથા મુસલમાનના કોઈપણ મસ્અલામાં હોબાળો તથા ચર્ચા ખડી કરવામાં અતિશયોક્તિ કરી નાખે છે, તેમજ જ્યાંના મુફતીઓ લાંચ લેતા પકડાયેલા તેવા દારુલ ઈફતા દેવબંદથી પણ જાત જાતના વિચિત્ર ફત્વા નીકળતા રહે છે. તેવો જ એક ફત્વો દા.ઉ. દેવબંદથી ઈન્ટરનેટ તથા ફોન પર નિકાહ વિશે અખ્બારોમાં હાલ ચમક્યો છે, તો ખરેખર શરીઅતની રૂએ ઈન્ટરનેટ તથા ફોન પર કઈ સ્થિતિમાં નિકાહ જાઈઝ થશે તેનો તદ્દન સાદો સરળ સમજાય તેવો ખુલાસો અત્રે રજૂ કરીએ છીએ.* **-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)**

સાયન્સ અને ટેક્નોલોજીની આશ્ચર્યજનક પ્રગતિથી જેવી રીતે અસંખ્ય સહૂલતો ઉપલબ્ધ થઈ ગઈ છે તેવી જ રીતે ઈસ્લામી જગત માટે ઘણી સમસ્યાઓ પણ ખડી થઈ ગઈ છે. પણ **ઈસ્લામ એક સંપૂર્ણ જીવન બંધારણ તથા જિંદગીનો દસ્તૂર છે અને મૌત તથા જિંદગીના દરેક વળાંક પર દુનિયાની હિદાયત તથા રહનુમાઈનો જામિન છે એટલા માટે ક્ફિયામત સુધી કોઈ પણ એવો વળાંક નહીં આવે કે જ્યાં ઈસ્લામ પોતાની જિમ્મેદારી ન નિભાવી શકે અને એ અર્વાચીન સમસ્યાનો હલ ન રજૂ કરી શકે.** આ ખૂબીનો ઉલ્લેખ કરતાં માજીના ફક઼ીહ, ફક઼ીદુલ્ મિષાલ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ક઼ાદરી બરકાતી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

''હે પ્રિય ! આ ફિત્નાસભર જમાનામાં લોકો શરીઅતના હુકમો પર સખત દિલેર છે, ખાસ કરીને એ મસાઈલમાં જેને વર્તમાન શોધો સાથે સંબંધ છે જેમ કે તાર, વીજળી વગેરે. એવું સમજે છે કે દીનના ઈમામોની કિતાબોમાં એના વિશે હુકમ નીકળશે નહીં ! જેથી શરીઅતના વિરોધીઓનો અમારા પર ઈલ્ઝામ ચાલશે, પણ જાણ્યું નહીં કે દીનના ઉલમા (شکر اللہ تعالٰی مساعیہم الجمیلۃ)એ કોઈ હર્ફ (અક્ષર) તે અઝીઝોના ઈજતેહાદ માટે નથી બાકી છોડયો. સ્પષ્ટ રીતે, નિર્દેશની રીતે, મૂળ પરથી વિવિધ રીતે, અસલ રીતે સર્વ કાંઈ ફર્માવી આપ્યું છે. વધુ ઈલ્મ તેને છે જેને અધિક સમજ છે અને ઈન્શાઅલ્લાહુલ અઝીઝ જમાનો એ ખુદાના બંદાઓથી ખાલી ન થશે જેઓ મુશ્કેલને સરળ કરવાના, સંક્ષિપ્તની વિગત પામવામાં નિષ્ણાત હોય. સમુદ્રથી છીપ અને છીપમાંથી મોતી, બીજથી ઝાડ અને ઝાડથી ફળ કાઢવા માટે અલ્લાહના હુકમથી શક્તિમાન હોય.'' *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૪, પેજ–પ૨૬)*

સારાંશ કે કોઈ અર્વાચીન મસ્અલો એવો નથી જેનો સંતોષકારક જવાબ શરીઅતના કાનૂનોમાં તથા ફક઼ીહોના અહકામના ખજાનાઓમાં મૌજૂદ ન હોય. વધુ વિગતમાં ન જતાં હાલ કેવળ ઈન્ટરનેટ તથા ટેલીફોનના થકી નિકાહ તથા તલાકનો હુકમ ફિક઼્હની કિતાબો તથા ફતાવાઓની રોશનીમાં રજૂ કરવામાં આવે છે.

ઈન્ટરનેટ અથવા ટેલીફોનથી નિકાહની સ્થિતિ એવી હોય છે કે છોકરો તથા છોકરી બે અલગ અલગ સ્થળોએ રહીને ફોનના થકી આપસમાં નિકાહ કરી લે છે, તો આ રીતે નિકાહ જાઈઝ તથા સહીહ છે કે નહીં ? આવો, ફિક્હની કિતાબોમાં વર્ણન કરેલ નિકાહના તરીકાઓનો અભ્યાસ કરીએ જેથી જવાબ સંપૂર્ણપણે સ્પષ્ટ થઈને સામે આવી જાય.

## નિકાહ કરવાના તરીકા

ફુક્હાએ કિરામે નિકાહ કરવાના ત્રણ તરીકા વર્ણન કર્યા છે : (૧) કિતાબ (૨) રિસાલા (૩) ખિતાબ. સાથોસાથ એ સર્વ શરતોની વિગત પણ વર્ણન કરી છે જે આ ત્રણેવ તરીકાઓ માટે લાઝમી (અનિવાર્ય) છે. અમે સંક્ષિપ્તમાં એનું વર્ણન કરીએ છીએ :–

## ''કિતાબ'' એટલે ''પત્ર થકી નિકાહ કરવો''

એનો તરીકો એ છે કે છોકરો અથવા છોકરીમાંથી કોઈ બીજાને પત્ર લખે કે, ''મેં તમારી સાથે આટલી મહેરના એવજમાં નિકાહ કર્યો.'' જ્યારે આ પત્ર બીજી વ્યક્તિ (છોકરો કે છોકરી)ને મળે તો તે આ લખાણ ગવાહોની મૌજૂદગીમાં તેમને વાંચીને સંભળાવે, સાથોસાથ એમની મૌજૂદગીમાં એવું કહે કે, ''મેં કબૂલ કર્યું.'' તો એ છોકરો તથા છોકરાના નિકાહ થઈ ગયા તથા સહીહ થઈ ગયા. કે આ સ્થિતિમાં પત્ર વાંચીને સંભળાવવું એ 'ઈજાબ'ના હુકમમાં છે અને પછી ગવાહોની મૌજૂદગીમાં કબૂલ કરવાથી 'ઈજાબ' તથા 'કબૂલ'ની સાથે આપસમાં જોડાણ પણ જોવા મળ્યું. જેથી નિકાહ અરકાનની શરતો મુતહક્કિક્ (તેહકીકપૂર્ણ) હોવાના કારણે સેહત તથા ઈન્એકાદનો (સહીહ રીતે થઈ જવાનો) હુકમ પણ સાબિત થઈ ગયો. ફિક્હે હનફીની મહાન કિતાબ ફતાવા આલમગીરીમાં છે :–

**واذا بلغها الكتاب وقرأته ولم تزوج نفسها فى ذلك المجلس وانما زوجت نفسها منه فى مجلس آخربين يدى---** (كتاب النكاح ١/٢٦٩)

## ''રિસાલા'' એટલે સંદેશવાહક (એલચી)ના થકી નિકાહ

એની સ્થિતિ એ હોય છે કે, ધારો કે કોઈ છોકરીએ કોઈ વ્યક્તિને કહ્યું કે ફલાણાની પુત્રી ફલાણીને મારા તરફથી એ પયગામ પહોંચાડો કે ફલાણાના પુત્ર ફલાણાએ તમારી સાથે આટલા મહેરના એવઝમાં નિકાહ કર્યો. હવે નિકાહનો તે કાસિદ (એલચી) છોકરી પાસે પહોંચીને પયગામ આપવા ચાહે તો છોકરી ગવાહોને બોલાવીને તેમની સમક્ષ કાસિદના મોઢેથી તે શબ્દો સાંભળે જે કહીને છોકરાએ મોકલ્યો હતો. પછી છોકરી તે જ મજલિસમાં અથવા બાદમાં તે જ ગવાહોની મૌજૂદગીમાં કબૂલ કરી લે, તો આ સંજોગોમાં પણ નિકાહ જોડાઈ જશે. ઈસ્લામી ફિક્હના મહાન મુહક્કિક્, મલિકુલ ઉલમા અલ્લામા મસઊદ કાસાની رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**ولو ارسل اليها رسولا او كتب اليها كتابا فقبلت بحضرة شاهدين سمعا كلم ارسول وقرأت الكتاب جاز ذلك لا تحاد المجلس من حيث المعنى، لان كلام الرسول---** (بدائع الصنائع ٢/٩١/٤٩٠)

આ બંનેવ સ્થિતિઓનો અભ્યાસ કર્યા બાદ દરેક આકિલ (બુદ્ધિશાળી) એ ફેંસલો કરી લેશે કે ફોન તથા ઈન્ટરનેટ પર નિકાહ ''ખિતાબ''ના હેઠળ આવે છે ? વળી શું ''ખિતાબ''ની સર્વ શરતો પણ જોવા મળે છે ? આ બાબતોની સ્પષ્ટતા બાદ ઈન્શાઅલ્લાહ ! શરીઅતનો હુકમ સ્પષ્ટ થઈને વાંચકો સમક્ષ જાહેર જશે.

**ખિતાબ** : એ છે કે છોકરા કે છોકરીમાંથી કોઈ પણ એકબીજાને સંબોધીને કહે કે, **''મેં તારા**

**સાથે આટલા મહેરના બદલામાં નિકાહ કર્યા.''** અને બીજુ **(સામેવાળુ) તેને ક઼બૂલ કરી લે.** ખિતાબની સ્થિતિમાં નિકાહ કાયમ થવા માટે જરૂરી છે કે બંનેવ એકબીજાની અયન જાત (અસલ અસ્તિત્વ)ને જોઈ રહ્યાં હોય. કોઈપણ એકબીજાની નજરથી ગાયબ ન હોય અને જો કોઈ ગાયબ હોય, દા.ત. એક જણ ઘરની બહાર અને બીજુ ઘરની અંદર હોય તો જરૂરી છે કે યક઼ીનની સાથે ખબર હોય કે ફલાણાએ ઈજાબ કે કબૂલ કર્યુ છે. એમાં કોઈપણ પ્રકારની શંકા કુશંકા ન હોય.

ફતાવા આલમગીરીમાં છે :–

**اذاکان احدهما غائبالم ينعقد حتی لو قالت امرة بحضرة شاهدين زوجت نفسی من فلان وهو غائب فبلغت الخبر فقال قبلت او قال عجل بحضرة شاهدين تزوجت-----** (۲۶۹/۱)

એમાં છે :–

**ومنها ان يكون الزوج و الزوجة معلومين فلو زوج بنته وله بنتان لا يصح الا اذا كانت احد هما متزو جة فينصرف الى الفارغة** (۲۷۰/۱)

એ જ પ્રમાણે નિકાહનું બંધન જોડાવા માટે ગવાહીની પણ શરત છે, જેનો મતલબ એ છે કે **નિકાહના સમયે બે ગવાહો જેની રૂબરૂ નિકાહ કરનારાંઓ 'ઈજાબ' તથા 'ક઼બૂલ'ના શબ્દો ઉચ્ચારે અને ગવાહો (શાહિદો) તેને સાંભળે.** બદાએઅ્ વ સનાએઅ્માં છે :–

**ومنها سماع الشاهدين كلام المتعاقدين جميعا حتی لو سمعا كلام احدهما دون الاخر اوسمع احدهما كلام احدهما و الا خر لا يجوز النكاح لان الشهادة اعنی حضورة الشهود ---** (۵۲۷/۲)

નિકાહના ત્રણેવ તરીક઼ાઓની વિગતવાર ચર્ચાથી એ બાબત સ્પષ્ટ થઈ જાય છે કે ઈન્ટરનેટ અથવા ફોનના થકી નિકાહ ''કિતાબ'' તથા ''રિસાલા'' હેઠળ નથી આવી શક્તો. બલ્કે ''ખિતાબ''ના ગૃપમાં છે, પણ ''ખિતાબ''ના થકી નિકાહના સહીહ થવા માટે જરૂરી છે કે બંને પક્ષ (છોકરો તથા છોકરી) એકબીજાથી ગાયબ ન હોય. જ્યારે કે અહીં નિકાહનાં બંને પાત્રો એકબીજાથી ગાયબ રહે છે. રહી એ શંકા કે અમુક ટેલીફોન અથવા ઈન્ટરનેટ પર છોકરો તથા છોકરીની તસ્વીર સંપૂર્ણપણે જોવા મળે છે તો આ રીતે જાણે કે બંને પાત્રો એકબીજાથી ગાયબ નથી હોતા.

તો એના સંબંધે જણાવવાનું કે ઈન્ટરનેટ અથવા ફોન પર જે ચહેરો જોવા મળે છે તે કેવળ એક છબી (પ્રતિબિંબ) છે, છોકરો કે છોકરીની અસલ જાત નથી, જ્યારે કે નિકાહ કોઈ છોકરા કે છોકરીની છબી સાથે નથી થતા બલ્કે તેની શરીરવાળી જાત જીવંત ઢાંચા સાથે થાય છે. અને એ જાહેર છે કે તે જાત જરૂર બંનેવની નજરોથી ઓજલ છે. તદ્ઉપરાંત બંનેવ વિવિધ સ્થળોએ બંનેવને રહેવાની સ્થિતિમાં નિકાહની મહત્વની શર્ત રૂબરૂ ગવાહીની પણ ઉણપ ઉભી થાય છે, એના કારણે એવા નિકાહ સહીહ થવાનો હુકમ નથી થઈ શક્તો.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ક઼ાદરી બરકાતી رحمۃ اللہ علیہના એક ફત્વાથી અહીં રોશની મળે છે. આપ લખે છે : ''ટેલીફોન કરનાર જો સાંભળનારની સમક્ષ ન હોય તો શરીઅતની દષ્ટિએ એનો કાંઈ એતબાર નથી, ભલે અવાજ પહોંચાડવામાં આવે, કેમ કે અવાજને મળતો અવાજ હોય છે, જો તે કોઈ ગવાહી આપી દે તો વિશ્વનીય ગણાશે નહીં અને જો કોઈ વાતનો ઈકરાર (સ્વીકાર) કરી લે તો સાંભળનારના માટે એના પર ગવાહી આપવાની ઈજાઝત નથી. હા ! જો તે એની નજર સામે છે જેને રૂબરૂ સામ સામે ગણવામાં આવે છે એટલે તેની બંનેવ આંખો તેની બંનેવ આંખોની સમક્ષ હોય, એકબીજાને જોઈ રહ્યાં હોય અને ટેલીફોનનું માધ્યમ કેવળ સરળતા માટે હોય કે એટલા દૂરથી અવાજ

પહોંચાડવું મુશ્કેલ હતું. આ સ્થિતિમાં તેની વાત જે હદ સુધી મોઅતબર થશે..... તબય્યેનુલ ઈલ્હાક઼, પછી ફતાવા આલમગીરીમાં છે :–

**ولوسمع من المراء الحجاب لا يسعه ان يشهد لا حتمال ان يكون غيره وسع اقرار الداخل ولا يراه لانه يحصل به العلم ينبغى للقاضى ان فسرله ان لا يقبله**

ઝખીરા પછી હિંદિયહમાં છે :–

**كان الفقيه ابو الليث يقول : اذا اقرت المرأة من وراء الحجاب وشهد عدنه اثنان انها فلانة لا يجوز لمن سمع اقرارها ان يشهد على القرارها الا ان راى شخصها الخ..**

*(ફતાવા રઝવિય્યહ, પેજ–૫૨૮, ભાગ–૪, કિતાબુસ્સોમ)*

આ સર્વ ચર્ચાઓ તથા ઈર્શાદો તથા લખાણોથી એ હક઼ીક઼ત જાહેર થઈ જાય છે કે **બે વિવિધ શહેરોમાં રહેવા છતાં જાતે પોતે છોકરો કે છોકરીનું ફોન કે ઈન્ટરનેટ પર નિકાહ કરવું શરીઅતની રૂએ એક નિરર્થક ચીજ છે.** એનાથી બે અજનબી પાત્રો એક હારમાં નથી પરોવાઈ શકતાં અને ન તો બે રિશ્તા વિનાની (અજનબી) વ્યક્તિઓ નિકાહના બંધંનમાં જોડાઈને એક થઈ શકે છે. શરઈ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા–બરેલી શરીફ અને ફિક઼્હી સેમીનાર બોર્ડ–દિલ્હીમાં ટેલીફોન તથા ઈન્ટરનેટ પર નિકાહના સંબંધે જે ફેંસલા થયા તે નીચે પ્રમાણે છે :–

## ફિક઼્હી સેમીનારનો ફેંસલો

છોકરો તથા છોકરી બંનેવ વિવિધ શહેરોમાં રહીને અથવા એક જ શહેરમાં રહીને ગાઈબાના રીતે સ્વજાતે (એકબીજાથી અદશ્ય રહીને) **ટેલીફોન અથવા ઈન્ટરેનટ પર વાતચીત થકી 'ઈજાબ' તથા 'ક઼ુબૂલ' કરીને નિકાહ કરે તો આ નિકાહ સહીહ નથી,** ભલે ગવાહો છોકરાની પાસે મૌજૂદ હોય અને બંનેની તસ્વીરો પણ દેખાતી હોય.

## ફોન તથા ઈન્ટરનેટ પર નિકાહ જાઈઝ થવાની સ્થિતિ

**(૧)** છોકરો તથા છોકરી બંને ફોન તથા ઈન્ટનેટ થકી કોઈ ત્રીજી વ્યક્તિને પોતાના નિકાહનો વકીલ બનાવી દે અને તે વકીલ ગવાહોની મૌજૂદગીમાં ફોન પર કે ફોન વિના પોતાને બંનેનો વકીલ જાહેર કરીને નિકાહ કરી આપે. દા.ત. એવું કહે કે હું ફલાણાના પુત્ર ફલાણાના સાથે ફલાણાની પુત્રીનો વકીલ છું એટલા માટે મેં ફલાણાના પુત્ર ફલાણાની સાથે ફલાણાની પુત્રી ફલાણીના નિકાહ આટલા મહેરમાં કર્યો, તો તરત જ **નિકાહ થઈ જશે કે આ સ્થિતિમાં બંનેએ કોઈ ત્રીજાને ફોન થકી પોતાનો વકીલ બનાવ્યો અને બસ, અને વકીલ બનાવવા માટે કોઈ ગવાહની શરત નથી.**

જેથી ફતાવા આલમગીરીમાં છે :–

**يصح التوكيل بالنكاح وان لم يحضره الشهود**

**كذا فى التتار خانيه ناقلا عن خواهر زاده** (٢٩٤/١)

**(૨)** બીજી સ્થિતિ એ છે કે છોકરી કે છોકરામાંથી કોઈ એકબીજાને ફોન અથવા ઈન્ટરનેટ પર પોતાના નિકાહનો વકીલ બનાવી આપે. દા.ત. એવું કહી આપે કે તમે ગવાહોની મૌજૂદગીમાં મારો નિકાહ આટલા મહેરના બદલામાં પોતાની સાથે કરી લો અને તે બે પુરૂષ કે એક પુરૂષ તથા બે સ્ત્રીઓની મૌજૂદગીમાં ફોન પર પોતાની વકાલતને જાહેર કરીને પોતાને ઈજાઝત આપેલાની સાથે નિકાહ કરે. દા.ત. વકીલ છોકરો છે તો એવું કહે કે ફલાણાની પુત્રી ફલાણીએ મને પોતાની સાથે નિકાહનો વકીલ બનાવ્યો છે જેથી મેં એની સાથે આટલા મહેરના બદલામાં પોતાના નિકાહ કર્યા. તો નિકાહ તરત

જોડાઈ જશે તથા સહીહ અને લાગુ થઈ જશે કે નિકાહના પ્રકરણમાં શરીઅતે તાહેરાએ એટલી હદ સુધી લચક રાખેલી છે કે એક જ વ્યક્તિ નિકાહના બંનેવ અરકાન ' ઈજાબ' તથા 'કુબૂલ'ની જિમ્મેદારી અંજામ આપી શકે છે. આ લેહાઝથી આ વર્ણન કરેલ દષ્ટિમાં છોકરો પોતાની તરફથી અસીલ તથા છોકરીની તરફથી વકીલ છે અને તેની જીભથી અદા થનાર શબ્દો જ પતિ પત્નીમાંથી એકના તરફથી નિકાહના અકદમાં (બંધનમાં) ઈજાબ તથા કબૂલના કાઈમ મુકામ (સ્થાને) છે.

## ફોનથી તલાકનો હુકમ

આ વિગત તો નિકાહના સંબંધે હતી, પણ તલાકનો મામલો એનાથી અલગ છે કે એમાં ન તો ગવાહની જરૂરત છે ન તો તલાકના શબ્દો સાંભળીને પત્નીએ કબૂલ કરવાની શરત છે, એટલા માટે **જો કોઈએ પોતાની પત્નીને ફોન પર અથવા ઈન્ટરનેટ પર તલાક આપી તો તલાક થઈ જશે, પણ શર્ત એ છે કે પતિ તલાક આપવાનો ઈકરાર કરી લે,** અને જો તે ઈન્કાર કરી આપે તો તલાક માનવામાં આવશે નહીં, કેમ કે અવાજ એક બીજાના જેવો હોઈ શકે છે. તમામ ફિકહની કિતાબોમાં સ્પષ્ટતા છે :–

النغمه تشبه النغمة الصوت يشبه الصوت

"તો શક્ય છે કે કોઈ બીજાએ પતિનો અવાજ બનાવીને તલાકના શબ્દો અદા કરી આપ્યા હોય. પણ જ્યારે પતિ ખૂદ સ્વીકાર કરી લેશે તો તલાક સાબિત થઈ જશે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

*(ત્રિ માસિક, સુન્ની દા'વતે ઈસ્લામી, મુંબઈ, જુલાઈથી સપ્ટે. ૦૭)*

# હઝરત ઈમામ જાફર સાદિક અને એક નાસ્તિક

કાર્યાલય

હઝરત ઈમામ જાફર સાદિક رضی اللہ عنہ (વિસાલ : ૧૫ રજબ)ની મુલાકાત એક ખુદાની હસ્તીના મુન્કિર નાસ્તિક નાવિક સાથે થઈ. તે કહેતો હતો કે કોઈ ખુદા નથી. (મઆઝલ્લાહ !) હઝરત ઈમામ જાફર સાદિક رضی اللہ عنہએ તેને કહ્યું કે તું જહાઝ ચલાવે છે તો જણાવ કે ક્યારેક સમુદ્રના તોફાનમાં પણ સપડાયો છે ? તે બોલ્યો, હા ! મને સારી રીતે યાદ છે કે એકવાર સમુદ્રના સખત તોફાનમાં મારું જહાઝ ફસાઈ ગયું હતું. હઝરત ઈમામ જાફર સાદિક رضی اللہ عنہએ ફર્માવ્યું કે, પછી શું થયું ? તે બોલ્યો, મારું જહાઝ ડબૂી ગયું અને તેમાં સવાર હતા તે સર્વ લોકો ડૂબી ગયા. આપે પૂછયું કે તું કઈ રીતે બચી ગયો ? તે બોલ્યો કે મારા હાથે જહાઝનો એક તખ્તો આવી ગયો, અને હું તેના સહારે તરતો તરતો કિનારાની નજીક સુધી પહોંચી ગયો. અને હવે કિનારાની નજીક હતો એવામાં એ તખ્તો પણ છૂટી ગયો ! પછી મેં જાતે જ કોશિશ શરૂ કરી દીધી અને હાથ પગ મારીને કોઈ ને કોઈ રીતે કિનારે આવી પહોંચ્યો. હઝરત ઈમામ જાફર સાદિક رضی اللہ عنہ કહેવા લાગ્યા કે લો ! હવે સાંભળો ! જ્યારે તું તારા જહાઝ પર સવાર હતો ત્યારે તને જહાઝ પર ભરોસો હતો કે એ પાર લગાડી આપશે. જ્યારે એ ડૂબી ગયું તો પછી તારો ભરોસો તે તખ્તા પર રહ્યો જે આકસ્મિક રીતે તારા હાથ ચડયો હતો. પણ જ્યારે તે છૂટી ગયો તો હવે વિચાર કરીને જણાવ કે એ લાચારીની હાલતમાં પણ શું તને એ ઉમ્મીદ હતી કે હજી પણ કોઈ બચાવવા ચાહે તો હું બચી શકું છું ? તો બોલ્યો, હા ! એ ઉમ્મીદ હતી ? હઝરતે ફર્માવ્યું કે, પણ તે ઉમ્મીદ કોનાથી હતી ? કે કોણ બચાવી શકે છે ? હવે તે નાસ્તિકિ ખામોશ થઈ ગયો. અને આપે ફર્માવ્યું કે, સારી રીતે યાદ રાખ ! એ નિરાધાર હાલતમાં તને જે જાતથી ઉમ્મીદ હતી તે જ ખુદા છે અને એણે તને બચાવી લીધો હતો. નાવિક આ સાંભળીને હોશમાં આવી ગયો અને તેણે ઈસ્લામ સ્વીકારી લીધો. *(તફસીરે કબીર, ભાગ–૧, પેજ–૨૨૧)*

નમાઝીઓ સાવધાન !

# તમારી સફોને સીધી કરો !

લેખક : હઝરત મૌલાના અબ્દુલમુબીન નોઅમાની સાહબ
અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી દયાદરવી (હાલ : મુબારકપુર, યુ.પી.)

બેશક ! નમાઝ તમામ ઈબાદતોમાં મહત્વપૂર્ણ છે તથા તેનો સવાબ પણ અધિક છે અને નમાઝમાં જ બંદો પોતાના રબ ﷻના કુર્બથી સર્વાધિક મુશર્રફ થાય છે માટે નમાઝ જેવી અઝીમ અને અહમ ઈબાદતને સંપૂર્ણ કાળજી તથા ધ્યાનપૂર્વક અદા કરવી જોઈએ. આજકાલ નમાઝોથી સુસ્તી તો કરવામાં આવે છે પરંતુ અફસોસ એ વાતનો છે કે જેઓ નમાઝ પઢતા હોય છે તેઓમાં પણ અધિકતમ નમાઝ સહીહ થવાના કાયદા કાનૂન (મસાઈલ)ની કાળજી નથી રાખતા. અમુક એવાં કાર્યો પણ કરી નાખે છે જેનાથી નમાઝ ફાસિદ અને કોઈવાર મકરૂહ થઈ જાય છે અથવા સવાબ ઓછો થઈ જાય છે. સવિસ્તાર જાણકારી માટે નમાઝના મસાઈલ પર આધારિત કિતાબો (જેમ કે કાનૂને શરીઅત, બહારે શરીઅત... વગેરે)નો સમય કાઢી અભ્યાસ કરવો સખત જરૂરી છે. અત્રે નમાઝમાં સફો સીધી કરવા અંગે અમુક મહત્વપૂર્ણ બાબતો વર્ણવવામાં આવે છે જેથી એના થકી ઉત્પન્ન થતી ખરાબીઓ દૂર થઈ શકે.

કેટલાક નમાઝીઓ તો એ જાણતા પણ નથી કે પહેલી સફમાં નમાઝ પઢવાની પણ ફઝીલત છે, તેઓ સમજે છે કે બસ નમાઝ પઢવાની છે ! જ્યાં પણ પઢીએ બરાબર છે. જ્યારે કે એવું નથી. અહાદીષે કરીમામાં પહેલી સફની ઘણી જ ફઝીલત આવી છે. માટે સૌ પ્રથમ તે અહાદીષ (હદીષો) બયાન કરવામાં આવે છે જેમાં પહેલી સફમાં નમાઝ પઢવાની ફઝીલત આવી છે પછી તે હદીષો બયાન કરવામાં આવશે જેમાં સફો સીધી કરવા અંગે તાકીદ કરવામાં આવી છે.

## પ્રથમ સફની ફઝીલત

**(૧)** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જો લોકો જાણતા હોત કે અઝાન અને પહેલી સફમાં શું ફઝીલત છે પછી ચિટ્ઠીઓ ફરકાવ્યા વિના (ડ્રો પદ્ધતિ વિના) ન પામતા તો તેના માટે ચિટ્ઠીઓ ફરકાવતા." *(બુખારી શરીફ, મુસ્લિમ શરીફ)*

**(૨)** હઝરત અબૂ ઊમામા رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **"અલ્લાહ ﷻ અને તેના ફરિશ્તા પહેલી સફ પર દુરૂદ મોકલે છે."** લોકોએ અર્ઝ કરી, અને બીજી સફ પર ? આપે ફર્માવ્યું, "અલ્લાહ તઆલા અને તેના ફરિશ્તા પહેલી સફ પર દુરૂદ મોકલે છે." અર્ઝ કરવામાં આવી, અને બીજી સફ પર ? ફર્માવ્યું, "અલ્લાહ ﷻ અને તેના ફરિશ્તા પહેલી સફ પર દુરૂદ મોકલે છે." અર્ઝ કરવામાં આવી, અને બીજી સફ પર ? આપે ફર્માવ્યું, "અને બીજી સફ પર." (પહેલી સફ માટે ત્રણવાર ફર્માવ્યું) પછી ફર્માવ્યું, "પોતાની સફોને બરાબર કરો અને બંનેવ ખભા સમાન કરો. પોતાના ભાઈઓ માટે નરમ થઈ જાવ અને ખાલી જગા ન છોડો કે શૈતાન બકરીના બચ્ચાના જેમ તમારા દરમ્યાન પ્રવેશી જાય છે. *(અહમદ, તિબ્રાની)*

## સફ સીધી ન કરવાની નહૂસત

**(૩)** હઝરત નોઅમાન બિન બશીર رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલલ્લાહ ﷺ અમારી સફો તીરની જેમ સીધી કરતા, ત્યાં સુધી કે આપને થયું કે અમે સમજી ગયા. પછી એકવાર તશરીફ લાવી ઊભા

રહ્યા અને તકબીર કહેવાની તૈયારી જ હતી કે એક વ્યક્તિનો સીનો (છાતી) સફથી નીકળેલ જોયો. આપે ફર્માવ્યું, **"હે અલ્લાહના બંદાઓ ! સફો બરાબર કરો નહીં તો અલ્લાહ તઆલા તમારામાં વિખવાદ ઊભો કરી દેશે."** *(બહારે શરીઅત બ હવાલા સહાહ સિત્તા)* **અર્થાત :** સફો દુરુસ્ત નહીં કરો તો ઈખ્તેલાફમાં પડી જશો.

**(૪)** હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "સફો બરાબર કરો ! કારણ કે સફો સીધી કરવાની નમાઝની સંપૂર્ણતાથી છે." (બુખારી, મુસ્લિમ, ઈબ્ને માજહ્)

અર્થાત : **જો સફો બરાબર અને સીધી નહીં હોય તો નમાઝ સંપૂર્ણ નહીં થાય.**

**(૫)** હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **જે સફને મેળવશે અલ્લાહ તઆલા તેને મેળવશે, અને જે સફને કાપશે અલ્લાહ તઆલા તેને કાપશે."** અર્થાત : પોતાની **રહમતથી દૂર** કરી દશે. *(અહમદ, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને ખુઝૈમા, હાકિમ)*

## ફરિશ્તાઓની સફ કેવી હોય છે ?

**(૬)** હઝરત જાબિર બિન સમુરહ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલૂલલાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "એ રીતે સફ કેમ નથી બાંધતા જે રીતે ફરિશ્તા પોતાના રબ عزوجلના સમક્ષ સફ બાંધે છે ?" અર્ઝ કરવામાં આવી, "યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم ફરિશ્તા પોતાના રબ عزوجلના સમક્ષ કઈ રીતે સફ બાંધે છે ?" ફર્માવ્યું, **"આગલી સફો પૂરી કરે છે અને સફમાં મળીને (અડીને) ઊભો રહે છે."** *(મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજા)*

## સફોને મિલાવવાની ફઝીલત

**(૭)** ઉમ્મુલ મુ'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **"અલ્લાહ તઆલા અને તેના ફરિશ્તા એ લોકો પર દુરૂદ મોકલે છે જેઓ સફોને મિલાવે છે."** *(અહમદ, ઈબ્ને માજહ્, હાકિમ, ઈબ્ને ખુઝૈમા, ઈબ્ને હિબ્બાન)*

**(૮)** એમનાથી જ રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **" જે સફો દરમ્યાન ખાલી જગા પૂરી કરે અલ્લાહ તઆલા તેનો દરજો બુલંદ ફર્માવશે."** ઈબ્ને માજહ્, અને તબ્રાનીની રિવાયતમાં આટલુ વધારે છે કે, **"અલ્લાહ તઆલા તેના બદલે જન્નતમાં તેના માટે એક ઘર બનાવશે."**

**(૯)** હઝરત બર્રા બિન આઝિબ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **"તે કદમથી વધુ કોઈ કદમનો સવાબ નથી જે એટલા માટે ચાલ્યો કે સફમાંની ખાલી જગાને ભરે."** *(અબૂ દાઊદ, તબ્રાની અન ઈબ્ને ઉમર رضی اللہ عنہ)*

**(૧૦)** હઝરત ઈબ્ને અબૂ જુહૈફા رضی اللہ عنہથી રિવાયત છે, **"જે સફની ખાલી જગા પૂરી કરે તેની મગફેરત થઈ જશે."** *(બઝઝાર બસનદે હસન)*

**(૧૧)** ઉમ્મુલ મુ'મિનીન આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે. **"અલ્લાહ તઆલા અને તેના ફરિશ્તા સફમાં જમણીબાજુવાળાઓ પર દુરૂદ મોકલે છે."** *(અબૂ દાઊદ)*

**(૧૨)** હઝરત બર્રા બિન આઝિબ رضی اللہ عنہથી રિવાયત છે. "રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمસફના એક કિનારાથી બીજા કિનારા સુધી જતા અને અમારા ખભા અથવા સીના પર હાથ ફેરવતા અને ફર્માવતા **આગળ પાછળ ન ઊભા રહો કે તમારાં દિલ ઊંધા જશે."** *(અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને ખુઝૈમા)*

## સફ પૂરી કરનારને ડબલ સવાબ !

**(૧૩)** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. "રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **"જે**

**મસ્જિદની ડાબીની બાજુને એટલા માટે આબાદ કરે (એ બાજુ ઉભો રહે) કે એ બાજુ લોકો ઓછા છે, તેના માટે બે ઘણો (ડબલ) સવાબ છે."** *(તબ્રાની ફિલ્કબીર)*

**(૧૪)** ઉમ્મુલ મુ'મિનીન સિદ્દીકા رضی اللہ عنہا અને અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **"હમેશાં લોકો પહેલી સફ્થી પાછળ થતા રહેશે ત્યાં સુધી કે અલ્લાહ તઆલા તેમને પોતાની રહમતથી દૂર કરી જહન્નમની આગમાં નાખી દેશે."** *(અબૂ દાઊદ, ઈબ્ને ખુઝૈમા, ઈબ્ને હિબ્બાન અને ઉમ્મુલ મુ'મિનીન-મુસ્લિમ, અબૂ દાઊદ વ નિસાઈ, ઈબ્ને માજહ્ અનિલ ખુદરીય્યી, બઈખ્તેલાફિયંસીર)*

**(૧૫)** હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "(સૌ પ્રથમ) પહેલી સફ પૂરી કરો, પછી તેને જે તેના બાદ હોય. જો જગા ઓછી હોય તો પાછલી સફામાં રહે." *(અબૂ દાઊદ)*

**(૧૬)** હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **"તમારામાંથી અક્ક્લમંદો (જેઓ દીનનો ઈલ્મ અધિક ધરાવતા હોય તેઓ) મારાથી વધુ નજીક રહે**, ત્યાર પછી તેઓ જે એમનાથી વધુ નજીક હોય. (આમ ત્રણવાર ફર્માવ્યું)."*(સહીહ મુસ્લિમ બહવાલા બહારે શરીઅત, ભાગ-૩, પેજ-૧૨૭, ફારૂકિયા-દેહલી)*

**(૧૭)** હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે, "નમાઝ માટે ઈક઼ામત કહેવામાં આવી તો હુઝૂર ﷺ એ અમારી તરફ જોઈને ફર્માવ્યું, **પોતાની સફો દુરુસ્ત કરો અને મળીને ઊભા રહો,** બેશક ! હું તમને પોતાની પીઠ પાછળથી જોઈ રહ્યો છું." અને એક રિવાયતમાં છે, "પોતાની સફો પૂરી કરો એટલા માટે કે **હું તમને પોતાની પીઠ પાછળથી જોઉં છું."** *(મિશ્કાત, પેજ-૯૮, મજલિસે બરકાત-મુબારકપુર)*

**(૧૮)** તમારી **સફો ખૂબ ગીચ કરો** અને નજીક નજીક કરો અને ગરદનો એક લાઈનમાં રાખો કે કસમ તેની જેની કુદરતમાં મારી જાન છે ! બેશક ! હું શયતાનોને સફોના પોલાણોમાં (ગેપોમાં) પ્રવેશતો જોઉં છું, જાણે તે ઘેટાનાં બચ્ચાં છે. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ-૩, પેજ-૩૧૫)*

**(૧૯)** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ઈમામને કેન્દ્રમાં (સફની) દરમ્યાનમાં રાખો અને ખાલી જગાને ભરો." *(અબૂ દાઊદ, મિશ્કાત, પેજ-૯૯)*

**અર્થાત** : સફમાં ઈમામનું સ્થાન દરમ્યાનમાં છે અને ઈમામ દરમ્યાનમાં તે જ સ્થિતિમાં રહેશે જ્યારે કે **બંને બાજુથી સફ બરાબર હોય,** એક બાજુ ઓછી બીજી બાજુ વધારે ન હોય.

ઉપરોક્ત અહાદીષે કરીમા (હદીષો)ને ખૂબ ધ્યાનપૂર્વક વાંચી તેના પર અમલ કરવાનો સંપૂર્ણ પ્રયાસ કરવો જોઈએ. હવે ટૂંકમાં ઉપરોક્ત અહાદીષની સમજૂતી પણ એક દૃષ્ટિએ જોતા ચાલીએ :-

**(૧)** પહેલી સફની ઘણી જ ફઝીલત છે માટે તેને મેળવવા પૂરતી કોશિશ કરવી જોઈએ.

**(૨)** પહેલી સફ પર અલ્લાહ તઆલા અને તેના ફરિશ્તા દુરૂદ મોકલે છે. અર્થાત ફરિશ્તા રહમતની દુઆ કરે છે અને અલ્લાહ તઆલા પોતાની રહમતથી નવાઝે છે.

**(૩)** સફમાં એકબીજાના ખભા બરાબર હોય.

**(૪)** અકડાઈને ઊભા ન રહેવું, નરમ થઈ ઉભા રહેવું. (અર્થાત : બાવડાં ઊભાં ન હોય પણ સરખાં અને નરમ હોય)

**(૫)** સફો બરાબર હોય, આગળ પાછળ જુદા જુદા ન ઊભા રહેવું.

**(૬)** સફો દરમ્યાન ખાલી જગા હોય તો પાછળથી આવનાર તેને ભરી દે.

**(૭)** આગલી સફ પૂરી કર્યા વિના પાછળ નવી સફ ન લગાડવી.

**(૮)** સફો દરમ્યાન જગા ખાલી રાખવાથી શૈતાન તેમાં ઘુસી પોતાનું કામ કરી જાય છે. (અર્થાત નમાઝીઓને બેહકાવે છે તથા નમાઝથી ધ્યાન ફેરવી આપે છે.)

**(૯)** સફો આડી અવળી હોવાથી (એકબીજા પ્રત્યે) દિલ ટેઢા (વાંકા) થઈ જાય છે તથા વિખવાદ ઊભા થાય છે.

**(૧૦)** સફોનું દુરુસ્ત તથા સીધી હોવાથી નમાઝ સંપૂર્ણ થાય છે. સફો સીધી ન હોય તો નમાઝ નાકિસ (અપૂર્ણ) રહે છે.

**(૧૧)** જે સફને મિલાવવાની કોશિશ કરે છે અલ્લાહ તઆલા તેને પોતાની રહમતથી મિલાવે છે.

**(૧૨)** જે સફોમાં ખાલી જગા રાખી સફોને કાપે છે, અલ્લાહ તઆલા તેને પોતાની રહમતથી કાપી દૂર કરી દે છે.

**(૧૩)** સીધી અને સંપૂર્ણ સફ ફરિશ્તાઓની સફની સમાન છે, અને **અલ્લાહવાળાઓની નકલ અલ્લાહ તઆલાને પસંદ છે.**

**(૧૪)** સીધી અને મળેલી સફો પર ફરિશ્તા દુરૂદ મોકલે છે.

**(૧૫)** અલ્લાહ તઆલા સફોમાં ખાલી જગા પૂરી કરનારનો દરજ્જો બલંદ ફર્માવે છે.

**(૧૬)** સફોમાં ખાલી જગા પૂરી કરનાર માટે અલ્લાહ તઆલા જન્નતમાં એક ઘર બનાવશે.

**(૧૭)** જે કદમ સફોની ખાલી જગાને પૂરી કરવા ઉપડે છે તેને સૌ કદમોથી વધારે સવાબ મળે છે.

**(૧૮)** જે સફોની ખાલી જગા પૂરી કરે છે અલ્લાહ તઆલા તેની મગફેરત ફર્માવી દે છે.

**(૧૯)** જમણી બાજુની સફમાં ઊભા રહેવાવાળા પર ફરિશ્તા દુરૂદ મોકલે છે.

**(૨૦)** સફમાં ડાબી બાજુ વધારે જગા ખાલી હોય તો તેને પૂરી કરો કે તેમાં **બમણો સવાબ** છે.

**(૨૧)** પહેલી સફથી દૂર રહેવાવાળા અને જાણી જોઈને પહેલી સફમાં જવાથી સુસ્તી કરવાવાળા માટે અંદેશો છે કે એક દિવસ નમાઝને જ છોડી બેસશે જેનો અંજામ જહન્નમ થશે. (અલ્લાહની પનાહ !)

**(૨૨)** જેનો ઈલ્મ જેટલો અધિક હોય તે ઈમામથી એટલો જ નજીક રહે છે.

**(૨૩)** ઈમામ સફની દરમ્યાન ઊભો રહે અર્થાત જમણી ડાબી બંને બાજુ બરાબર હોય.

## સફ સંબંધી જરૂરી મસાઈલ

**(૧)** મુકતદી માટે અફઝલ જગા એ છે કે ઈમામથી નજીક હોય અને બંને બાજુ બરાબર હોય તો જમણી બાજુ અફઝલ છે. *(ફતાવા આલમગીરી)*

**(૨) પહેલી સફમાં જગા હોય અને પાછલી સફ ભરાઈ ગઈ હોય તો પાછલી સફ ચીરીને આગળ જઈ તે ખાલી જગા પૂરી કરે.** *(આલમગીરી)*

**(૩)** સફમાં જગા હોવા છતાં સફની પાછળ ઊભા રહેવું મના છે. *(દુર્રે મુખ્તાર, બહારે શરીઅત, ભાગ–૩, પેજ–૧૧૪)*

**(૪) સફમાં ખાલી જગા રાખવી મકરૂહે તહરીમી** છે, આગલી સફ પૂરી થતા પહેલાં બીજી સફ હરગિઝ ન બનાવવામાં આવે. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૩, પેજ–૩૧૮)*

## સફમાં બાળકો વિશે એક અગત્યનો મસ્અલો

નમાઝની સફોમાં જો સમજદાર બાળકો ઊભાં હોય તો શું હુકમ છે ?

આ વિશે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા

મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ નો એક ફત્વો જોઈએ :–

**મસ્અલા** : શું ફર્માવે છે ઉલમાએ દીન આ મસ્અલામાં કે આઠ નવ વરસનો સમજદાર બાળક જે નમાઝને સારી રીતે સમજે છે તે અગર એકલો હોય તો તેના માટે શું હુકમ છે કે સફથી દૂર ઊભો રહે યા સફમાં પણ ઊભો થઈ શકે છે ?

**જવાબ** : ઉપરોક્ત સ્થિતમાં તેને સફથી દૂર એટલે કે વચમાં જગા છોડી ઊભો રાખવો તો મના છે.

**તર્જુમો** : "એટલા માટે કે સમજદાર બાળક જે નમાઝને સારી રીતે સમજતો હોય તેની નમાઝ યક઼ીનન દુરુસ્ત છે. અને બેશક ! નબીએ કરીમ ﷺ એ સફમાં ખાલી જગા ભરવાનો અને મળીને ઊભા રહેવાનો હુકમ ફર્માવ્યો અને તેના વિરુધ્ધ કરવાની સખ્તીથી મના ફર્માવ્યું."

અને એ પણ જરૂરી નથી કે તે ડાબી બાજુ જ ઊભો રહે. **ઉલમાએ કિરામ તેને સફમાં આવવા અને મર્દો સાથે ઊભા રહેવાની સાફ ઈજાઝત આપે છે.**

દુર્રે મુખ્તારમાં છે : "અગર એક હોય તો સફમાં દાખલ થઈ જાય." મર્ાકિ઼ઉલ ફિલાહમાં છે : "અગર બાળકોની જમાઅત ન થતી હોય તો બાળક મર્દો દરમ્યાન ઊભા રહે."

**અમુક જાહિલો એવું કરે છે કે એક બાળક જે પહેલેથી જ નમાઝમાં સામેલ હોય છે તેને નમાઝ પઢતાંની હાલતમાં જ હટાવી એકબાજુ કરી દે છે, અને પોતે વચમાં ઉભા થઈ જાય છે ! આ એક માત્ર જહાલત છે.** એ જ પ્રમાણે એવું વિચારવું કે બાળક બાજુમાં ઊભો હોય તો મર્દની નમાઝ નહીં થાય એ પણ ગલત છે, જેની કોઈ હક઼ીક઼ત નથી. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૩, પેજ–૩૧૮, સુન્ની દારુલ ઈશાઅત–મુબારકપુર)*

## આટલો ખુલાસા પછી કાંઈ સમજ પડશે?

હવે એ લોકો જેમણે સફમાં એક એક વેંટ એક બીજાથી છેટા ઊભા રહેવાની ટેવ બનાવી લીધી છે **જાણે એમને કોઈના સંગાથની એલર્જી હોય એમ ! કે બીજી વ્યક્તિ પાસે આવે અને અડીને ખભો મિલાવીને ઊભા રહે તો પણ દૂર થઈ જાય છે !** એક અલ્લાહના ઘરમાં જ્યાં અમીર ગરીબ, નાના મોટા સૌ બરાબર છે, તેમનામાં ઊંચનીચનો કોઈ ભેદભાવ નથી. તે મુતકબ્બિરની બારગાહમાં કે બડાઈ તેને જ શોભે છે, ત્યાં પોતે નમાઝી ઘમંડી બની બીજાઓથી ધૃણા કરતા જણાય છે ! તેઓ તથા અને એવું ન પણ હોય પણ **ખુલાસાથી હવા લાગે તેવી રીતે ઉભા રહેવા માંગતા હોય !** તેઓ પણ ઉપરોક્ત અહાદીષે કરીમા અને શરીઅતના અહકામને વારંવાર પઢે અને દિલથી વિચારે કે તેઓ અલ્લાહ ﷻ અને તેના રસૂલ ﷺ ના અહકામનું ઉલ્લંઘન કરી અલ્લાહ ﷻ ના રસૂલ ﷺ ના ફર્માન મુતાબિક વિખવાદ ઊભો કરે છે અને પોતે લોકોની ધૃણાના શિકાર થાય છે. આપ પણ અનુભવ કરી શકો છો કે આવી વ્યક્તિથી લોકો માત્ર એટલા જ માટે નફરત કરતા હોય છે કે તેઓ સફમાં જગા ખાલી રાખે છે અને આવા લોકો સાથે સફમાં ઊભા રહેવામાં કરાહત અનુભવે છે.

હે મુસલમાનો ! પોતાની ઈબાદતોને બર્બાદ ન કરો ! અલ્લાહ ﷻ ફર્માવે છે :–

"હે ઈમાનવાળાઓ ! પોતાના આ'માલને બર્બાદ ન કરો." દીની કિતાબોનો અભ્યાસ કરો અને સંપૂર્ણપણે કુર્આન તથા હદીષના અહકામ પર અમલ કરી પોતાની ઈબાદતોને બચાવો.

અલ્લાહ તઆલા આપણને હક્ક઼ કહેવા, સાંભળવા અને તેના પર અમલ કરવાની તૌફીક઼ અતા ફર્માવે. આમીન *(અશરફિયહ્ મંથલી, અઝ : મૌલાના અબ્દુલ મો'બિન નોઅમાની)*

## ઈરાકમાં અમેરિકી સ્ત્રીઓ લશ્કરી વાસના ભૂખ્યા વરૂઓના જુલ્મોનો શિકાર !

# અમેરિકી સૈનિકો કે વાસનામય વરૂઓ !

કાર્યાલય

### સ્ત્રી આઝાદીનો ડંકો વગાડતા અમેરિકીઓની અસલિયત !

૯, જાન્યુઆરી–૨૦૦૭ની સવારે ૨૧ વરસની અમેરિકી સ્ત્રી સૈનિક સુઝાન સોવૈફટે બગદાદ માટે રવાના થવાનુ હતું. એક વરસ દરમ્યાન બીજીવાર ઈરાકમાં પહોંચવા માટેનો ઓર્ડર તેના હાથોમાં હતો. જેમ જેમ સમય પસાર થતો હતો તેમ સુઝાનની બેચેનીમાં વધારો થઈ રહ્યો હતો, ગભરાહટ છવાઈ રહી હતી, તેનો સ્વભાવ ચીડિયો બની ગયો હતો અને તે મિત્રો સાથે લડવા ઝઘડવા લાગી. શરાબના નશામાં ચૂર દેખાવા લાગી. બગદાદ રવાનગીના એક દિવસ અગાઉ સુઝાને કારમાં સામાન નાખ્યો અને લશ્કરી કેમ્પને બદલે તેણી પોતાની માતાના ઘરે જતી રહી. ત્યારબાદ મોબાઈલ પર લશ્કરી અધિકારીઓના ફોન આવતા રહ્યા પણ તેણીએ કોઈને હલ્લો ન કહ્યું. તેણી માતાના ઘરમાં છુપાઈ રહી. એપ્રિલમાં જ્યારે સુઝાન પોતાના ઘરે પાછી ફરી તો બે દિવસ બાદ સ્થાનિક પોલીસે તેણીના હાથોમાં ભાગેડુના ગુના હેઠળ બેડીઓ નાખી દીધી.

### અમેરિકા માટે અતિ શરમની વાત !

પણ જ્યારે લશ્કરી અધિકારીઓએ સુઝાનને પિંજરામાં ઉભી કરી તો તેણીના શબ્દોએ અમેરિકાનું માથુ શરમથી ઝુકવી દીધું. ૨૧ વરસની સુઝાને અદાલતમાં કહ્યું કે, ''હું ઈરાકના જંગથી નથી ગભરાતી, જેહાદીઓથી પણ ભયભીત નથી થતી, મૌતથી પણ નથી ડરતી, પણ મને ડર લાગે છે તો કેવળ અમેરિકી સૈનિકોની નજરોનો ! તેમના ઈરાદા તથા હરકતોનો ! અમારી ઈજ્જત તથા આબરૂ વર્દીધારીઓના વાસનામય જંગલીપણાના સબબે ખતરામાં રહે છે. અમને ઉચ્ચ અધિકારીઓ વાસનાભરી નજરો વડે જુએ છે, તેઓ અમને સેક્સની ભૂખ મિટાવવા માટે ઉપયોગ કરવા ચાહે છે, એટલા માટે હું ઈરાક જવાથી બચી રહી હતી.''

સુઝાનના ખુલાસાથી લશ્કરી કોર્ટમાં સન્નાટો વ્યાપી ગયો. લશ્કરી અધિકારીઓ એકબીજાનો ચહેરો જોઈ રહ્યા હતા. તેમની પાસે સુઝાનની વિરુધ્ધ કાર્યવાહી કરવાનો કોઈ આધાર ન હતો. ઈજ્જત બચાવવા ખાતર અધિકારીઓએ સુઝાનને વોશિંગ્ટનમાં આર્મી હેડ કવાર્ટરમાં ''ડેસ્ક જોબ'' આપી દીધો અને પછી શિક્ષાનારૂપે તેણીને કેલીફોર્નિયામાં બદલી કરીને ઘર તથા ખાનદાનથી અધિક દૂર કરી દીધી.

### સ્ત્રીઓ પર જુલ્મનું અજબનું દષ્ટાંત !

આ હકીકત છે અમેરિકી લશ્કરની ! અમેરિકી સૈનિકોની નિય્યતની અને તેમની વાસનામય જંગલિયતની કે જેણે બુશના વ્યવસ્થા તંત્રને પરેશાન કરી રાખેલ છે. સુઝાનનો મામલો કાંઈ પહેલો ન હતો. એનાથી અગાઉ અને તેણીના પછી પણ જાતિય શોષણની કહાનીઓ સામે આવી છે. સુઝાને પોતાના લેખિત નિવેદનમાં કહ્યું હતું કે, ''કર્બલાના કેમ્પ લેમ્કામાં દરરોજ ૧૬ કલાકની ડયૂટી અંજામ આપ્યા બાદ સિનિયર અધિકારીઓની નિય્યત તથા ઈરાદાઓનો ભય છવાયેલો રહેતો હતો, જ્યાં દરરોજ અસંખ્ય રોકેટો પડતાં હતાં અને દિમાગી ટેન્શન અતિશય કક્ષાએ હતું, પણ રાતના અંધકારમાં લશ્કરી જવાનો તેણીના રૂમ પર ટકોરા મારતા હતા. જે દિવસે સુઝાને બગદાદની ભૂમિ પર કદમ રાખ્યો તે જ દિવસે ઓફિસરોએ સેક્સ સંબંધ માટેની ઓફર કરી દીધી અને જ્યારે તેણીએ સ્પષ્ટ

શબ્દોમાં ના પાડી દીધી તો કમાન્ડરે કેમ્પની આસપાસ ભારે વજનની સાથે દોડ લગાડવાનો હુકમ આપ્યો ! જ્યારે તે સમયે જેહાદીઓની સાથે જબરદસ્ત જંગ ચાલુ હતી તેમ છતાં પણ તેણીને ખતરામાં નાખવામાં આવી.''

## શિયળ (ઈજ્જત) લૂંટવાના બનાવો

અમોરીટા રેન્ડલે ઈ.સ. ૨૦૦૪માં અમેરિકા જળદળમાં સેવા આપી હતી પણ એનો બદલો એ મળ્યો કે સિનીયર ઓફિસરોએ તેણીની આબરૂ લૂંટી લીધી ! અમોરીટા રેન્ડલના દર્શાવ્યાનુસાર સંજોગો એટલા પ્રમાણમાં ખરાબ હતા કે એના માટે ઈજ્જત લૂંટવાની વિરુધ્ધ રિપોર્ટ નોંધવવાનું પણ શક્ય ન હતું. રેન્ડલના શબ્દોમાં કે, ''અમે એવો સમય જોયો જ્યારે તમો કેવળ લાચારી અનુભવી શકો, કોઈ કાંઈ પણ કરી શકે છે, ક્યાંય કોઈ જ સુરક્ષિત નથી.''

હકીકત એ છે કે અમેરિકી લશ્કરમાં આ વાતનો ખતરો હતો એટલા માટે દરેક બટાલિયનમાં એક ઓફિસરને એ જિમ્મેદારી સોંપવામાં આવી હતી કે જો કોઈ પણ સૈનિક સ્ત્રી ફરિયાદ કરે તો તેની તપાસ કરવામાં આવે. અમેરિકી લશ્કરના એક ઉચ્ચ અધિકારીએ એ વાતને સમર્થન આપ્યું છે કે ઈરાક તથા અફઘાનિસ્તાનમાં સ્ત્રી સૈનિકોને બમણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેણીઓ માટે બંને તરફ હુમલાનો ભય રહે છે. અસલમાં ઈ.સ. ૧૯૯૦ પછી અમેરિકી લશ્કરમાં સ્ત્રી સૈનિકો સાથે જાતિય શોષણના બનાવોમાં વધારો થયો તો વ્યવસ્થાતંત્રએ પ્રતિકારક પગલાં ભર્યાં, સ્ત્રી સૈનિકોની નિમણૂંકમાં સાવચેતી રાખી છતાં આ ક્રમ રોકી નથી શકાયો.

## સ્ત્રી સૈનિકનો જુલ્મથી ત્રાસી આપઘાત !

માર્ચ ૨૦૦૬ના ઈરાકમાં એક અન્ય પ્રસંગ ઉપસ્થિત થયો જ્યારે ૨૧ વરસની ટીના પ્રિસ્ટ નામની સ્ત્રી સૈનિકે પોતાની M-16 રાયફલ વડે ગોળી મારીને આત્મહત્યા કરી લીધી. તેણીએ મૃત્યુના કેવળ બે અઠવાડિયા અગાઉ જ પોતાના એક સાથી સૈનિક પર આબરૂ લૂંટવાનો આક્ષેપ લગાડયો હતો. એ જ પ્રમાણે ૩૩ વર્ષની લેન્ડા મનાઈકલ બગદાદની નજીક એક જેલમાં ડયૂટી અંજામ આપ્યા બાદ પરેશાન રહેવા લાગી. જ્યારે તેણી વતન પરત થઈ તો તેણીએ કેવળ બે અઠવાડિયામાં પોતાને ગોળી મારી દીધી. તેણીએ મૃત્યુ પહેલાં જે નોંધ લખી તેમાં કહ્યું હતું કે અમેરિકી સૈનિકોએ સ્ત્રી સૈનિકોની જિંદગી પરેશાન કરી રાખી છે.

એક અન્ય સ્ત્રી સૈનિક કેરી ક્રિસ્ટીનીની દાસ્તાન આ સુપર પાવર કન્ટ્રીના ચહેરાને દાગદાર કરી છે. ક્રિસ્ટીની ૧૩ વર્ષોથી લશ્કરમાં જોડાયેલી હતી. તેણીને પતિ તથા બે બાળકો છે એટલે એક સુખી કુટુંબવાળી હતી. પણ ઈરાકમાં પહોંચ્યા બાદ ક્રિસ્ટીનીની જિંદગી જહન્નમ બની ગઈ. રિપોર્ટના પ્રમાણે એક દિવસે ક્રિસ્ટીનીના પગ પર એક લશ્કરી ટ્રક ચઢી ગઈ અને તેના પગનાં કેટલાંય હાડકાં તૂટી ગયાં, કમરમાં ચોટ આવી તો ઈલાજ પછી તેણીને ઓફિસનાં કામોમાં જિમ્મેદારી આપી દેવામાં આવી કેમ કે યુદ્ધ મોરચે દોડ ભાગ તેણી માટે શક્ય ન હતી. પણ ઓફિસમાં પગ મૂક્તાં જ સિનિયર ઓફિસરે સેક્સ માણવાની ઈચ્છા જાહેર કરી દીધી. તે એક એવો અફિસરમાં હતો જેને તેણી છેલ્લા ૧૦ વરસોથી જાણતી હતી. તેણીએ ઈન્કાર કર્યો તો ઓફિસમાં જાત જાતની તકલીફો પેદા થઈ ગઈ. જ્યારે તેણીએ જાતિય શોષણ અંગે ફરિયાદ કરી તો લશ્કરી અધિકારીઓએ તેણીની વિરુધ્ધ જ કાર્યવાહી કરી !

અમેરિકી લશ્કર પર જ્યારે દબાણ વધ્યું તો આ બાબતે અમુક લશ્કરી અધિકારીઓ વિરુધ્ધ પગલાં લેવામાં આવ્યાં, પણ સ્ત્રી સૈનિક અધિકારીઓનું કહેવું છે કે, ''આવી કાર્યવાહીઓ કેવળ એક ધોકો છે. જો કોઈની વિરુધ્ધ કાર્યવાહી થઈ તો તે નાની માછલી હતી પણ મોટી માછલીઓ એટલે ઉચ્ચ અધિકારીઓને છોડી દેવામાં આવ્યા. ટેકસાસમાં ૨૩, મે–૨૦૦૭ના રોજ એક ફેડરલ કોર્ટે અમેરિકી લશ્કરના માજી સૈનિકને સ્ત્રી સૈનિકોના જાતિય

શોષણ માટે ૩૦ વરસની સજા સંભળાવી. એ સજાનો લશ્કરી વેબસાઈટ પર ખૂબ જ પ્રચાર કરવામાં આવી રહ્યો છે. જાણે કે અમેરિકી લશ્કરના સર્વ વાસનામય જંગલી જાનવરો તેમના અંજામે પહોંચી ગયા હોય. રિપોર્ટના મુજબ મારિયલ સમન નામના લશ્કરી જવાનને કોર્ટે ૫ એપ્રિલે ગુનેગાર ઠરાવ્યો હતો. તેના પર બગદાદમાં એક નહીં બલ્કે પાંચ સ્ત્રી સૈનિકો સાથે વાસનામય જંગલીપણાનો આક્ષેપ હતો. એ સૈનિકે એક સ્ત્રી સૈનિકનો નગ્ન ફોટો લેવાની કોશિશ કરી હતી. આશ્ચર્યની વાત એ છે કે મે–૨૦૦૫માં લશ્કરથી કાઢી મૂકાયા બાદ તેની વિરુધ્ધ ચોરી તથા ડાકૂગીરીના કેસો પણ કરવામાં આવ્યા હતા. એનાથી અનુમાન કરી શકાય છે કે ઈરાકમાં પહોંચેલ અમેરિકી લશ્કરની પ્રકૃતિ કેવી હશે. રિપોર્ટમાં જણાવ્યું છે કે અમેરિકી લશ્કરમાં વિયેતનામના યુદ્ધ તથા અખાતી યુદ્ધ (પ્રથમ)માં સ્ત્રી સૈનિકોની સાથે વાસનામય જંગલીપણાની ખબરોના સબબે ઈરાકી જંગમાં લશ્કરી અધિકારીઓએ ઘણી જ સાવધાનીથી કામ લીધું હતું અને તેની વિરુધ્ધ સખત કાનૂન બનાવ્યા, પણ એ બધું જ કાગળ પર રહ્યું ! બુશ તંત્રના વિરોધીઓનું તો ત્યાં સુધી કહેવું છે કે ઈરાકમાં પહોંચેલ લશ્કરની વાસના સંતોષવાના માટે જ સ્ત્રી સૈનિકોને આવા એક ખતરનાક સ્થળે મોકલવામાં આવી રહેલ છે. *(નઈ દુન્યા, ૪ થી ૧૦ જૂન–૨૦૦૭)* વાંચકો વિચારે કે શું આ સ્ત્રી શોષણ નથી ? અને સ્ત્રીઓ પર જુલ્મ નથી ?! સ્ત્રી આઝાદીના નામ પર ઈસ્લામ પર કીચડ ઉછાળનાર અમેરિકીઓ પાસે આનો શો જવાબ છે ?! આટલા જ માટે ઈસ્લામે સ્ત્રીને ઘરની ઝીનત બની ઈજ્જતભેર જીવવાનો આદેશ આપ્યો છે. અને સાબિત થાય છે કે સ્ત્રી આઝાદીની બૂમો પાડનારાઓ આ અમેરિકી જંગલી વરૂઓ દુનિયાને ધોકો આપી રહ્યા છે બલ્કે સ્ત્રીઓ તથા નિર્દોષો પર જુલ્મ કરનારા સૌથી મહાન જાલિમ એ જ લોકો છે.

# ફતવા વિભાગ

કાર્યાલય

**સવાલ** : ઝયદે તક઼રીરમાં ખૂબ જોરશોરપૂર્વક કહ્યું કે, ''શબે મેઅરાજ હઝરત જિબ્રઈલ علیہ السلام એ નબી કરીમ ﷺને સિદરતુલ મુન્તહા પહોંચીને જ્યારે અર્ઝ કરી કે, આ મારી સીમા છે, આનાથી આગળ મારી પહોંચ નથી, પછી સૈયેદેના ગૌષે આ'ઝમ رضی اللہ عنہ આપ ﷺને પોતાના ખભાઓ પર સવાર કરીને અર્શ સુધી લઈ ગયા. તો આ બયાન કેટલા અંશે સહીહ છે ?

**જવાબ** : 'ઝયદ'થી મેઅરાજનો વાક્યો બયાન કરવામાં ભૂલ થઈ. ઝયદે એ ગલત બયાન કર્યું કે હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ પોતાના મુબારક ખભાઓ પર હુઝૂર ﷺને સવાર કરીને અર્શ સુધી લઈ ગયા. સહીહ વાક્યો એ છે કે શબે મેઅરાજમાં બુર્રાક પર સવાર થતી વખતે હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہના ખભા મુબારક પર પવિત્ર પગો રાખીને બુર્રાક પર સવાર થયા. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہને સવાલ કરવામાં આવ્યો કે આ શેઅરો સહીહ છે કે નહીં ?

*તુમ શબે મેઅરાજ આકર–દોશ બર પાએ પયંબર*
*લે ચળ્હે અર્શે બરીં પર–અલ મદદ યા અબ્દલક઼ાદિર*

એના જવાબમાં મુજદ્દિદે આ'ઝમ رحمۃ اللہ علیہએ લખ્યું કે, શેઅરમાં ગલતી છે. તફરીહુલ ખાતિર વગેરેમાં છે કે હુઝૂરે અક઼દસ ﷺ શબે મેઅરાજ હુઝૂર સૈયેદેના ગૌષે આ'ઝમ رضی اللہ عنہના ખભા મુબારક પર પવિત્ર પગો રાખીને બુર્રાક પર સવાર થયા. અને અમુકના લખાણમાં છે કે અર્શ પર હુઝૂર ﷺના જતી વેળા આવું થયું. ન એ કે હુઝૂર ગૌષે પાક પગ મુબારકો ખભા પર લઈને શબે મેઅરાજ ખૂદ ગયા, શાયર જો આ પ્રમાણે કહેત તો વર્ણન કરેલ રિવાયત મુજબ થાત :–

થા તુમ્હારા દોશે અત્હર–ઝીનએ પાએ પયંબર
જબ ગએ અર્શે બરીં પર–અલ્ મદદ યા અબ્દલ ક઼ાદિર

આ બંનેવ સ્થિતિઓમાં સામેલ છે. ''જબ ગએ'' એટલે જે સમયે જે રાત્રે (અર્શ પર ગયા) કે એમાં પ્રથમ સ્થિતિ પણ સામેલ છે (ફતાવા અફ્રિકા, પેજ–૬૨) ઝયદ હવે એવો વાક્યો બયાન ન કરે. જે સહીહ રિવાયતથી સાબિત છે એ જ બયાન કરે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**લખનાર** : (મુફતી) મુહમ્મદ નસીમ *(જામિઆ અશરફિયા–મુબારકપુર, ૨૨ જમાદીઉલ અવ્વલ, હિ.સ. ૧૪૨૮)*

# ડો. ઝાકિર નાયકના નીમ હકીમપણાનાં ભયાનક રિએકશનો

## 'ઈસ્લામિક વોઈસ' કે 'ગેર ઈસ્લામિક વોઈસ' ?!

રજૂ. ડો. અબ્દુન્નઈમ અઝીઝી–બરેલી શરીફ || અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

*ઘણા અજાણ તથા દીની ઈલ્મથી અજ્ઞાન ભાઈઓને **ડો. ઝાકિર નાયક** નામનું ભૂત દિમાગ પર સવાર થયેલ છે અને તેની વાહ વાહ કરવા લાગી ગયા છે. તેમને ખબર હશે કે "નીમ હકીમ ખતરે જાન ! નીમ મુલ્લા ખતરે ઈમાન !" એની જેમ ડો. નાયકની હાલત છે. એવાં ભૂતોને ભગાડવા માટે ડો. ઝાકિર નાયકની અસલિયત હકીકતના આઈનામાં નીચેના લખાણમાં રજૂ કરવામાં આવે છે.* -તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

એક દીની દર્દ ધરાવનાર સહીહુલ અકીદા મુસલમાન જનાબ મુહમ્મદ નાઝિર સાહબે આગ્રાથી 'ઈસ્લામિક વોઈસ–બેંગ્લોર' (Islamic Voice-Banglore) નામના મેગેઝિન સંબંધે અમને વિવિધ પ્રશ્નો કર્યા છે. એ પ્રશ્નોના અનુસંધાનમાં એમનું એ પણ કહેવું છે કે આપણા કેટલાક દારુલ ઈફતાને પણ આ પ્રશ્નો મોકલ્યા હતા પણ જવાબ નથી મળ્યા. ખૈર ! પ્રથમ તેમના પ્રશ્નો જુઓ લખે છે :–

### કુર્આની તેહરીફ (હેરફેર)નું એક ધૃણાસ્પદ દશ્ય

ઝાકિર નાયકે سورة النّزعاتની આયત નં. ૩૦ والارض بعد ذلك دحٰهاનો તર્જુમો આ પ્રમાણે કર્યો કે, "અને અમે જમીન (પૃથ્વી)ને ઈંડાના આકારની બનાવી." તેનું અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે : **And we have made the earth egg shaped.** *(Al Qaran, 79-30)*

ઝાકિર નાયકે અરબી دحٰهاની શરહ (સમજૂતી) પોતાના દિમાગ વડે આ પ્રમાણે કરી છે :–

**The Arabic word DAHAHA means egg shaped. If also means an expanse. DAHAHA is drived from DUHIYA which specifically refers to the egg of an Ostrich Which is geo. Spherical in shape, exactly like the shape of the earth. (71, 19, 20, 53, 51, 48, 78, 6, 29, 56)**

**Thus the Quran & Modern established science are in perfect harmony."** *(Islamic Voice Monthly-Banglore, Sep. 2000, Page-20)*

આ જ વાત ઝાકિર નાયકે ૮, માર્ચ–૨૦૦૪ના રોજ Q.T.V. પર પણ કહી હતી.

ઝફર સાહબે ઝાકિર નાયકનું જે અરબી લખાણ دحٰها શબ્દની સમજૂતી (શરહ)માં રજૂ કર્યું છે તેનું ભાષાંતર આ પ્રમાણે થશે :–

"અરબી શબ્દ دحٰهاનો અર્થ છે "ઈંડા આકારવાળો કે ઈંડાઆકારવાળી" (ઈંડાના જેવો આકારવાળી). એનો એક અર્થ "ફેલાવવું" પણ છે. دحٰها અરબી શબ્દ (دحیہ(دحیا) થી નીકળેલ છે જેનો અર્થ છે 'શાહ મૃગનું ઈંડુ' કે જે દેખાવમાં તદ્દન પૃથ્વીના ગોળાની જેમ હોય છે. આ રીતે કુર્આન અને સાયન્સમાં સામ્યતા છે."

મિ. ઝાકિર નાયકે دحٰهاના બે અર્થો દર્શાવ્યા :–

(૧) Egg Shaped એટલે ઈંડા આકાર (૨) Expanse એટલે ફેલાવું. અને તેણે જબરદસ્તી એક જ અર્થ Egg Shaped ઈંડા આકાર માની લીધો છે.

મુજદિદે ઈસ્લામ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ કન્ઝુલ ઈમાન (ના અંગ્રેજી તર્જુમા)માં આ પ્રમાણે લખ્યું છે :–

**"And after that He spread out the Earth."**

ડો. અબ્દુલ હમીદ અલલુખ–કરાચી (પાક.)એ પણ કન્ઝુલ ઈમાનના અંગ્રેજી તર્જુમામાં એ જ પ્રમાણે લખ્યું છે જે શાહ ફરીદુલ હક્ક઼ સાહબે લખ્યું છે.

મોલ્વી ફતહ મુહમ્મદ જાલંધરીએ આ આયતનો ઉર્દૂ તર્જુમો આ પ્રમાણે કર્યો છે :–

"ઔર ઉસ્કે બાદ ઝમીન કો ફેલાયા." મિ. પિકથાલે (**M. Marmaduke Pikthall**) એનું અંગ્રેજી ભાષાંતર આ પ્રમાણે કર્યું : **"And after that He spread the Earth."**

આ સર્વ તર્જુમાઓ લગભગ એક જ પ્રકારના છે.

ઝાકિર નાયકે જે دحٰھاનો અર્થ **Egg Shaped** (ઈંડા આકાર) લખ્યું છે **એ તદ્દન ગલત છે**. ઝાકિર નાયકે પોતાની વાતના સમર્થનમાં હવાલાના રૂપે જે કુર્આની આયતોના નંબરો આપ્યા છે એનામાં ક્યાંય પણ دحٰھاનો અર્થ "ઈંડા આકાર" (**Egg Shaped**) છે જ નથી ! સર્વ આયતોમાં "ફેલાવું, ફર્શ, બનાવવું, બિછાનું બનાવવું"નો ઉલ્લેખ છે. **ઇંડા આકારનો ક્યાંય ઉલ્લેખ નથી** ! આ રીતે એ આયતોથી પણ તેને રદિયો મળે છે.

દારુલ ઉલૂમ દેવબંદના મુફ્તી મહમૂદ હસને પણ જે એવું લખ્યું છે તે સત્ય છે કે, **"ડો. ઝાકિર નાયક સાહેબ જાહેરી દષ્ટિએ વૈજ્ઞાનિક માહિતીમાં પણ અધૂરા છે અને અરબી શબ્દકોશ જ્ઞાન વગેરેમાં તો કદાચ શૂન્ય (૦) જ છે. તે જ પ્રમાણે ઉસૂલે તફસીર, તફસીરની શરતોથી તો ડો. ઝાકિર નાયકને દૂરનો પણ સંબંધ જણાતો નથી.** دحٰھاનો અર્થ શબ્દકોશમાં "ફેલાવું" છે અને એ જ અર્થ સર્વ મુફસ્સિરોએ અપનાવ્યો છે. ખબર નહીં ! دحٰھاનો અર્થ "શાહ મૃગનું ઈંડુ" એવો ઝાકિર નાયકે ક્યાં જોઈ લીધો ! અલ્બત્ત એ માદ્દાથી الادحیہ છે જેનો અર્થ "રેતીમાં શાહમૃગની ઈંડા મૂકવાની જગા" છે. એ જ માદ્દાથી الدحیہ પણ છે જેનો અર્થ 'બંદરિયા' (વાંદરો) છે. કાલે જો કોઈ એલાન કરી આપે કે ભાઈઓ ! આજ સુધી દુનિયા ગલત માનતી ચાલી આવી છે. સાંભળો ! કાન ખોલીને સાંભળો ! પૃથ્વી ન દડાની જેમ ગોળ છે ન ઈંડા આકારની છે. મોટા ભાગના વૈજ્ઞાનિકો પણ ગલત કહે છે અને ડો. ઝાકિર નાયક પણ એ જ પ્રમાણે પાયા વિનાની હાંકે છે, કુર્આનને તો મેં જ સમજ્યું છે والارض بعد ذالك دحٰھاથી એ સાબિત થાય છે કે જમીન ન પૃથ્વી જેમ ગોળ છે ન ઈંડા આકારની છે, બલ્કે બંદરિયા (વાનર)ના જેવી છે. તો ડો. ઝાકિર નાયક તે ગરીબની પાછળ હાથ ધોઈને પડી જાય ! જ્યારે કે તેની તથા ઝાકિર નાયકની ફાસિદ તાવીલ (ગલત અર્થઘટન)માં કોઈ જ ફરક નથી. *(મુહમ્મદ ઝફર સાહબના પત્રના હવાલાથી, આગ્રા)*

આશ્ચર્ય છે કે આજ સુધી 'જમીનનો ગોળો' કે 'પૃથ્વીનો ગોળો' કહેવામાં આવી રહ્યું છે. દુનિયાના નક્શાને ગ્લોબ (**Globe**) કહે છે જેનો અર્થ અંગ્રેજી ડિક્ષનરીમાં છે **Ball**(દડો), **Earth**(જમીન). પરંતુ હવે મિ. નાયકના કહ્યા પ્રમાણે ગ્લોબને ઈંડા આકારનો બનાવી લેવો જોઈએ અને ગ્લોબને બદલે તેનું નામ કાંઈ અન્ય રાખી લેવું જોઈએ.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ પોતાની કિતાબ 'ફવઝે મુબીન દર રદ્દે હરકતે ઝમીન'માં પૃથ્વીના માટે ઠેક ઠેકાણે "પૃથ્વીનો ગોળો" (કુર્રએ અર્દ) લખેલ છે.

અમુક અનુવાદકોએ دحٰھَانો અર્થ "ફેલાવું"ના બદલે "જામવું" લીધો છે. "ફેલાવું" અને "જામવું" આ બંનેના ભાવાર્થો અલગ અલગ છે. જામવાથી મુરાદ થાય છે કે કોઈ ચીજ એક પડ પર બીજો પડ વારાફરતી જામી રહી હોય, અને ફેલાવાથી સમજાય છે કે કોઈ ચીજનું કદ (**Volume**) વધી રહ્યું છે. **Geology**માં પૃથ્વીના બાબતે એ છે કે જ્યારે પૃથ્વી અસ્તિત્વમાં આવી છે ત્યારથી સતત ફેલાઈ રહી છે. ***(The Evolving Earth by saw kuns, F.S. eatal)***

જમીન પોતાના ફેલાવાના કારણે સતત ઉઠી રહી છે અને તેના ફેલાવાની ગતિ વિવિધ ખંડોમાં અલગ અલગ છે. કોઈ ખંડ દર વરસે ૩ સે.મિ. ઉપર ઉઠી જાય છે, કોઈ ૪ સે.મિ. ઉઠી જાય છે. એશિયા ખંડનો હિંદ તથા પાક.નો હિસ્સો દર વરસે ૩ થી ૫ સે.મિ. ઉપર ઉઠી જાય છે. આ જ કુદરતી અમલ જમીનને સતત ફેલાવી રહ્યો છે. અલ્લાહ عزوجلએ આ જ ફેલાવાનો ઉલ્લેખ સૂરએ નાઝિઆતની આયત નં. ૩૦માં કર્યો છે. ઈમામ અહમદ રઝાએ કુદરતના આ અમલને તર્જુમામાં જાહેર કર્યો છે. જમીનના આ ફેલાવાના અમલને કેવળ ઈમામ અહમદ રઝા જેવા મહાન ફકીહ તથા મુફસ્સિર અને એવા અજોડ હતા કે જેઓ સાયન્સના ઈલ્મો પર પણ પ્રભુત્વ ધરાવતા હતા, તેમણે સમજ્યો અને તેની તફસીરને એક શબ્દમાં સમેટી લીધી. અલ્લાહે પહાડોના લંગર નાખીને જમીનના ધ્રુજવાને રોકી રાખેલ છે અને જમીન સ્થિર થઈ છે. જ્યારે ક્યાંક આ કુદરતી લંગરમાં ફરક આવે છે અને તેનું સંતુલન બગડે છે તો તે સ્થળોએ ધરતીકંપો થાય છે અને જમીનમાંથી લાવારસ ઉભરાવા લાગે છે.

કુર્આને કરીમની સૂરએ નાઝિઆતની આયત ૩૦ નો ઝાકિર નાયકે કરેલ તર્જુમો ખોટો છે. દેવબંદી મોલ્વી અને તેમનું અનુકરણ કરનારા અનુવાદકોએ તો કુર્આનના તર્જુમામાં એવી ઠોકરો ખાધી છે કે અલ્લાહને મઆઝલ્લાહ ! "મકર (ધોકો, પ્રપંચ) કરનાર" અને રસૂલને "ગુનેહગાર" લખી દીધા છે. (મઆઝલ્લાહ !) એક ઈમામ અહમદ રઝાની ઝાત એવી છે કે જેમનો તર્જુમો કુર્આની હેતુની તદ્દન મુતાબિક છે.

ઝાકિર નાયકે કુર્આનમાં તેહરીફ (હેરફેર) કરી છે, વૈજ્ઞાનિક જાણકારીમાં પણ તે અપૂર્ણ છે. અને તેમનું એ કહેવું કે, "કુર્આન અને આધુનિક વિજ્ઞાનમાં સામ્યતા તથા એકાકીપણુ છે એ તદ્દન બાતિલ (ખોટુ) છે, અને કુર્આન પર હુમ્લાની હિંમત કરવું છે. **કુર્આનનો દરેક આદેશ સત્ય તથા અટલ છે, જો સાયન્સ કુર્આની નિયમોની કસોટીમાં ખરું ઉતરે તો સ્વીકાર્ય છે, નહીં તો તદ્દન બાતિલ ગણાશે.** મુજદ્દિદે ઈસ્લામ ઈમામ અહમદ રઝાએ એ જ કહ્યું છે અને પૃથ્વીના ભ્રમણની માન્યતાને રદીયો આપ્યો છે.

## શું ઈબ્રાહીમ علیہ السلامના પિતા મૂર્તિપૂજક હતા ?!

ડો. ઝાકિર નાયકના સંબંધે મુહમ્મદ ઝફર સાહબે એ પણ પ્રશ્ન કર્યો છે કે, તે કહે છે કે નાયકના કથનાનુસાર "હઝરત ઈબ્રાહીમ علیہ السلامના પિતા મૂર્તિપૂજક હતા." તેનો જવાબ પણ હાજર છે.

**જવાબ** : 'આઝર" એ હઝરત ઈબ્રાહીમ علیہ السلامના કાકા હતા, બાપ નહીં.

ડો. ઝાકિર નાયકે જે એવું લખ્યું છે કે, "હઝરત ઈબ્રાહીમ علیہ السلامના પિતા મૂર્તિપૂજક હતા." એ **તદ્દન ગલત** છે.

હઝરત ઈબ્રાહીમ علیہ السلامના પિતાનું નામ

"તારુખ" હતું અને તેમના પિતાનું નામ "નાખૂર" હતું. "આઝર" જે મૂર્તિપૂજક હતો તે આપનો પિતા નહીં પણ કાકો હતો.

આપણા નબી સરકાર મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ હઝરત ઈબ્રાહીમ علیہ السلام ના ફરઝંદ હઝરત ઈસ્માઈલ علیہ السلام ની ઔલાદમાંથી છે. અને અહલે સુન્નતના ઉલમાની દલીલો એ છે કે **હુઝૂર નબી કરીમ علیہ السلام ના બાપ દાદાઓમાં કોઈ પણ કાફિર નથી.** ખૂદ સરકાર علیہ السلام નો મુબારક ઈર્શાદ છે કે **હું હમેશાં પાક પીઠોએથી પવિત્ર ગર્ભોની પ્રતિ તબદીલ થતો રહ્યો."**

કુર્આને કરીમમાં દાદા, બાપ અને કાકા સૌના માટે શબ્દ **અબ 'اب'** (બાપ) બોલવામાં આવેલ છે.

જેમ કે રબ તઆલાનો ઈર્શાદ છે :–

**ام کنتم شهداء اذ حضر يعقوب الموت اذ قال لبنيه ماتعبدون من بعدى ط قالوا نعبد الٰهك واٰله آباءِكَ ابراهيم واسماعيل واسحاق**

**(અર્થ)** : શું તમે મૌજૂદ હતા જ્યારે યાકૂબ પર મૌતનો સમય હાજર થયો તે વખતે તેમણે પોતાના પુત્રોને કહ્યું, તમે મારા બાદ કોની ઈબાદત (પૂજા) કરશો ? બોલ્યા, અમે ઈબાદત કરીશું તમારા મઅબૂદ અને તમારા બાપો ઈબ્રાહીમ, ઈસ્માઈલ અને ઈસ્હાકના મઅબૂદની." *(સૂ. બકરહ, આયત–૧૩૩)*

આ આયતે મુબારકામાં હઝરત યાકૂબ علیہ السلام ના પિતા હઝરત ઈસ્હાક علیہ السلام અને તેમના (મોટા બા) હઝરત ઈસ્માઈલ علیہ السلام અને દાદા હઝરત ઈબ્રાહીમ علیہ السلام સર્વના માટે "અબા" (પિતાઓ)નો શબ્દ વપરાયો છે, જે **અબ 'اب'** પિતાનું બહુવચન છે.

હદીષ શરીફમાં નબીએ કૌનેન ﷺ નું મુબારક કથન મૌજૂદ છે જેમાં આપે આપના ચાચા (કાકા) હઝરત અબ્બાસ رضی اللہ عنہ ને "અબી" (ابی) 'મારા પિતા' કહ્યા છે.

મુહમ્મદ ઈબ્ને કઅબ, કતાદા, મુજાહિદ તથા હસન વગેરેથી રિવાયત થયેલ છે કે, "બેશક ! ઈબ્રાહીમ علیہ السلام હમેશાં પોતાના કાકા આઝરના માટે મગફેરતની દુઆ કરતા રહ્યા ત્યાં સુધી કે તે મૃત્યુ પામ્યા. તેના મૃત્યુ બાદ આપના પર સ્પષ્ટ થઈ ગયું કે તે તો કુફ્રની હાલતમાં મૃત્યુ પામેલ છે, અને કાફિર તો અલ્લાહનો દુશ્મન છે, જેથી તેના માટે તો દુઆ કરવાનો કોઈ મકસદ જ નથી. તો આપે તેના માટે મગફેરતની દુઆ છોડી આપી એનાથી બેઝારી અપનાવી લીધી.

અલ્લાહ جل جلالہ એ ઈર્શાદ ફર્માવ્યો :–

**وماكان استغفار ابراهيم لابيه الّا عن موعدة وعدها ايّاه فلما تبين له انه عدو الله تبرا منه**

**(અર્થ)** : "અને ઈબ્રાહીમ علیہ السلام નું પોતાના બાપ (કાકા આઝર)ની બખ્શિશ ચાહવું, એ તો ન હતું પણ એ વાયદાના સબબે જે એની સાથે કરી ચૂક્યા હતા. પછી જ્યારે ઈબ્રાહીમ (علیہ السلام) પર જાહેર થઈ ગયું કે તે ખુદાનો દુશ્મન છે તો તેનાથી સંબંધ તોડી કાઢયો, કેમ કે આઝરે સૈયદના ઈબ્રાહીમ علیہ السلام ને ઈમાન લાવવાનો વાયદો કર્યો હતો."

હુઝૂર ﷺ એ એના અનુસંધાનમાં ફર્માવ્યું કે આઝરે હઝરત ઈબ્રાહીમ علیہ السلام થી ઈસ્લામ લાવવાનો વાયદો કર્યો હતો અને હઝરત ઈબ્રાહીમ علیہ السلام એ એટલા માટે તેના માટે મગફેરતની દુઆ કરવાનો વાયદો કર્યો, પરંતુ જ્યારે તે ઉમ્મીદ ખત્મ થઈ ગઈ તો આપે તેનાથી સંબંધ તોડી નાખ્યો અને તેના માટે મગફેરતની દુઆ કરવાનું પણ છોડી આપ્યું.

આઝર આગના ચિંગારાથી મૃત્યુ પામ્યો અને

વધુ પેજ નં. ૪૫ પર....




# સાંપ્રદાયિક (સિલસિલાવારી) વિખવાદનો ઈલાજ મઝહબી પત્રકારત્વ

મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી ટંકારવી (હાલ : મુબારકપુર, યુ.પી.)

પત્રકારત્વ ચાહે કોઈ પણ વિભાગથી સંબંધિત હોય તેની એહમિયત તથા અગત્યતા સર્વમાન્ય છે. ધાર્મિક પત્રકારત્વના નામે આજે આપણી પાસે એક માત્ર તે મઝહબી રિસાલાઓ તથા સામાયિકો છે જે સાપ્તાહિક, પખવાડિક માસિકોના રૂપે પ્રસિદ્ધ થાય છે. તેમાં વધુ પડતા માસિકો, પખવાડિકની ભાષા ઉર્દૂ હોય છે, જ્યારે કે દેશના ખૂણે ખૂણે વસતા મુસલમાનોની એક બહોળી સંખ્યા તે લોકોની છે જેઓ ઉર્દૂ અરબીથી એકદમ અજ્ઞાન છે. તેઓને જો હિન્દી, અંગ્રેજી અથવા સ્થાનિક ભાષામાં ઈસ્લામી માલૂમાત પહોંચાડવામાં આવે તો તેઓ તેનાથી ફાયદો ઉઠાવી શકે છે. પરંતુ આ પ્રમાણેના માસિકો તથા સામાયિકો અંશતઃ જોવા મળે છે. આ એક ચિંતાજક મુદ્દો છે જેની તરફ ધ્યાનિત થવું ઘણુ જરૂરી છે. આમ છતાં જે પણ સામાયિકો તથા માસિકો પ્રસિદ્ધ થઈ રહ્યાં છે જો તેને સમતુલિત લખાણના આધારે પ્રસિદ્ધ કરીને આધુનિક યુગની જરૂરતો તથા સમયના જબરદસ્ત પ્રસ્તાવોથી સજ્જ કરવામાં આવે તો તેના દ્વારા મઝહબ અને સમાજની ખિદમતનો મહત્વનો ફરીઝો અંજામ આપી શકાય છે અને મુસ્લિમ કૌમની દીની ગુમરાહી તથા આંત્રિક વિખવાદ ઉપર બ્રેક લગાડી શકાય છે.

એમાં કોઈ શંકા નથી કે મસ્લકે હક્કો સદાકત (હક્ક અને સચ્ચાઈનો માર્ગ) જેના ઉપર સહાબાએ કિરામ, તાબઈને એઝામ, તબ્એ તાબઈન, ઓલમાએ દીન અને ઈમામો رضوان الله تعالى عليهم اجمعين ચાલતા રહ્યા તે માર્ગ માત્ર અહલે સુન્નત વલ જમાઅત જ છે. રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ઈર્શાદ ફર્માવ્યું કે :– "મારી ઉમ્મત તોત્તેર (૭૩) ફિર્કાઓમાં વહેચાઈ જશે, બધા જ (ફિર્કાઓ) જહન્નમી છે સિવાય એક." સહાબાએ કિરામ رضوان الله تعالى عليهم اجمعين એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم એ કયો ફિર્કો છે ?! (જે જન્નતી છે !) આપ صلى الله عليه وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, "(તે ફિર્કો એ જ છે) જેની ઉપર હું અને મારા સહાબા છે." *(મિશ્કાત શરીફ)*

આ જ હક્ક અને સાચો માર્ગ છે જેની ઉપર અલ્હમ્દુલિલ્લાહ ! આપણે (એટલે કે સુન્નીઓ) છીએ. તેની પેરવીની સાથે તેનો પ્રચાર તથા તબ્લીગ, તેની રક્ષા અને હમેશાંના માટે તે માર્ગને સાચવી રાખવાની જિમ્મેદારી પણ આપણી જ ઉપર છે. આજે મસ્લકે અહલે સુન્નત વ જમાઅત આંતરિક તથા બાહ્ય બંનેવ મોરચાઓ ઉપર વિરોધીઓના નાપાક ષડયંત્રો તથા પ્રપંચોનો શિકાર છે. એક તરફ બાતિલ ફિર્કાઓ અહલે સુન્નતના સર્વમાન્ય અકીદાઓ અને સિદ્ધાંતો વિરુધ્ધ કાવતરાંઓ તથા પ્રોપેગંડાઓનો કોઈ એક અવસર પણ છોડતા નથી. સહાબાએ કિરામના યુગથી પરંપરાગત ચાલ્યા આવનાર રીત રીવાજોને શિર્ક તથા બિઅદત ઠરાવવામાં જરા પણ સંકોચ અનુભવતા નથી, ત્યારે બીજી તરફ આંત્રિક સ્થિતિ પણ ઘણી નાઝુક અને હિમ્મત તોડી નાખે એવી છે. આપસી દુશ્મની, ખાનકાહી હરીફાઈ તથા પીરી મુરીદીના નશામાં મસ્લકી હિતોને નઝર અંદાઝ કરીને ગ્રૃપબંદીના નવા નવા ફણગા બહાર પાડવામાં આવે છે. એના અસંખ્ય દ્દષ્ટાંતો આજે આપણી સમક્ષ મૌજૂદ છે અને તેનાથી અહલે સુન્નત વલ જમાઅતને નુકસાન થઈ રહ્યું છે એનાથી દ્દષ્ટિ ધરાવનાર અને પોતાની અંદર ઈસ્લામ પ્રત્યે હમદર્દી

ધરાવતું દિલ રાખનાર દર્દમંદો નાવાકેફ નથી.

અહલે સુન્નત વલ જમાઅતના તે આંત્રિક વિખવાદને નાબૂદ કરવો એ આપણા સૌની બુનિયાદી જિમ્મેદારી છે. અવામ સુધી સાચી જાણકારી, પહોંચાડવી ખરા અકીદાઓની ઓળખ, ઈસ્લામી સિદ્ધાંતોની તબ્લીગ અને જૂઠા વિચારો, બાતિલ અકીદાઓથી આગાહી દ્વારા જ આ કામ શક્ય છે. તેના માટે આપણી પાસે ખૂબ જ અસરકારક આધાર તથા ઝરીયો મઝહબી પત્રકારત્વ એટલે કે દીની તથા ધાર્મિક માસિકો, સામાયિકો અને સમાચાર પત્રો છે. તે માસિકો અને સામાયિકોના આધારે આપણા ઈસ્લામ તથા મુસલમાનો વિરુધ્ધ ફેલાવવામાં આવતા પ્રોપેગંડાઓ તથા ષડયંત્રોનો માત્ર મુંહતોડ જવાબ નહીં પરંતુ મસ્લકી વિખવાદ, સાંપ્રદાયિક ભેદભાવ તથા સિલસિલાવારી કુસંપનો મોરચો સરળતાથી જરૂર સર કરી શકીએ છીએ. આ બધા હેતુઓ (મકસદો)ની પ્રાપ્તિ માટે આપણે તે માસિકો તથા સામાયિકોની કાર્યવાહી પ્રત્યે ગંભીર થઈને મધ્યમ માર્ગ અપનાવવો પડશે. માત્ર કૌમી અને સામાજિક સમસ્યાઓ તથા મસ્અલાઓ અંગે લેખિત બહસો તથા વિચાર વિમર્શ કરવાથી ન તો સમસ્યાઓ હલ થઈ શકે છે અને ન તો તે મફતના મશ્વરોઓ તથા અભિપ્રાયો ઉપર અમલ થઈ શકે છે.

ગંભીરતાથી વિચારવામાં આવે કે શું મુસલમાનોના આપસી વિખવાદનો અંત લાવવાનો એક માત્ર માર્ગ એ જ છે કે માસિકો અને સામાયિકોમાં તે વિખવાદને મીઠુ મરચુ ભભરાવીને બેધડક, ધૂમધામથી અજ્ઞાન અને ભોળી ભાળી પ્રજા સમક્ષ રજૂ કરવામાં આવે અને વરસોથી રહસ્યના પર્દામાં પડેલા અને કોઈ મક઼સદના ખાતર સ્થગિત કરવામાં આવેલા કોઈ સંગીન મસ્અલા ઉપર વાર્તાલાપની મેજ સજાવવામાં આવે, જેના પરિણામે કોઈ મહાન ફિત્નાને જનમવાની આશંકા હોય. એટલું જ નહીં પણ તેનાથી જ્યાં એ વાતનો ખતરો છે કે આપણી અવામ ઓલમા, લીડરો તથા પીરોના આપસી વિખવાદથી આજિઝ આવીને મઝહબથી બેઝારી જાહેર કરી નાખે, ત્યાં જ એ વાતની પણ ભારે શક્યતા છે કે આપણી જમાઅત (અહલે સુન્નત વ જમાઅત) એકવાર ફરી ગૃપબંદી તથા સાંપ્રદાયિક ભાગલાની શિકાર થઈ જાય. એટલા માટે માસિકો તથા સામાયિકોમાં એ પ્રમાણે જ લેખો પ્રસિદ્ધ કરવામાં આવે જેનો ફાયદો અવામ તથા ઓલમા, લીડરો, પીરો માટે સમાન હોય અને તેવી જ સમસ્યાઓ ઉપર બહસ કરવામાં આવે જેની ઉપર અમલી રીતે પગલાં ભરી શકાય અને ઈચ્છાનુસાર પરિણામ હાથ લાગે.

**પત્રકારત્વ** ભલે કોઈ પણ વિભાગથી સંબંધિત હોય પરંતુ તેનું સ્થાન ઘણુ ઉચ્ચ હોય છે. તેને આપણે **સમાજ તથા વતનનો આયનો** પણ કહી શકીએ છીએ. પરંતુ **મઝહબી પત્રકારત્વથી સંબંધ ધરાવતી વ્યક્તિ આ હૈસિયતથી અધિક એહમિયત ધરાવતી હોય છે કે તે માત્ર એક સમાચાર પત્રનો રિપોર્ટર અથવા કોઈ સંદેશવાહક એજન્સીનો સામાન્ય નોકર જ નહીં પરંતુ મઝહબી આગેવાની તથા અખંડ ઈસ્લામી અક઼ાઈદ તથા સિદ્ધાંતોનો પ્રચાર પણ તેની જિમ્મેદારીમાં હોય છે. આ હિસાબથી તેનું અત્યંત ઉચ્ચ વિચારસરણીનો માલિક, દૂરંદેશ તથા નિષ્પક્ષ હોવાની સાથે સાથે જાતિય (વ્યક્તિગત) ફાયદાઓ, સાંપ્રદાયિક પક્ષપાત અને રાજનૈતિક દબાણથી સ્વતંત્ર હોવું બેહદ અનિવાર્ય છે. જેથી આપસી વિખવાદની સ્થિતિમાં સાચી હક઼ીક઼તનો ખુલ્લેઆમ ઈઝહાર કરી શકે અને સમયની પરિસ્થિતિ મુજબ નિઃસંકોચપણે તથા નીડરતાની સાથે તેના વિશે ટીપ્પણી તથા પૃષ્ટિકરણ કરી શકે.**

ઘણાયે એવા પણ છે જેઓ મઝહબી

પત્રકારત્વના નામ પર ધાર્મિક માસિકો તથા સામાયિકોને ઈસ્લામી વિચારો તથા સિદ્ધાંતોની તબ્લીગની જગાએ તે માસિકોને માત્ર રોઝગાર તથા ધંધાદારીનો ઝરીયો સમજી બેઠા છે. આ બેકગ્રાઉન્ડમાં તેઓ માત્ર એ જ લેખો પ્રકાશિત કરે છે જે લેખો વ્યવસાયિક રીતે ફાયદામંદ હોય અને જે લેખોના પ્રસિદ્ધ થતાંની સાથે જ દેશના ખૂણે ખૂણામાં એક હંગામામય સ્થિતિ સર્જાય જાય અને સંપૂર્ણ દેશવાસીઓ બૈચેનીના શિકાર થઈ જાય, ભલે પછી ધાર્મિક સંપ અને કૌમી, મઝહબી હિતો ઉપર તેની અસર બુરી પડે. આ પ્રમાણેના માસિકો, સામાયિકો પ્રત્યે ન તો એકતા તથા ઈત્તેહાદની ઉમ્મીદ રાખી શકાય અને ન તો તેનાથી દીનની ખિદમતનું યકીન કરી શકાય. હા ! એ અલગ વાત છે કે આવા માસિકો, રિસાલાઓ અને સામયિકોનું વ્યાપારિક ક્ષેત્ર રોજ બરોજ વિશાળ થતું જાય, પરંતુ વિશ્વાસ કરો તો આ એક ઘડીભરની વસ્તુ છે જે હમેશાં નહીં રહે. **મધ્યમ માર્ગથી હટીને કોઈપણ ક્ષેત્રે આપણે કામયાબ નથી થઈ શકતા. એટલા માટે જરૂરત એ વાતની છે કે રિસાલાઓ તથા માસિકોના તંત્રીઓ તથા કલમકારો નિખાલસતા અને લિલ્લાહિયતની સાથે પોતાની પત્રકારત્વની કાબેલિયતોને કામમાં લાવી અત્યંત સાવધાની તથા હોશિયારીથી મઝહબી મસાઈલ તથા ધાર્મિક સમસ્યાઓ અંગે બેબાક ટીપ્પણી કરે.** તદ્ઉપરાંત લેખોમાં નવીનતાની સાથે સાથે તેની ભાષા તથા વર્ણન પ્રત્યે પણ ખાસ ધ્યાન આપે.

પત્રકારત્વનું ક્ષેત્ર રોજ બરોજ વિસ્તૃત થઈ રહ્યું છે. પત્રકારત્વના તમામ વિભાગોમાં અપાર પ્રગતિ થઈ રહી છે, પરંતુ ધાર્મિક પત્રકારત્વ આ આધુનિક યુગમાં પણ રિસાલાઓ તથા માસિકો સુધી જ મર્યાદિત છે.

ધીમે ધીમે જ સહી પણ તેને વિસ્તૃત બનાવવાની અને પ્રગતિ આપવાની અત્યંત જરૂર છે. ઉમ્મીદ છે કે યોગ્યતા ધરાવતા કલમકારો અને અહલે ખૈર સુન્ની ભાઈઓ આ સમસ્યાઓ ઉપર જરૂર તવજ્જોહ ફર્માવશે. (ઈન્શાઅલ્લાહ !)

*(ઉર્દૂ માસિક અશ્રફિયા–મુબારકપુર, ડિસેમ્બર–૨૦૦૬)*

પેજ નં. ૪૨ નું ચાલુ....

હઝરત ઈબ્રાહીમ علیہ السلام એ ત્યાર પછી તેના માટે કોઈ દુઆ નથી કરી. આગના બનાવ પછી ઈબ્રાહીમ علیہ السلام એ શામ (સીરીયા) તરફ હિજરત કરી પછી મિસરમાં પ્રવેશ્યા અને એક જાલિમ બાદશાહનો બનાવ આપની સમક્ષ ઉપસ્થિત થયો. અને હઝરત હાજરા આપને મળ્યાં. પછી આપને અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો કે હાજરા અને તેમના પુત્ર ઈસ્માઈલ (علیہ السلام)ને કા'બાની પાસે છોડી મૂકો જ્યાં આજે મક્કા મોઅઝ્ઝમા આબાદ છે. તો ત્યાં આપે કેટલીક દુઆઓ ફર્માવી જેમાંથી એક દુઆમાં આ મુબારક શબ્દો પણ છે: ربنا اغفرلی ولوالدی "હે અમારા રબ! મારી અને મારા માંબાપની મગફેરત ફર્માવ."

હવે આના પરથી એ વાત ધોળા દહાડાની જેમ સ્પષ્ટ થઈ ગઈ કે આપ (હઝરત ઈબ્રાહીમ علیہ السلام)એ અલ્લાહના જે દુશ્મનના માટે દુઆ કરવાનું છોડી આપ્યું હતું તે આપનો કાકો "આઝર" છે જેને બાપ (અબ)થી સંબોધવામાં આવ્યો અને એ દુઆને છોડવાના કેટલા અરસા પછી પણ આપ આપના (સગા) પિતા તથા માંના માટે મગફેરતની દુઆ કરી રહ્યા છે તે આપના હકીકી બાપ છે. કેમ કે "આઝર"થી બેઝારી (સંબંધ ત્યજવા) પછી તેના માટે દુઆ કરવાનો કોઈ મતલબ છે ?! *(રૂહુલ મઆની, ભાગ–૪, પેજ–૧૯૫, વિભાગ–૨, આયતે કરીમા* **واذقال ابراهيم لابيه** *હેઠળ, બહવાલા : તઝકેરતુલ અંબિયા, અઝ : અલ્લામા અબ્દુર્રઝ્ઝાક ભત્રાલ્વી)* **–(સુન્ની દુન્યા, મંથલી, બરેલ્વી, જૂન–૨૦૦૭)** (વધુ આવતા અંકે....)

## બરકાતે ખ્વાજાની ટપાલ

કાર્યાલય

### ★ ભૂલ સુધારો ★

બરકાતે ખ્વાજા (માસિક), જુલાઈ–૨૦૦૭, પેજ–૧૧ અને લીટી–૧૨ ઉપર **"જહન્નમી"** શબ્દ છેકી **"જન્નતી"** કરશો.

### અલ્લાહનું ઘર બનાવી આપો !

બુવા (તા. આમોદ) ગામની ગુલશને રઝા મસ્જિદ વરસો જુની સાંકડી, જર્જરિત અને છેલ્લા બે વરસથી ભારે વરસાદને કારણે મિસ્માર હાલતમાં હોય તેને શહીદ કરી નવેસરથી તામીરી કામ શરૂ કરેલ છે. મોંઘવારીના હિસાબે ખર્ચ મોટો થવા સંભવ છે. ગામના સુન્ની મુસલમાનોની આર્થિક સ્થિતિ નબળી હોઈ સખી દાતાઓને દર્દમંદાના અપીલ લે છે કે મસ્જિદ બાંધકામ માટે રોકડ રકમ, સ્ટીલ, રેતી, સિમેન્ટ, ઈંટ, કપચી, મારબલ વિગેરે શક્ય તે રીતે ઉદાર દિલે ભરપૂર ઈમદાદ આપી, અપાવીને અલ્લાહનું ઘર બનાવી આપી સવાબે જારિયાના હક્કદાર બની ખુદાની ખુશ્નુદી હાંસલ કરી જન્નતમાં આલીશાન મહેલ બનાવો. સખીદાતાઓને સ્થળ પર રૂબરૂ પધારવા હાર્દિક આમંત્રણ છે.

**મદદ મોકલવા સંપર્ક કરો :–** (૧) નાસિરભાઈ એમ. રાજ (મો. ૯૯૦૯૦ ૯૮૭૫૨) (૨) બાજીખાન પઠાણ (મો. ૯૮૭૯૩ ૦૩૦૪૬) (૩) મુહમ્મદખાન પઠાણ (૦૨૬૪૧) ૩૨૯૬૩૬) મુ.પો. **બુવા,** તા. આમોદ, જિ. ભરૂચ

### ★ બરકાતે ખ્વાજા (માસિક) અંક ગમ્યો ! ★

અસ્સલામુ અલૈકુમ શબ્બીરભાઈ, સૂરતથી 'બરકાતે ખ્વાજા' (માસિક)ના ચાહક ઓસામા મુહમ્મદના સલામ કબૂલ કરશો.

મે–૨૦૦૭ના અંકમાં 'ધર્મોમાં ભેળસેળ વિશે' તંત્રી લેખ પઢી દિલો દિમાગ તરોતાજા થઈ ગયેલ. ખરેખર આ લેખ દરેક સુન્ની મુસલમાનના ઘરમાં પહોંચવો જરૂરી છે. બીજું 'મુસલમાનોની તબાહી તથા બર્બાદીના કેટલાક કારણો' લેખ વાંચી ઘણી જ જાણવા લાયક વિગતો પ્રાપ્ત થઈ. દરેક સુન્ની મુસલમાને તેના પર ફિક્ર કરી જેટલી ખરાબી નાબૂદ થઈ શકે તેટલી કોશિશ કરવા જરૂર કરવી જોઈએ. બીજુ, "મક્કા મોઅઝ્ઝમાની ધરતી માફીયાઓની જાળમાં' આ લેખ પઢીને તો આંખોમાંથી આંસૂ સરી પડયાં. કાશ ! આજે બધા મુસલમાનો એક અવાજ કરી તેનો સામનો કરે. અલ્લાહ પાક સર્વેને નેક તૌફીક આમે. (આમીન)

–લિ. ***ઓસામા મુહમ્મદ અલ્તાફ (સૂરત)***

### ★ જૂનાગઢમાં હઝરત હાજીપીર બાપુના ઉર્ષ નિમિત્તે શાનદાર જલ્સાનું આયોજન ★

**જૂનાગઢ** : અહીં તા. ૨૦–૬–૨૦૦૭, બુધવારના રોજ ઢાલરોડ ખાતે આવેલ મશ્હૂર ઔલિયા હઝરત હાજી બાપુ رحمۃ اللہ علیہનો ઉર્સ શરીફ શાનોશૌકતથી મનાવવામાં આવેલ જેમાં સાંજે અસરની નમાઝ બાદ મઝાર શરીફ ઉપર સંદલ, ચાદર પોશી, સલાતો સલામ, દોઆએ ખૈર થઈ હતી. રાત્રે ઈશાની નમાઝ બાદ શહઝાદએ હુઝૂર અમીરે અહલે સુન્નત, પીરે તરીકત, હઝરત મૌલાના ગુલઝાર બાપુ નૂરી રઝવી (સજ્જાદા નશીન ખાનકાહે રઝવિય્યહ્ નૂરીય્યહ્)ની સદારતમાં શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ જેમાં મુરાદાબાદ (યુ.પી.)ના મશ્હૂર આલિમ ખતીબે અહલે સુન્નત હઝરત મૌલાના અલ્હાજ કારી સખાવત હુસૈન સાહબ રઝવી મુરાદાબાદીએ પુરજોશ તકરીર ફર્માવી હતી. તેમજ દારુલ ઉલૂમ અન્વારે મુસ્તફા જૂનાગઢના મુફતી હઝરત હસીબુર્રહમાન સાહબ, મૌલાના હાફિઝ સાબિર રઝા સાહબ, મૌલાના નૂરુલઐન સાહબ વગેરે આલિમોએ હાજરી આપી હતી.

***–વ્યવસ્થાપક***

**★ સુન્ની દા'વતે ઈસ્લામી (ભરૂચ શાખા) તરફથી તર્બિયતી કેમ્પ યોજાયો ★**

તા. ૧૭–૬–૦૭ રવિવારના રોજ બાવા જંમન رحمۃ اللہ علیہના મઝારે પાક, ડી.એસ.પી. ઓફિસ પાસે બાદ નમાઝે ઝોહરથી કુર્આને પાકની તિલાવત અને નઅતે પાકથી પ્રોગ્રામની શરૂઆત થઈ. ત્યારબાદ દુરૂદ શરીફની ફઝીલત, સુન્નતોની તા'લીમ બાદ મૌલાના નિઝામુદીન સાહબ મિસ્બાહી બરકાતી (ખતીબો ઈમામ મુલતાનીવાડ)એ વુઝૂના ફર્ઝો તથા જરૂરી મસાઈલની લોકોને ખૂબ જ સારી તા'લીમ આપી. બાદ નમાઝે અસર મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ ઈમ્તયાઝ સાહબે નમાઝની શરતો અને ફરાઈઝના જરૂરી મસાઈલ તેમજ નમાઝની પ્રેક્ટિકલ તા'લીમ આપી અને હાજર લોકોએ પણ પોતાના મસાઈલના સવાલ કરી સંતોષકારક જવાબ મેળવ્યા હતા. આ ક્રમ ઈશાની નમાઝ સુધી ચાલુ રહ્યો. અંતમાં જનાબ ઈમ્યાઝ સાહબે દા'વતો તબ્લીગનું તેહરીકી રીતે કામ કરવાની જરૂરત પર બયાન કરી લોકોને આ કામ માટે આગળ આવવા અપીલ કરી હતી. બાદ નમાઝે ઈશા બાવા જંમન رحمۃ اللہ علیہના મઝાર મુબારક પર સલાતો સલામ અને દુઆ પર પ્રોગ્રામ પૂરો થયો હતો.

**★ ડભોઈમાં સુન્ની ઈજતેમાઓ યોજાયા ★**

ડભોઈમાં શમ્એ રિસાલતના પરવાનાઓને ઈશ્કે રસૂલ ﷺના જામ પીવડાવવા માટે આલમી તેહરીક 'સુન્ની દા'વતે ઈસ્લામી'ના રૂહપરવર સુન્ની ઈજતેમા ખૂબ જ શાનો શૌકતથી કામયાબ રીતે ઓલમાએ અહલે સુન્નતની સરપરસ્તીમાં યોજાયા. જેમાં વડોદરાથી મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ મુહમ્મદ સુલ્તાન રઝા સાહબે તશરીફ લાવી નઅતે રસૂલ ﷺ ગુન ગુનાવી તથા બયાનો કરીને હાજરીનના દિલોને મુનવ્વરો મુજલ્લા ફર્માવ્યાં. ડભોઈના વિવિધ ઈલાકાઓમાં યોજાયેલા સુન્ની દા'વતે ઈસ્લામીના કામયાબ સુન્ની ઈજતેમાઓમાં તા. ૨૮/૫/૦૭ને સોમવારના રોજ સરકારી દવાખાના પાછળ યૂસુફભાઈ મેમણના ઘર પર, જ્યારે તા. ૮–૬–૦૭ને જુમ્આના રોજ જુમ્આ મસ્જિદ બહાર, ત્યારબાદ તા. ૧૭–૬–૦૭ને રવિવારના રોજ નવાપુરા બદરૂદ્દીન મહોલ્લામાં, ત્યારબાદ તા. ૨૨–૬–૦૭ના જુમ્આ મસ્જિદમાં જુમ્આમાં અને ત્યારબાદ ૨૨–૬–૦૭ની રાત્રે ઈશાની નમાઝ બાદ કાઝીવાડા મસ્જિદ પાસે ખાટડીવાડમાં ઓલમાએ અહલે સુન્નતની સરપરસ્તીમાં કામયાબ સુન્ની ઈજતેમા યોજાયા.

*રજૂકર્તા :* ***ખત્રી ઉસ્માનગની–ડભોઈ***

**★ દીની તેમજ દુનિયવી તા',જ્ઞલીમ માટે બાળકોને દાખલ કરો ! ★**

દારુલ ઉલૂમ તથા મદરસામાં રહીને અભ્યાસ કરતા બાળકો દુનિયવી તા'લીમથી વંચિત રહી જતા હોય છે, જેથી દીની વ દુનિયવી તા'લીમ અત્યારના તબક્કે અનિવાર્ય બની રહેલ છે. જે બાબત ધ્યાનમાં લઈ 'દારુલ ઉલૂમ આ'લા હઝરત'માં રહી દીની તથા દુનિયવી તા'લીમ હાંસલ કરવા ઈચ્છતા બાળ કો માટે વ્યવસ્થા કરવામાં આવેલ છે. જે ગામમાં મસ્જિદ કે મદરસો ન હોય તેવા ગામના બાળકોને દાખલ કરવા અગ્રતા આપવામાં આવશે.

હાલ ધોરણ ૩ થી ૭ સુધીનાં ભણતા બાળકો લેવામાં આવશે. તેઓની શિક્ષણ વ્યવસ્થા, વડોદરા શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા ધી મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી સંચાલિત એમ.ઈ.એસ. પ્રાથમિકશાળા મોગલવાડા, વડોદરામાં કરવામાં આવેલ છે. હાલમાં ૧૭ (સત્તર) બાળકોએ ''દારુલ ઉલૂમ આ'લા હઝરત''માં પ્રવેશ મેળવી લીધેલ છે. રસ ધરાવતા વાલીઓએ વહેલી તકે ''દારુલ ઉલૂમ આ'લા હઝરત''નો સંપર્ક કરવા વિનંતિ.

**સંપર્ક સરનામુ :** દારુલ ઉલૂમ આ'લા હઝરત, બાવામાનપુરા, પાણીગેટ, વડોદરા–૩૯૦ ૦૧૭, ફોન : (૦૨૬૫) ૨૫૬૫૦૦૩

### ★ શાદી મુબારક ★

**લાખના** : થી અ. રઝાક હાજી ઉષ્માન રઝવી જણાવે છે કે તેમના નેક ફરઝંદ રિયાઝ અહમદની શાદી કૌષર (D/o. મુહમ્મદ યુસુફ ઉષ્માનભાઈ દોકરીયા–કોલા) સાથે તા. ૧૫–૭–૨૦૦૭ના રોજ રાખવામાં આવી. (મુબારકબાદ !)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ભરૂચ** : બરકાતે ખ્વાજા (માસિક)ના ચાહક તથા હમદર્દ જનાબ હાફેઝ મેહબૂબ સરનારવી (હાલ : બ્લેકબર્ન, યુ.કે.)ની નેક દુખ્તર મેહઝબીનની શાદી જનાબ હાજી મુહમ્મદ હાજી હસન વલી (મોટાભાઈ)ના નેક પુત્ર ઈમરાન સાથે તા. ૧૫–૭–૦૭ના રોજ દયાદરા મુકામે હોલમાં રાખવામાં આવી. જે નિમિત્તે તા. ૧૩–૭–૦૭ના રોજ સરનાર મુકામે "મેહફિલે સમાએ નઅત"નો શાનદાર પ્રોગ્રામ હઝરત સૈયદ સલીમબાપુ બેડીવાળા સાહબની સદારતમાં થયો જેમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ અલ્હાજ ક઼ારી રિઝવાન સાહબે ખૂબ જ દિલકશ અંદાઝમાં નઅતે પાકના ગુલદસ્તા પેશ કરી હાજરજનોનાં ઈમાન તાઝાં કરી દીધાં હતાં. વરસાદ થતાં પ્રોગ્રામ મસ્જિદમાં થયો હતો. ભરૂચ જિલ્લાના વિવિધ ગામોથી ઘણા આશિકાને મુસ્તફા વરસતા વરસાદમાં પણ આવી પહોંચ્યા હતા. પ્રોગ્રામ ખૂબ જ કામયાબ રહ્યો.

**પોરબંદર** : હાજી સિકંદર અબૂબકર ગીગાણી નૂરીની નેક પુત્રીના તા. ૨૯–૭–૦૭ના રોજ હાજી અ. મજીદ હસન મંધાઈના નેક પુત્ર મુહમ્મદ સાથે રાખવામાં આવ્યા. (મુબારકબાદ !)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**લેસ્ટર** : જનાબ હાફેઝ સલીમ દાઉદ મૂસા દયાદરાવાળાની નેક પુત્રી ફિરદોસના નિકાહ જનાબ હાફેઝ યાકૂબ ઉમરજી ચાંચવેલવાળા (બોલ્ટન)ના નેક ફરઝંદ મુહમ્મદ હનીફ સાથે તા. ૨૩–૬–૦૭ના રોજ રાખવામાં આવ્યા. (મુબારકબાદ !) *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ ઇંતેકાલ પુરમલાલ ! ★

**વલસાડ** : મુકામે હાજી જી.એ. શેખના પત્ની હજીયાણી મુમતાઝબાનુ તા. ૨૩–૬–૨૦૦૭ના રોજ અલ્લાહની રહમતે પહોંચી ગયાં છે.

અલ્લાહ તઆલા મહૂમાને જન્નતમાં આ'લા મકામ નસીબ કરે તથા કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**નબીપુર** : (તા. જિ. ભરૂચ) ખાતે હજીયાણી આયશા આદમ મૂસા કડુજી (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિકનાં નાની સાહેબા)નો ઈન્તેકાલ તા. ૬–૭–૨૦૦૭ જુમેરાતે ઈશા વખતે થયો જેમની દફનવિધિ જુમ્આના રોજ સવારમાં કરવામાં આવી. મૌલા તઆલા મર્હૂમાની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા ફર્માવે અને કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) મર્હૂમાના ઈસાલે સવાબ અર્થે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા (આમોદ)** તેમજ **મદરસા મઝાહેરુલ ઉલૂમ–દયાદરા**માં કુર્આન ખ્વાની કરવામાં આવી.

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**સખત ચેતવણી ! :** શાદી કે મૈયતનો રિપોર્ટ (કંકોતરી) કે ખબર મોકલનારા નોંધી લે કે શાદી કરનારાં બંને પાત્રો સુન્ની બરેલ્વી હોય, એમાંથી કોઈ એક પણ વહાબી દેવબંદી વગેરે બાતિલ ફિર્કાવાળાં ન હોય તથા મૈયત પણ સુન્ની બરેલ્વીનું હોય તો જ સમાચાર મોકલવા. કેમ કે વહાબી સાથે નિકાહ થતા નથી જેથી નિકાહ કરનાર મુબારકબાદીને પાત્ર નથી હોતો બલ્કે તે એવું કરીને પોતાની આખેરત તબાહ કરી રહેલ છે અને મૈયત જો બાતિલ ફિર્કાની છે તો તેના માટે જાણવા છતાં મગફેરતની દુઆ કરવી કરાવવી કુફ્ર છે. *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*